MARKET 4U (OPC) PVT. LTD.
જંગ-એ-ગુજરાત
અખબાર
સુરત ઓફિસ
૧૩/૯૬, બેઠી કોલોની, રિલાયન્સ મોલ સામે, ઉધના દરવાજા, સુરત.
કોલ કરીને જ આવવું
મો.નં. 7575006850

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર
SOCIAL MEDIA NEWS

● તંત્રી : ધનંજય ઝવેરી
● બ્યૂરો ચીફ : સમીર કંસારા ૯૦૯૯૦૩૯૫૪૨

વિ. સં. ૨૦૭૬ । બુધવાર । તા. ૦૧-૦૪-૨૦૨૦ । વર્ષ : ૧૬ । પાના : ૧૨

2 વિશ્વમાં કોરોનાના પોઝિટિવ આઠ લાખ થયા, ૩૭,૭૯૭ના મોત

3 અર્થતંત્રનું પુનરુત્થાન અસંભવ, રાહતો સારી છે, છતાં મોટી આફતો દુર નહીં કરી શકે

7 ઓહો.! ડિયર, લોકડાઉન થાય ક્લીયર તો અવાય નિયરબાકી અત્યારે તો લાગી રહ્યો છે નોવેલ કોરોનાનો ફીયર

11 રાજપીપળામાં કોરોનાના કહેર વચ્ચે લોકડાઉનનું ચુસ્ત પાલન કરતું પરીખ પરીવાર : ડિજિટલ બેસણું રાખ્યું

ગુજરાતમાં કોરોનાના વધુ બે કેસો પોઝીટીવ, કુલ સંખ્યા ૭૦ને પાર

૪ દર્દીઓ સાજા થઈને પોતાના ઘરે પહોંચ્યા, ૧૯ હજારથી વધુ લોકો કોરેન્ટાઈનમાં, અત્યાર સુધીમાં ૬.૧૫ કરોડ લોકોનો સર્વે કરવામાં આવ્યો..ઔડા વિસ્તારમાં બની રહેલા ફલેટોની ૪૮૫ જેટલી સાઈટના ૧૫૦૦ જેટલાં બેડરૂમ રિઝર્વ રાખવામાં આવ્યાં...

ગાંધીનગર

ગુજરાતમાં કોરોના કેસો અટકવાનું નામ ન લેતા હોય તેમ આજે પણ વધુ બે કેસો બહાર આવ્યાં છે. અમદાવાદ કોરોના મહામારીમાં ગુજરાતનુમ એપી સેન્ટર બની રહ્યું છે. અને જ્યાં વધુ કેસો નોંધાય તેની પાંચ કિ.મી.ની ત્રિજિયામાં કલ્સ્ટર શોધીને સઘન તપાસ ચાલી રહી છે

કોરોના વાઈરસના પગલે ચાલી રહેલા ૨૧ દિવસના લોકડાઉનમાં ગુજરાતમાં પણ તેના અમલની વચ્ચે આજે કોરોનાના વધુ બે કેસ પોઝીટીવ નોંધાતા ગુજરાતમાં હવે કોરોનાના કુલ કેસો વધીને ૭૩ પર પહોંચી ગયો છે. અને મૃત્યુઆંક ૬ પર છે. ૭૩માંથી સૌથી વધુ કેસો અમદાવાદમાં નોંધાતા અમદાવાદ શહેર આ રોગ માટેનું એપી સેન્ટર બની રહ્યું હોવાનું ચિત્ર ઉપસી રહ્યું છે. કેસો નોંધવાની વચ્ચે ૪ દર્દીઓ સાજા થઈને પોતાના ઘરે પહોંચ્યા હોવાના પણ રાહતસમાન અહેવાલ છે. તમ છતાં સરકારે લોકોને લોકડાઉનનો કડક અમલ કરવા આજે પણ વારંવાર ચેતવણી આપી હતી. એક રીતે જોઈએ તો ગુજરાતમાં રોજેરોજ કોરોનાના નવા નવા કેસો બહાર આવી રહ્યાં છે જે લોકલ ટ્રાન્સમિશન પ્રક્રિયાના છે. કોમ્યુનિટી સંક્રમણ નથી. જે એક પ્રકારે રાહતરૂપ કહી શકાય.

ગુજરાતમાં કોરોના મહામારીના કેસોની માહિતી આપવા માટે સરકાર દ્વારા નિયુક્ત આરોગ્ય સચિવ જયંતિ રવિએ આજે સવારે રૂટીન પત્રકાર પરિષદમાં કોરોના ની માહિતી આપતાં કહ્યું કે, લોકડાઉનની સ્થિતિ વચ્ચે રાજ્યમાં વધુ બે પોઝીટીવ કેસ નોંધાયા છે અને રાજ્યમાં કુલ ૭૩ પોઝીટીવ કેસ નોંધાયા છે. જે બે નવા કોરોનાના કેસ નોંધાયા છે. તે લોકલ ટ્રાન્સમિશનના છે. તેમાં એક અમદાવાદન ૫૫ વર્ષિય પુરુષનો છે. આ ઉપરાંત ગાંધીનગર-અમદાવાદ બોર્ડર પરના ખોરજની મહિલાનો રિપોર્ટ પણ છે. ૭૩ કેસમાં ૩૭ કેસ લોકલ ટ્રાન્સમિશનના છે જ્યારે ૩૨ કેસ વિદેશથી આવેલા અને ચાર કેસ આંતર રાજ્યથી આવેલા લોકોના છે. ગુજરાતમાં કોરોનાથી કુલ મૃત્યુઆંક છ છે અને બે લોકો વેન્ટીલેટર પર છે. જ્યારે અન્ય લોકોની તબિયત સ્થિર છે અને રાજ્યમાં પાંચ દર્દીઓને ડિસ્ચાર્જ કરાયા છે. રાજ્યભરમાં ૧૮ હજાર ૭૮ જેટલા લોકો હોમ ક્વોરેન્ટાઈનમાં છે. જ્યારે ૭૪૧ લોકો સરકારી કોરેન્ટાઈનમાં છે. આમ રાજ્યમાં કુલ ૧૯ હજારથી વધુ લોકો કોરેન્ટાઈનમાં છે.

તેમણે જણાવ્યું હતું કે, રાજ્યમાં. અત્યાર સુધીમાં ૬.૧૫ કરોડ લોકોનો સર્વે કરવામાં આવ્યો છે. ગુજરાતમાં જે કોરોના પોઝિટીવ કેસો નોંધાયો છે તેમાં ૩૨ વિદેશ, ૪ આંતરરાજ્ય, ૩૭ લોકલ ટ્રાન્સમિશન કેસ છે. જયંતિ રવિએ જણાવ્યું હતું કે, ગોત્રી હોસ્પિટલમાં આઈસોલેશન વોર્ડ તૈયાર કરવામાં આવશે, અને રાજ્યમાં કોરોનાની પરિસ્થિતિને જોતા વધુ ૧૦ લાખ ત્રિપલ લેયર માસ્કનો સ્ટોક તૈયાર રાકવા પણ જણાવાયું છે.

તેમણે એક પ્રશ્નના જવાબમાં કહ્યું કે,અમદાવાદમાં મેમનગરના ૩૮ વર્ષના અમેરિકાથી આવેલા યુવાનને એસવીપી હોસ્પિટલમાં દાખલ કરાયા છે, જ્યાં સેમ્પલ ટેસ્ટ કરતાં કોરોના પોઝીટિવ હોવાનું જણાતા કુલ કેસ વધીને ૨૩ થયા છે. જોકે આજે સારા ચિહન બે છે આજે એક પણ મૃત્યુ નોંધાયું નથી અને ૬૦ વર્ષથી ઉપરના સિનિયર સિટીઝન બે દર્દીઓ સાજા થતાં તેમને એસવીપી હોસ્પિટલમાંથી

અનુ. પાના નં. ૬ પર

મધ્યપ્રદેશમાં ૧૯, મહારાષ્ટ્ર-યુપીમાં ૫-૫ અને રાજસ્થાનમાં ૪ સંક્રમિત, હાલ કોમ્યુનિટી નહી

દેશમાં ૧૪૨૪ કેસ, ૩૯ મોત, કેન્દ્રએ કહ્યું, સહયોગ કરો નહીં તો બધું બાતલ જશે

ન્યુ દિલ્હી

ભારતમાં કોરોના વાઈરસ સામેની લડાઈમાં દેશવ્યાપી ૨૧ દિવસના લોકડાઉનમાં આજે સાતમા દિવસે પણ આ મહામારીના નવા પોઝીટીવ કેસો નોંધાયા છે. દિલ્હીના નિઝામુદિન વિસ્તારના એક ધાર્મિક કાર્યક્રમમાં વર્તમાન મહામારીની વચ્ચે મોટી સંખ્યામાં લોકોની હાજરીને લઈને અને તેના કારણે કોરોનાના કેસો વધવાની શક્યતા સાથે અલગથી વિવાદ અને રાજકારણ શરૂ થયું છે. દરમ્યાનમાં, અલગ અલગ રાજ્યોના મળીને અત્યાર સુધીમાં કુલ ૧૪૧૯ કેસ નોંધાયા છે અને કોરોનાને કારણે મરનારાઓની સંખ્યા ૪૧ પર પહોંચી ગઈ છે. આજે મધ્યપ્રદેશમાં ૧૯, મહારાષ્ટ્ર-યુપીમાં ૫-૫ અને રાજસ્થાનમાં ૪ અને ગુજરાતમાં ૨ નવા સંક્રમિત કેસો બહાર આવ્યાં હતા. ખાસ કરીને દિલ્હીમાં નિઝામુદ્દીન વિસ્તારમાં તબલગી સમુદાયના એક ધાર્મિક કાર્યક્રમમાં એકત્ર થયેલા અંદાજે બે હજાર લોકોમાંથી સંખ્યાબંધ કોરોનાના શિકાર બની શકે તેમ છે. આ કાર્યક્રમાં ભાગ લઈને પોતાના ઘરે જનારાઓ પૈકી ૧૦ના મોત થયા છે. ૪૦૦થી ૫૦૦ જણાંને હોસ્પિટલમાં દાખલ કરાયા છે. તેમાંથી ૨૦૦ લોકોને કોરોના પોઝિટીવની આશંકા વચ્ચે આ કાર્યક્રમાં ભાગ લઈને જેઓ પોતપોતાના રાજ્યોમાં ગયા એ રાજ્યોના માથે વધ્યો ખતરો વધવાની શક્યતા છે. કોરોના મહામારી વચ્ચે આ કાર્યક્રમની મંજૂરીને લઈને વિવાદ શરૂ થયો છે.

સૂત્રોએ કહ્યું કે, મંગળવાર સવારે એક મહિલા અને એક વૃદ્ધનું મોત થયું છે. કેરળના તિરુવનંતપુરમમાં કોરોના પોઝિટિવ ૬૮ વર્ષીય વ્યક્તિનું મોત થયું છે. મેડિકલ કોલેજના અધિકારીના જણાવ્યા પ્રમાણે, તેમની કિડની ફેઈલ થઈ ચુકી હતી. કોરોના વાઈરસ સંક્રમણના સોમવારે સૌથી વધારે ૨૦૮ કેસ સામે આવ્યા હતા. આ પહેલા ૨૭ માર્ચે ૧૫૧ કેસ સામે આવ્યા હતા. સોમવારે મહારાષ્ટ્રમાં ૩૫ અને કેરળમાં ૩૨ દર્દી મળ્યા હતા. આ ઉપરાંત દિલ્હીમાં ૨૫, ઉત્તરપ્રદેશમાં ૨૪,ચંદીગઢમાં ૫. પંજાબમાં ૩, આંધ્રપ્રદેશમાં ૨, છત્તીસગઢ, પશ્ચિમબંગાળ, હરિયાણા અને આંદામાન-નિકોબારમાં ૧-૧ રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. હવે કુલ સંક્રમિતોની સંખ્યા ૧,૪૦૧ થઈ ગઈ છે. આ આંકડા સરકારી વેબ પરના છે. સરકારના આંકડામાં

અનુ. પાના નં. ૬ પર

MARKET 4U ફ્રેન્ચાઈઝી નિમવાના છે

MARKET4U (રજી.) કંપનીને પોતાના જાહેરાત, મેરેજ, લગ્ન www.connectindians.inના ઓન-લાઈન પ્લેટફોર્મની સેવાઓ માટે ગુજરાતના તમામ જિલ્લા, શહેર અને તાલુકા લેવલે જરૂરિયાત મુજબ (રૂપિયા ૫૫૦૦/- કે તેના ગુણાંકમાં) મૂડી રોકાણ કરી ગ્રાહકોને સેવા આપી શકે તેવા

ફ્રેન્ચાઈઝી

તાત્કાલિક વહેલા તે પહેલાના ધોરણે નિમવાના છે. ઈચ્છા ધરાવતી વ્યક્તિઓ સંપર્ક કરે.
(નફાનું ધોરણ ટર્ન ઓવરના ૪% રહેશે. કંપની જાહેરાત પોતે કરી આપશે.)

સ્કીમ : ફ્રેન્ચાઈઝી બની એક સાથે ૩૦ જોઈનિંગ પીન ખરીનાર પહેલા ૧૦,૦૦૦ ફ્રેન્ચાઈઝી વચ્ચે ડ્રો થશે જેમાં
પહેલું ઇનામ : રૂપિયા એક કરોડ (૧ વ્યક્તિ ને)
બીજું ઇનામ : રૂપિયા એક લાખ (૫ વ્યક્તિ ને)
ત્રીજું ઇનામ : રૂપિયા ૫૦ હજાર (૨૫ વ્યક્તિને) આપવામાં આવશે.

શરતો

૧. ડ્રો ૧૦,૦૦૦ ફ્રેન્ચાઈઝી પુરા થયે જ કરવામાં આવશે
૨. ડ્રો ની રકમ માંથી સરકારી TDS ૫% કાપવામાં આવશે.
૩. ડ્રો જાહેરમાં ફંકશન યોજી કોમ્પ્યુટરાઈઝડ સિસ્ટમ થી કરવામાં આવશે.
૪. ડ્રો ની રકમ ની ચુકવણી NEFT થીજ કરવામાં આવશે.
૫. ડ્રો નો એડમીન ચાર્જ ૨% ડ્રો ની રકમ માં થી અલગ થી કમાશે
૬. આ ડ્રો બાબતે કંપની લેખિત માં લખાણ કરી આપશે જે પિન ખરીદીના ૧૫ દિવસમાં ફ્રેન્ચાઈઝીના નોંધાયેલ એડ્રેસ પર આરપીએડી થી મોકલશે
૭. ફ્રેન્ચાઈઝી બનવા પહેલા મેમ્બર બનવું ફરજીયાત છે જે માટે નિયત રકમ એડવાન્સ ભરવાની રહેશે.
૮. પિન મેમ્બરના વોલેટમાં મળશે. જેના પર પીનદીઠ કમિશન રૂપિયા ૨૫ અલગ થી વોલેટમાં જમા થશે.
૯. મેમ્બર અથવા ફ્રેન્ચાઈઝી બનવા સંપર્ક કરો 9978406257
૧૦. ફ્રેન્ચાઈઝી પીન કંપની પાસેથી ખરીદી હશે તેજ વ્યક્તિ ડ્રોમાં ભાગીદાર ગણાશે. માટે ડ્રોમાં ભાગ લેનારે કંપની પાસેથીજ પીન ખરીદવી ફરજીયાત રહેશે.
૧૧. ફ્રેન્ચાઈઝી એક આઈડી પર એકજ વખત આ સ્કીમનો લાભ લઈ શકશે બીજી વાર લાભ લેવા અલગથી મેમ્બર બની ત્યારબાદ ૩૦ પિન સામટી લઈ લાભ લઈ શકાશે.

9978406257 Whats-App Time 10 am to 5 pm

આજની પરિસ્થિમાં આપની આવક વધારવા અને આપની તંદુરસ્તી માટે નીચેની લિંક ખોલી જુઓ

સામાન્ય માણસ જ્યારે કોરોનાની મહામારી અને મંદીનો સામનો કરી રહ્યું છે ત્યારે ૧૬ વર્ષ જુના જંગ એ ગુજરાત અખબાર ગ્રુપનું નવું નજરાણું

MARKET4U(OPC) PRIVATE LIMITED

જેમાં જુદા જુદા બે પ્લેટફોર્મ ની લિંક અત્રે પ્રસ્તુત છે જે લિંક ખોલી આપ વિગત સમજી શકશો ન સમજાય તો અમારા 9904733000 અને 9978406257 પર કોલ કરી શકો છો.

www.market4u.in

જ્યાં આપ પોતાની જાહેરાત અને જરૂરિયાં માત્ર રૂપિયા ૫૫૦/- માં ૬ મહિના સુધી કરી ખૂબ પ્રસિદ્ધિ કરી કમાઈ શકશો

www.connectindians.in

જ્યાં આપ જોડાયબદ અન્યને market4u ની વિગત સમજાવી અન્ય ને જોડશો તો મહેનત મુજબ ખુબ કમાઈ શકશો તદુપરાંત અમે લાવ્યા છીયે આપના સ્વસ્થ્ય માટે જરૂરી નેગેટિવ આયન્સ રિસ્ટબેન્ડ જે આપને માટે હાલના સમયમાં ખુબજ જરૂરી છે નેગેટિવ આયન એટલે શું? શામાટે આપણા સ્વસ્થ જીવન માટે જરૂરી છે? ક્યાંથી મેળવી શકશો આપ?

9978406257

http://www.jungegujarat.in/negative-ion/

આજથી દસ બેંક થશે મર્જર, સરકારી બેંકોની સંખ્યા ઘટીને ૧૨ થશે

ન્યુ દિલ્હી

૧ એપ્રિલથી દસ બેંકના મર્જરના કારણે સરકારી બેંકની સંખ્યા ઘટીને ૪ થશે. તેની સાથે જ ભારતમાં કુલ સરકારી બેંકોની સંખ્યા ઘટીને ૧૨ થઈ જશે. આ બેંકોને ૫૫,૨૫૦ કરોડ રૂપિયા આપવામાં આવશે. તેમાંથી એકલી પંજાબ નેશનલ બેંકને ૧૬,૦૦૦ કરોડ રૂપિયા મળશે. તો ચાલો જાણીએ કઈ બેંકનું કોનામાં મર્જર થશે અને તેના પગલે તમારી પર શું અસર થશે તે અંગે વિગતે.

ઓરિએન્ટ બેંક ઓફ કોમર્સ અને યુનાઈટેડ બેંક ઓફ ઈન્ડિયાનું પંજાબ નેશનલ બેંકમાં મર્જર થશે. મર્જર બાદ તે ૧૭.૯૫ લાખ કરોડના વેપાર અને ૧૧,૪૩૭ શાખાઓની સાથે દેશની બીજી સૌથી મોટી બેંક બની જશે.

કેનેરા બેંકનું સિન્ડિકેટ બેંકમાં મર્જર: બંનેના મર્જર બાદ આ ચોથી સૌથી મોટી પબ્લિક સેકટરની બેંક બની જશે. તેની મૂડી ૧૫.૨૦ લાખ કરોડ રૂપિયા હશે. તેની દેશમાં ૧૦,૩૨૪ બ્રાન્ચ હશે.

યુનિયન બેંક ઓફ ઈન્ડિયા, આંધ્રા બેંક અને કોર્પોરેશન બેંક મળીને એક બેંક બનશે. તે ભારતની પાંચમી સૌથી મોટી સરકારી ક્ષેત્રની બેંક હશે જેનો કારોબાર ૧૪.૫૯ લાખ કરોડ રૂપિયા હશે અને તેની ૯૬૦૯ બ્રાન્ચ

અનુ. પાના નં. ૬ પર

Negative ion Bracelet

Positive ions are absorbed into the body from cell phones, wireless technology, electrical devices and pollution on a daily basis, causing severe damage on a cellular level. Positive ions are said to interfere with our natural balance and can lead to tiredness, lack of concentration and muscle fatigue.



MRP 1499/-

નેગેટીવ ion બ્રેસલેટ

પોઝિટિવ IONS સેલ ફોન્સ, વાયરલેસ ટેકનોલોજી, ઇલેક્ટ્રિકલ ડિવાઇસીસ અને દૈનિક ધોરણે ઉપયોગ પ્રદૂષણથી આપણા શરીરમાં સમાઈ જાય છે, જેનાથી આપણા બેલન્સને ભારે નુકસાન થાય છે. સકારાત્મક આયન આપણા કુદરતી સંતુલનમાં દખલ ઉભી કરે છે અને તે થાક, એકાગ્રતા અને સ્નાયુઓને જકડાવી થાક તરફ દોરી શકે છે.જેનાથી બચવા નેગેટિવ આયર્ન બેલ્ટ આ સમસ્યા નિવારી આરોગ્ય સુધારે છે

ફ્રી



નેગેટીવ ion બ્રેસલેટ ઓનલાઈન અને અન્ય કંપનીમાં ૫૦૦૦/-થી વધારે કિંમતમાં મળે છે
જ્યારે અહી ફક્ત રૂા. ૧૪૯૯/-માં મળશે. (હોમ ડિલીવરી)
સાથે મોબાઇલ એન્ટીરેડીએશન ચીપ તદ્દન મફત

ડિલરશીપ મેળવવા માટે સંપર્ક કરો
Market4u
9978406257

Payment : 9825318225 paytm, phone pe, gpay કરી પેમેન્ટનો ફોટો તથા આપનું પિનકોડ સાથેનું પૂરું સરનામું 9978406257 પર વોટ્સઅપ કરો.
બેંક ખાતામાં પણ પેમેન્ટ કરી શકો છો : Dhananjay u. Zaveri - Ac No. 10373843634,
State Bank of India, Ifsc code SBIN0009164, Pritam nagar Branch Bharuch 392002



નવી દિલ્હીમાં, કોરોનાવાયરસ રોગચાળાને પગલે લાદવામાં આવેલા દેશવ્યાપી લોકડાઉન દરમિયાન બેઘર લોકો સલામત અંતરે બેઠેલા આરામ કરે છે.

વિશ્વમાં કોરોનાના પોઝિટિવ આઠ લાખ થયા, ૩૭,૭૯૭ના મોત

ન્યુ દિલ્હી

કોરોના વાઈરસના વિશ્વભરમાં સાત લાખ ૮૫ હજાર ૭૭૭ કેસ નોંધાઈ ચૂક્યા છે. મૃત્યુઆંક ૩૭ હજાર ૮૧૫ થયો છે. અત્યાર સુધીમાં ૧ લાખ ૬૫ હજાર ૬૦૭ લોકોને સારવાર બાદ હોસ્પિટલમાંથી રજા અપાઈ છે. અમેરિકામાં એક લાખ ૬૪ હજાર ૨૫૩ પોઝિટિવ કેસ નોંધાયા છે, જ્યાર મૃત્યુઆંક ૩૧૬૫ થયો છે. ઈટાલીમાં કોરોનાનો કહેર યથાવત છે અહીં પોઝિટિવ કેસ એક લાખ એક હજાર ૭૩૯ થઈ ગયો છે અને મૃત્યુઆંક ૧૧૫૯૧ થયો છે. નોંધનીય છે કે, ઈઝરાયલના વડાપ્રધાન નેતન્યાહૂનો તપાસ રિપોર્ટ નેગેટિવ આવ્યો છે , એક સહયોગીનો રિપોર્ટ પોઝિટિવ આવતા સેલ્ફ આઈસોલેટ થયા છે.

અમેરિકાના પનામામાં સરકારે જેન્ટરના આધારે ક્વોરન્ટીનની જાહેરાત કરી છે. આ આદેશમાં કહેવામાં આવ્યું છે કે મહિલાઓ સોમવાર, બુધવાર અને શુક્રવારે બે કલાક ઘરની બહાર નિકળી શકશે. પુરુષો મંગળવાર, ગુરુવાર અને શનિવારે ઘરની બહાર નિકળી શકશે. રવીવારે કોઈને પણ ઘરની બહાર નિકળવાની પરવાનગી આપવામાં આવી નથી.

એક રિપોર્ટ મુજબ પનામામાં ૧૦૭૫ પોઝિટિવ કેસ છે. જ્યારે અહીં ૨૭ લોકોએ જીવ ગુમાવ્યો છે. અહીં એક સપ્તાહથી લોકડાઉન છે જે આગામી ૧૫ દિવસ ચાલું રહેશે. સાથે લોકોને સોશિલ ડિસ્ટેસિંગનું પાલન કરવાનું કહેવામાં આવ્યું છે.

વોશિંગ્ટનમાં લોકોને ઘરમાં રહેવાનો આદેશ કરવામાં આવ્યો છે. તેનો ભંગ કરનારને રૂ. ૩.૭૦ લાખ (પાંચ હજાર ડોલર)નો દંડ અથવા ૯૦ દિવસની જેલ અથવા બન્ને સજા ફટકારવામાં આવશે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે સોમવારે કહ્યું હતું કે બીજા અન્ય દેશની સરખામણીમાં અહીં ૧૦ લાખ લોકોનો રિપોર્ટ કરવામાં આવ્યો છે. અમેરિકાના આરોગ્ય મંત્રી એલેક્સ અજારે કહ્યું કે અમે દરરોજ એક લાખ સેમ્પલની તપાસ કરી રહ્યા છીએ.

કોલંબિયા જિલ્લાના મેયર મુરિયલ બોસરે સોમવારે ટ્વિટ કર્યું કે કોરોના વાઈરસના કેસમાં વધારો થઈ રહ્યો છે. આ કારણે હું કોલંબિયા જિલ્લામાં લોકોને ઘરમાં રહેવાનો આદેશ આપું છું. લોકોને જરૂરી કામ હોસ્પિટલ જવું હોય, ભોજન માટે, જરુરી વસ્તુઓ માટે જ ઘરમાંથી બહાર નિકળવાની સલાહ આપવામાં આવી છે. વોશિંગ્ટનના આસપાસના રાજયો વર્જિનિયા અને મેરીલેન્ડમાં એક દિવસ પહેલાજ આ પ્રકારનો આદેશ બહાર પાડવામાં આવ્યો છે.

પાકિસ્તાનમાં કોરોના મહામારીનું સંક્રમણ સતત વધી રહ્યું છે, અહીં પોઝિટિવ કેસની સંખ્યા ૧૮૪૮ થઈ ગઈ છે. અહીં ૨૩ લોકોએ જીવ ગુમાવ્યો છે. અહીં એક દિવસમાં સાત લોકોએ જીવ ગુમાવ્યો છે. પાકિસ્તાનનો પંજાબ વિસ્તાર સૌથી વધારે અસરગ્રસ્ત છે. અહીં ૬૫૧ કેસ અને નવ મોત થયા છે. સિંધમાં ૬૨૭ પોઝિટિવ કેસ અને છ લોકોના મોત થયા છે. બલૂચિસ્તાનમાં ૧૫૪ કેસ અન એક મોત થયું છે. ઈસ્લામાબાદમાં ૫૨ કેસ નોંધાયા છે.

કોરોના વાઈરસની મહામારીથી ઈટાલીમાં ગંભીર સંકટ ઊભુ થયું છે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે સોમવારે કહ્યું હતું કે મેં ઈટાલીના પ્રધાનમંત્રી સાથે વાત કરી છે. અમારી પાસે જે વધારાનો મેડીકલ સામાન છે અને જેની આપણને જરૂર નથી તે ઈટાલી મોકલવામાં આવશે, જેની કિંમત ૧૦ કરોડ ડોલર છે. ટ્રમ્પે કહ્યું ચીન અને રશિયા પણ અમેરિકાને જરૂરી મેડીકલ સામાન મોકલી રહ્યા છે. ઈટાલીમાં કોરોનાથી ૧૧૫૯૧ લોકોના મોત થયા છે અને એક લાખથી વધારે પોઝિટિવ કેસ છે.

ઈટાલીમાં પોઝિટિવ કેસની સંખ્યા એક લાખ એક હજાર ૭૩૯ થઈ ગઈ છે. જ્યારે અત્યાર સુધીમાં ૧૧૫૯૧ લોકોએ જીવ ગુમાવ્યો છે. ઈટાલીમાં દરરોજ સરેરાશ ૬૦૦ લોકો જીવ ગુમાવે છે. ઈટાલીમાં લોકડાઉનના સમયગાળાને વધારી દેવામાં આવ્યો છે. સંક્રમણના દરમાં ઘટાડો થવાની આશા સેવાઈ રહી છે. સોમવારે અહીં ૧૬૪૮ કેસ પોઝિટિવ નોંધાયા છે. જ્યારે રવીવારે અહીં ૩૮૧૫ કેસ નોંધાયા હતા. ઈટાલી કોરોના વાઈરસમાં સૌથી વધારે પ્રભાવિત દેશ છે. અહીં ૨૧ ફેબ્રુઆરીના રોજ પ્રથમ કેસ સામે આવ્યો હતો.

મોતની બાબતમાં ઈટાલી પછી સ્પેન પ્રભાવિત દેશમાં બીજા નંબરે આવે છે . પોઝિટિવ કેસની સંખ્યાની વાત કરીએ તો સ્પેનમાં ૮૭૯૫૬ થઈ છે, જ્યારે ચીનમાં ૮૧૫૧૮ કેસ નોંધાયા છે. સ્પેનમાં મૃત્યુઆંક ૭૭૧૬ થયો છે, જ્યારે ચીનમાં ૩૩૦૫ લોકોએ જીવ ગુમાવ્યા છે.

કોવિડ-૧૯ લોકડાઉનઃ માર્ચ-એપ્રિલમાં ખાદ્યતેલની માગમાં ઘટાડની શક્યતા

ન્યુ દિલ્હી

દેશમાં પ્રસરેલા કોવિડ-૧૯ રોગચાળાને નિયંત્રણમાં રાખવા માટે સરકારે જાહેર કરેવા રાષ્ટ્રવ્યાપી લોકડાઉનને કારણે માર્ચ-એપ્રિલ દરમિયાન હોટલો અને રેસ્ટોરન્ટો બંધ હોવાને કારણે ખાદ્યતેલની માગમાં ઘટાડો થવાની શક્યતા ઔદ્યોગિક સંગઠને વ્યક્ત કરી છે. નોંધનીય બાબત ઓએ છે કે દેશની વર્ષે કુલ ૨૩૦ લાખ ટન ખાદ્યતેલની માગમાં ૪૦ ટકાનો વપરાશ રેસ્ટોરન્ટ અને કેફેટેરિયાનો હોય છે.

હાલમાં ખાદ્યતેલની આયાત અને પ્રોસેસિંગ પ્રવૃત્તિઓ મંદ પડી છે, પરંતુ દેશમાં સ્થાનિક માગ સંતોષી શકે એટલો પૂરતી માત્રામાં સ્ટોક હોવાનું સોલ્વન્ટ એક્સ્ટ્રેક્ટર્સ એસોસિયેશનનાં એક્ઝિક્યુટિવ ડિરેક્ટર બી વી મહેતાએ જણાવ્યું હતું. આપણા દેશમાં ખાદ્યતેલનો માસિક વપરાશ ૧૮થી ૧૯ લાખ ટનનો છે અને રાષ્ટ્રવ્યાપી લોકડાઉનને કારણે હોટેલ્સ, રેસ્ટોરન્ટ્સ અને કેફેટેરિયાની માગમાં ચોક્કસપણે ઘટાડો થયો હોવાનું તેમણે ઉમેર્યું હતું.

જોકે, માગમાં કેટલી માત્રામાં ઘટાડો થશે એ અંગે અંદાજ મૂકવો મુશ્કેલ હોવાનું જણાવતાં તેમણે કહ્યું હતું કે રેસ્ટોરન્ટની માગમાં ઘટાડો થવાની સાથે લોકડાઉનના સમયગાળામાં ઘરગથ્થુ વપરાશી માગમાં વધારો થવાની શક્યતા પણ નકારી ન શકાય. વધુમાં તેમણે ઉમેર્યું હતું કે આ સમયગાળામાં ખાદ્ય અને અખાદ્યતેલ મળીને કુલ વનસ્પતિ તેલની આયાતમાં પણ ઘટાડો થવાની શક્યતા છે તેમ છતાં પુરવઠા બાબતે ચિંતા નથી. આપણી પાસે આયાતી તેલનો પૂરતો સ્ટોક હોવા ઉપરાંત સ્થાનિકમાં રાયડા તેલનું ઉત્પાદન થઈ રહ્યું છે. રાજસ્થાન અને મધ્ય પ્રદેશ ખાતે રાયડાની લણણી થઈ રહી છે. તેમ જ મિલો દ્વારા પ્રોસેસિંગ પણ થઈ રહ્યું છે.

તબલીગી જમાત સંલગ્ન ઈન્ડોનેશિયાના ૮૦૦ લોકો થશે બ્લેકલિસ્ટ

ન્યુ દિલ્હી

કેન્દ્રીય ગૃહ મંત્રાલયે તબલીગી જમાત સંલગ્ન ઈન્ડોનેશિયાના લગભગ ૮૦૦ લોકોને બ્લેકલિસ્ટ કરવાનો નિર્ણય લીધો છે. સૂત્રોના જણાવ્યાં મુજબ વિઝા નિયમોના ભંગ બદલ તેમને બ્લેકલિસ્ટ કરવામાં આવશે. આ સાથે જ અન્ય લગભગ ૨૫૦ વિદેશીઓને બ્લેકલિસ્ટ કરવાની સાથે તેમના વિઝા પણ રદ કરવામાં આવશે. આ તમામ દક્ષિણ દિલ્હી સ્થિત નિઝામુદ્દીન વિસ્તારમાં હાલમાં જ આયોજિત એક ધાર્મિક કાર્યક્રમમાં ભાગ લેવા માટે આવ્યાં હતાં. તેમાંથી અનેક લોકો કોરોના વાયરસથી સંક્રમિત થયા અને ત્યારબાદ તેમણે બીજાના જીવ પણ જોખમમાં મૂક્યાં.

એટલું જ નહીં તબલીગી જમાતના કાર્યક્રમમાં દેશના પાંચ રાજ્યોમાંથી મોટી સંખ્યામાં લોકો સામેલ થયા હતાં. તપાસ એજન્સીઓને શક છે કે કાશ્મીરમાં ૬૫ વર્ષના જે વ્યક્તિનું કોરોનાથી મોત થયું તેઓ પણ તબલીગી જમાતના કાર્યક્રમમાં સામેલ થયા હતા. જમ્મુ અને કાશ્મીર, તેલંગણા, ઉત્તર પ્રદેશ, તામિલનાડુ અને દિલ્હીના લોકો સામેલ થયા હતાં. આ તમામ દ્વારા કોરોના વાયરસ ફેલાવવાનો મોટો ખતરો છે. તામિલનાડુથી ૧૫૦૦ લોકો સામેલ થયા હતાં. લગભગ ૨૦૦ લોકો તેલંગાણા અને કાશ્મીરથી પણ અનેક લોકો સામેલ થયા હતાં.

વોટ્સએપ સ્ટેટસ પર હવે નહીં મુકી શકાય ૩૦ સેકન્ડનો વિડિયો



ન્યુ દિલ્હી

વોટસએપનું સ્ટેટસ ફીચર એ ભારતમાં ઉપયોગમાં લેવાનું સૌથી લોકપ્રિય ફીચર પૈકીનું એક છે. હવે આ ફીચરમાં મોટો ફેરફાર થયો છે. વોટ્સએપ યૂઝર્સ હવે પોતાના સ્ટેટસમાં માત્ર ૧૫ સેકન્ડનો વીડિયો જ મૂકી શકશે. પહેલા વોટ્સએપ સ્ટેટસમાં ૩૦ સેકન્ડનો વીડિયો મૂકી શકાતો હતો. માનવામાં આવી રહ્યું છે કે વોટ્સએપે આ પગલું ઈન્ટરનેટ સર્વર પર ભાર ઓછો કરવા માટે ઉઠાવ્યું છે.

કોરોના વાયરસના સંક્રમણને રોકવા માટે સમગ્ર દેશમાં ૨૧ દિવસનું લોકડાઉન ચાલી રહ્યું છે, એવામાં ડેટાનો ઉપયોગ વધી ગયો છે અને સર્વર પર ભાર પડી રહ્યો છે.

WABetainfoએ એ વાતની જાણકારી આપતાં જણાવ્યું કે વોટ્સએપ સ્ટેટસમાં હવે ૧૫ સેકન્ડથી લાંબા વીડિયો નહીં શેર કરી શકાય. તેનો ઉદ્દેશ્ય સર્વર ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર ટ્રાફિક ઓછો કરવાનો છે. ભારતીય યૂઝર્સ વોટ્સએફ સ્ટેટસનો ઉપયોગ અન્ય ફીચર્સથી વધુ કરે છે. જોકે, આ ફીટર સીમિત સમય માટે જ લાવવામાં આવ્યું છે. કોરોના વાઈરસની પરેશાની દૂર થતાં કંપની ફરી વખત વિડિયો ટાઈમ લિમિટ વધારી દેશે.


પોલીસની અનોખી પહેલ, 'હું કોરોના કિલર છું' યોજી એન્ડ્રોઈડ સ્પર્ધા

ભિલોડા

સ્માર્ટ ફોન અને ડિજિટલ યુગના જમાનામાં સાબરકાંઠા જિલ્લા પોલીસ દ્વારા લોકડાઉન દરમિયાન લોકો ઘરમાં રહે અને સુરક્ષિત રહે તે હેતુથી મનોરંજન અને ફિટનેસ પ્રતિયોગીતા બનાવી છે ૨૧ દિવસ દરમિયાન ઘરની બહાર ન નીકળે તે માટે બાળકો તેમજ યુવાનો મહિલાઓ માટે 'હું કોરોના કિલર છું' નામની પ્રતિયોગિતા બનાવી છે જેમાં સ્માર્ટ ફોન યુઝર્સ સ્પર્ધામાં ભાગ લઈ ઈનામો જીતી શકે છે

હું કોરોના કિલર સ્પર્ધા અંગે એ.એસ.પી ડૉ.લવીના સિંહના જણાવ્યા અનુસાર જીલ્લા પોલીસવડા ચૈતન્ય માંડલિક સર ના માર્ગદર્શન હેઠળ આ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે.

હું કોરોના કિલર સ્પર્ધા ૨૧ દિવસ દરમિયાન લોકો પોતાના પરિવાર સાથે ઘરે બેઠા મનોરંજન મેળવે સાથે સુરક્ષિત રહે તે માટે આ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે આ પ્રતિયોગિતામાં દરેક ઉંમરના લોકો બાળકો યુવા અને વડીલ તમામ પોતાનામાં રહેલી આવડત હોશિયારી નો બે-ત્રણ મિનિટ નો વિડીયો બનાવી વોટસએપ નંબર ૬૩૫૯૬૨૬૮૯૧ પર મોકલી આપવાનો છે. હેન્ડીક્રાફ્ટ હેન્ડ, હેલ્પીંગ હેન્ડ , કિંગ અને ક્વીન કુકિંગ, નૃત્ય ,ગાયકી જેવી સ્પર્ધાઓ બાળકો માટે કોરોના જાગૃતિ માટેની ચિત્રસ્પર્ધા સાથે યોગ ચેલેન્જ અને ફિટનેસ ચેલેંજના રોજ ના વિડીયો બનાવી પોતાના વોટસએપ પરથી નામ સરનામાં સાથે મુકવાનો રહેશે આ સ્પર્ધામાં ભાગ લેનાર સ્પર્ધકોમાંથી ઉત્કૃષ્ટ વિડીયો મોકલનાર ત્રણ પુરૂષ તથા ત્રણ મહિલા વિજેતા અને પુરસ્કાર આપવામાં આવશે.



કરાડમાં કોરોનાવાયરસ રોગચાળાને પગલે લાદવામાં આવેલા દેશવ્યાપી લોકડાઉન દરમિયાન એક પોલીસ જવાને વાંદરાને ખવડાવ્યો હતો.

રતનપુર બોર્ડર પર શ્રમિકો ફસાયા, રાજસ્થાન પોલીસે જવા ન દેતા હાલત દયનીય

રતનપુર

ગુજરાતમાં કોરોના વાયરસનો ખતરો દિવસેને દિવસે વધી રહ્યો છે. ત્યારે ગુજરાતમાં રહેલા બીજા રાજયોના શ્રમજીવીઓએ પોતાના વતનની વાટ પકડી છે. ત્યારે આજે એક ગુજરાતી તરીકે તમામ લોકોને ગર્વ થાય તેવા એક સમાચાર મળી રહ્યા છે. આખા દેશમાં પીએમ મોદીએ કોરોના વાયરસના કારણે લોકડાઉન કર્યું છે. ત્યારે તમામ રાજયોની સરકારે પોતપોતાની બોર્ડર સીલ કરી દેવામાં આવી છે. ત્યારે આવી હાલતમાં બીજા રાજયોના શ્રમિકોની હાલત કફોડી બની છે.

ગુજરાત સહિત સમગ્ર દેશમાં ચાલી રહેલી વૈશ્વિક મહામારીની કંફોડી હાલતમાં મજબૂરીમાં પગપાળા વતન જનાર શ્રમિકોની હાલત પણ ખરાબ થઈ ગઈ છે. મજબૂરીમાં પગપાળા વતન જનારો શ્રમિકોની હાલત કફોડી બની ગઈ છે. રાજસ્થાન-ગુજરાત બંનેએ આશરો ન આપતા હાલ શ્રમિકોની હાલત રામભરોસે છે. આજે ૧૫૦૦ શ્રમિકોએ શામળાજી ચેકપોસ્ટ પર હલ્લાબોલ કર્યો હતો. વતન ગયેલા શ્રમિકોને રાજસ્થાન સરકાર શામળાજી મુકી ગઈ હતી. ત્યારે હવે અરવલ્લી કલેક્ટર, જીઁ,રેન્જ આઈજી સહિતે કાર્યવાહી હાથ ધરી છે.

ગુજરાતમાંથી રાજસ્થાનનાં ઉદેપુર સુધી પગપાળા જતા લોકોને રાજસ્થાન પોલીસ બોર્ડર પર પરત મુકી ગઇ છે. બન્ને રાજ્યો અને રાજ્ય સરકારની રણનીતિના કારણે હજારો લોકો અટવાયા છે. આ અંગે ગાંધીનગર આઇજી અને રાજસ્થાનના અધિકારીઓ વચ્ચે મંત્રણા પણ થઇ હતી તેમ છતાં કોઇ સમાધાન આવ્યું ન હતું. કેન્દ્ર સરકારની ગાઇડલાઇનનું કડકાઇપૂર્વક પાલન કરવા માટેનાં આદેશ છે. જેના કારણે રાજ્યોની બોર્ડર પર હાલ ઉત્તર પ્રદેશ, મધ્યપ્રદેશ અને રાજસ્થાનના લોકો અટવાયા છે. જોકે, આ સંવેદનશીલ મામલામાં આખરે ગુજરાત સરકારે આ લોકોને અરવલ્લીમાં રાખવાનો નિર્ણય લીધો છે. મળતી માહિતી પ્રમાણે આ લોકોને અરવલ્લીનાં જ શેલ્ટર હાઉસમાં જ રાખવામાં આવશે.

આ વિશે મળતી માહિતી પ્રમાણે, શામળાજી રતનપુર બોર્ડર પર મુસાફરોના જમાવડો આજે સવારે જોવા મળ્યો હતો. રાજસ્થાનથી ગુજરાત તરફ લગભગ ૧૫૦૦ પ્રવાસીઓને રાજસ્થાન વહીવટી તંત્ર દ્વારા લાવવાનો પ્રયાસ કરાયો હતો. લોકડાઉન અને બોર્ડર સિલના આદેશના કારણે ગુજરાત પોલીસે એક પણ પ્રવાસીને પ્રવેશવા પર ઈનકાર કર્યો હતો. એકાએક આટલા માણસો પરત કરી દેવાતા લોકો સાથે પોલીસ પણ અસમંજસમાં મુકાઇ છે. આ લોકોમાં મોટેભાગે ઉત્તર પ્રદેશ, મધ્યપ્રદેશ અને રાજસ્થાનના લોકો અટવાયા છે. જેથી તેમને પણ ખબર નથી પડતી કે તેઓ હવે ક્યાં જશે અને શું ખાશે.

થોડા દિવસથી સમાચાર મળી રહ્યાં હતા કે, શ્રમિક વર્ગ પોત પોતાના વતન જવા માટે ચાલતા નીકળી પડ્યા હતા. આમાંથી ઘણાં લોકો રાજસ્થાનમાંથી આવ્યાં હતાં જેથી તેઓએ પોતાના વતનની વાટ પકડી હતી. પરંતુ આ લોકોને રાજસ્થાન પોલીસ પરત ગુજરાત બોર્ડર પર મુકી જતા ભારે વિવાદ સર્જાયો છે.

જમાતના મરકજમાંથી આવેલા ૨૪ લોકો પોઝિટીવ, ૭૦૦ લોકોને કરાયા ક્વારેન્ટાઈન

ન્યુ દિલ્હી

દિલ્હીના નિઝામુદ્દીન સ્થિત તબલીગી જમાતના મરકજમાં હાજર ૨૪ લોકો અત્યારસુધીમાં કોરોના પોઝિટીવ મળ્યા છે. આ માહિતી દિલ્હીના સ્વાસ્થ્ય મંત્રી સંતેદર જૈને આપી છે. તેમણે કહ્યું કે અમને સચોટ આંકડો ખબર નથી. પરંતુ મરકજમાં ૧૫૦૦ થી ૧૭૦૦ લોકો એકઠા થયા હતા. અત્યાર સુધી ૧૦૩૩ લોકોને બહાર કાઢી ચૂક્યા છીએ.

સ્વાસ્થ્ય મંત્રી સતેંદર જૈને કહ્યું કે અત્યાર સુધી ૩૩૪ લોકોને હોસ્પિટલ મોકલવામાં આવ્યા છે. જ્યારે ૭૦૦ લોકોને ક્વોરનટાઈન સેન્ટર મોકલવામાં આવ્યા છે. મરકજ સેન્ટર પર ડોક્ટરની ટીમ એકઠી થયેલી છે. અને અત્યારે લોકોને બહાર કાઢવામાં આવી રહ્યાં છે. આ ઉપરાંત આસપાસના વિસ્તારોને પણ સેનેટાઈઝ કરવામાં આવી રહ્યાં છે.

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાયો વિસ્તૃત ભરૂચ - સુરતથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

અખબાર (સા.)

R.N.I. NO. GUJ.GUJ.2004/15636
Gujarat Govt.accrr.no WE0335001
ISO:9001-2015 : 1718Q27021115

13, Pritamnagar Society, No. 1, Kasak, Bharuch
Office : 9904733000, 9978406923
Surat Office : 7574888861
Email : jung_e_gujarat@yahoo.com
Web Site : www.jungejugarat.in

હાલની કપરી પરિસ્થિતિમાં અન્ન દાન એક શ્રેષ્ઠ દાન છે માટે હું ધનંજય ઝવેરી તંત્રી જંગ એ ગુજરાત અખબાર આપ સૌ ને અમારા તરફથી શરૂ થયેલ આ અન્નદાન ના મહાયજ્ઞ માં આપનો સહકાર જરૂરી છે તો સહભાગી બનવા વિનંતી

ફોનપે/ ગુગલપે નંબર ૯૮૨૫૩૧૮૨૨૫

Dhananjay U. Zaveri
Act No. 10373843634
State Bank of India
Ifsc code SBIN0009164
Pritam nagar Branch, Bharuch 392002

આપનો વિશ્વાસુ
(ધનંજય ઝવેરી)
તા એડ વંદન

Surat Office : 13/96, Bethi Colony, Khatodara, Udhna Darwaja, Surat.



ઉત્તર પ્રદેશમાં બસોને ડિસઈન્ફેકટ કરવાને બદલે મજૂરો પર જ દવાનો છંટકાવ કરી દેવાયોલોકોને જમીન પર બેસાડી ડિસઈન્ફેકટ કરાયા, કર્મચારીઓએ બસોને સેનિટાઇઝ કરવાને બદલે તેમાં સવારી કરનાર લોકોને જમીન પર બેસાડીને તેમના પર દવા છાંટી દીધી.

લોકડાઉનને કારણે પશ્ચિમ રેલવેને ૧૮૦ કરોડનો ફટકો

મુંબઈ

લોકડાઉનને કારણે પેસેન્જર ટ્રેન સહિત લાંબા અંતરની મેલ-એક્સ્પ્રેસ ટ્રેન રદ કરવાને કારણે પશ્ચિચમ રેલવેને ૧૮૦ કરોડ રૂપિયાનું નુકસાન થયું હતું, એવું પશ્ચિચમ રેલવેએ જણાવ્યું હતું.

૨૨ માર્ચ પહેલા ૭૮.૫૦ કરોડ રૂપિયાનું નુકસાન થયું હતુ, જ્યારે ૨૩થી ૨૯મી માર્ચ સુધીના સમયગાળા દરમિયાન ૧૦૦.૩ કરોડ રૂપિયાનું નુકસાન થયું છે. સબર્બન અને નોન-સબર્બન રેલવેની લોકલ તથા લાંબા અંતરની ટ્રેન રદ થવાને કારણે ૨૯મી માર્ચ સુધીમાં મુંબઈ ડિવિઝનમાં નવ લાખ જેટલી ટ્રેન રદ કરવામાં આવી હતી, જ્યારે ૨૯મી માર્ચ સુધીમાં ૬૨.૧૧ કરોડનું રિફંડ ચૂકવવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે ૨૩ માર્ચથી ભારતીય રેલવેએ તમામ મેલ-એક્સ્પ્રેસ સહિત પેસેન્જર ટ્રેનની સુવિધા બંધ કરી હતી.

બચ્ચનને પૂછ્યું-તમે ક્યારે આપશો દાન, શહેનશાહે સમજાવ્યો ગુપ્તદાનનો મહિમા

મુંબઈ

કોરોનાવાયરસના વધતા જતા કહેર વચ્ચે, અમિતાભ બચ્ચન સોશિયલ મીડિયા પર સતત એક્ટિવ રહે છે અને તેમના ફેન્સને તેનાથી બચવા માટે સતત સલાહ આપતા રહે છે. બિગ બી પણ સમાજને આ સંદર્ભે જાગૃત કરવા માટે પૂરી કોશિશ કરી રહ્યા છે. પરંતુ હાલ તેમણે સોશિયલ મીડિયા પર એક વારંવાર સાંભળીને તે પરેશાન થઈ ગયા છે. જોકે, સોશિયલ મીડિયા યૂજર્સ સતત તેમને સવાલ કરી રહ્યા છે કે તેમણે પણ કોરોનાને લઈને કોઈ આર્થિક યોગદાન આપ્યું છે.

જેની પર બિગ બીએ લાંબા સમય સુધી મૌન ધારણ કર્યું હતું, પરંતુ હવે સોશિયલ મીડિયા પર તેણે પોતાની જૂની તસવીર સાથે એક પોસ્ટ શેર કરી છે. જેમાં તેમણે એક કવિતા લખી છે. આ કવિતાની લાઇનો વાંચીને અનુમાન લગાવવામાં આવી રહ્યું છે કે બિગ બી એ ક્યાંક એવા લોકોને જવાબ આપ્યો છે જેમને આ કવિતા દ્વારા દાન અંગે સતત સવાલ કરવામાં આવે છે.

કવિતા દ્વારા અમિતાભ બચ્ચને લોકોને સમજાવવાનો પ્રયત્ન કર્યો છે કે સારા કાર્યોને વિશ્વની સામે ગાવાની જરૂર નથી. કારણ કે તેનો હેતુ એ છે કે જો તે જેની મદદ કરવા માંગે છે તે લોકો સુધી પહોંચે છે, તો તે ખુશ થાય છે.

અમિતાભ બચ્ચને ઈશારમાં જ ઘણું કહ્યું છે. ઉલ્લેખનીય છે કે તાજેતરમાં અક્ષય કુમારે ૨૫ કરોડ અને મ્યુઝિક કંપની ટી સીરીઝના ભૂષણ કુમારે પીએમ રિલીફ ફંડમાં ૧૧ કરોડ આપ્યા છે. ત્યારથી અમિતાભ બચ્ચન અને ત્રણે ખાન સુપરસ્ટારને સતત સવાલો પૂછવામાં આવે છે કે તે ક્યારે ઉદારતા બતાવશે. તેના જવાબમાં અમિતાભ બચ્ચને આ કવિતા શેર કરી છે.

અર્થતંત્રનું પુનરુત્થાન અસંભવ, રાહતો સારી છે, છતાં મોટી આફતો દુર નહીં કરી શકે

ન્યુ દિલ્હી

મોદી સરકારે તેના વચન મુજબ છેલ્લા કેટલાંક દિવસોમાં ગરીબ-સામાન્ય માણસોથી લઈ વેપાર ઉધોગ વર્ગ માટે આર્થિક રાહતની ચોકકસ જાહેરાત કરી. રિઝર્વ બેંકે પણ અપેક્ષા મુજબ વ્યકિતથી લઈ કંપનીઓ સુધી વિવિધ સ્વરૂપે રાહત આપી. આ રાહતથી સરકારનું કામ પુરું નહી થાય અને પ્રજાનું કે વેપાર-ઉધોગનું કામ પણ પુરું નહીં થાય. કારણ કે આપણો દેશ કોરોનાની લપેટમાં તો હજી બહુ આવ્યો નથી, કિંતુ મંદીની લપેટમાં બહુ ગંભીર સ્વરૂપે આવી રહયો છે. હવે આપણે એ દિશામાં જઈ રહયા છે ત્યાં કોરોના નહીં હોય તો પણ આર્થિક સમસ્યા આંખો ફાડીને સામે ઊભી હશે. વિશ્વ આખું મંદીના વિષચકમાં ફસાઈ ગયું છે. જયાંસુધી કોરોના છે ત્યાંસુધી કોઈપણ દેશની રાહત પુરી થવા લાગશે તો ય કોઈ સુધારો થશે નહીં, કારણ કે કોરોનાને કારણે આર્થિક પ્રવૃતિ અને સામાજીક વ્યવહારો સ્થગિત થઈ ગયા છે.

સરકારે અને રિઝર્વ બેંકે જે કંઈ રાહત જાહેર કરી છે તેમાં અંદાજિત ત્રણ મહિનાનો સમય આપ્યો હોવાથી એક તારણ એવું નીકળે છે કે કોરોના સર્જીત આફત ત્રણ મહિના તો પાકકી રહેવાની શકયતા છે. અલબત્ત, સરકારે અને રિઝર્વ બેંકે સમય-સંજોગ મુજબ વધુ રાહતની પણ તૈયારી બતાવી છે. આમ તો દરેક દેશો પોતાના અર્થતંત્રને ટેકો આપવા જંગી રાહત પેકેજ જાહેર કરતા રહયા છે, તેમછતાં વૈશ્વિક સંસ્થાઓના મતે વિશ્વ આખું મંદીની માંદગીમાં પ્રવેશી ગયું છે, જે સંભવત કોરોનાથી પણ વધુ ગંભીર બની શકે. આ ભયંકર અનિશ્ચિતતાના સંજોગોમાં અર્થતંત્ર અને બજારો કયારે, કઈ રીતે અને કેટલાં સુધરશે એ કોઈ કહી શકે એમ નથી, તેનો અંદાજ લગાવવો પણ કઠિન બની ગયું છે. અર્થતંત્ર હોય કે વેપારના બજારો કે પછી ઉધોગો , એ આર્થિક પરિબળો (ફંડામેન્ટલ્સ), સેન્ટીમેન્ટ (લોક માનસ) અને લિકવીડિટી (પ્રવાહિતા-પૈસાની છુટ) પર આધાર રાખતા હોય છે. જેના આધારે રોકાણ જગત કામ કરતું હોય છે. તેથી હાલમાં ઈન્વેસ્ટરોએ કેટલીક હકીકત સમજવી આવશ્યક છે.

પહેલી વાત, સમગ્ર દેશમાં લાંબું લોક ડાઉન ચાલી રહયું હોવાથી ઉત્પાદન પ્રવૃતિ અને વેપાર પ્રવૃતિ સાવ જ બંધ છે. અલબત્ત, આમાં કેટલીક આવશ્યક ચીજ-વસ્તુઓ અપવાદ છે. જો કે તેના આશરે અર્થતંત્ર ચાલી શકે નહીં. આ બંધી અને મંદીને કારણે નાણાંની હેરફેર નહિવત થઈ ગઈ છે. કરોડના હિસાબે નોકરી, ધંધા , સ્વરોજગાર, વગેરે અસર પામ્યા છે. આવી હાલતમાં વપરાશ કયાંથી અને કેટલો વધી શકે?, વપરાશની અછત હોય તો માગ કયાંથી અને કેટલી વધી શકે? મોટાભાગના વેપાર-ઉધોગ ધિરાણના બોજ હેઠળ છે. તેમને રિઝર્વ બેંકે ચોકકસ રાહત આપી ભલે, પરંતુ એ તો કામચલાઉ છે, જયારે કે તેમની સમસ્યા લાંબી, નાજુક અને ગહન છે. રિઝર્વ બેંકે ધિરાણ માટે નાણાં પુરવઠો-પ્રવાહિતા તો વધારી આપી , કિંતુ એ ધિરાણ લેવા કોણ , શા માટે આવશે ? કેટલીક રાહતથી અમુક વર્ગના હાથમાં નાણાં બચશે, કિંતુ તે વર્તમાન સંજોગોમાં ચોકકસ બાબતો સિવાય વપરાશે કયાં એ મોટો સવાલ છે.

એકતરફ અર્થતંત્ર સામે વપરાશ-માગની મંદી ચાલુ છે ત્યારે બીઝીતરફ કુડની કાઈસિસ ઊભી છે, સીધા વિદેશી રોકાણની વાત તો બાજુએ રહી, શેરબજારમાંથી વિદેશી રોકાણ સતત પાછું ખેંચાઈ રહયું છે. ડોલર સામે રૂપિયો નબળો પડી રહયો છે.રોજગારલક્ષી ગણાતા ઓટો અને ક્ધસ્ટ્રકશન જેવા સેકટરમાં દુકાળ જેવી હાલત છે. રોજિંદી આવક પર જીવતા મજુરો પોતાના ગામ તરફ વળી રહયા છે. કંપનીઓના બિઝનેસ કામકાજ થંભી ગયા હોવાથી કમસે કમ બે કવાર્ટર (બે ત્રિમાસિક ગાળા) ની કામગીરી નિરાશાજનક રહેવાની સંભાવના ઊંચી છે. આવામાં માર્કેટ કયાંથી ચાલી શકે? દેશનો વિકાસ દર નીચે રહેવાનું નિશ્ચિત છે. આર્થિક વેગ માટે કોરોનાનો લોક ડાઉન પત્યા બાદ વેપાર-ઉધોગને હજી રાહત જોઈશે.

આ સમયમાં રોકાણકારો બજારની વોલેટાઈલ (તોફાની વધઘટવાળી) ચાલને જોઈને કયારે ખરીદવું, કયારે વેચવું અને કેટલો સમય જાળવી રાખવું ? નાણાંનું રોકાણ કયાં -કેટલું કરવું ? જેવા સવાલો સાથે મુંઝવણમાં છે, જેના જવાબમાં અત્યારે તો એમ કહી શકાય કે બજાર પાસે મજબુત ફંડામેન્ટલ્સ તો છે જ નહીં. પ્રવાહિતા બહુ કામ નહીં કરે, કારણ કે બજારમાં ખરીદવાનો જુસ્સો આવી શકતો નથી. નબળાં અને નિરાશાજનક સેન્ટીમેન્ટને કારણે બજાર હજી ઘટી શકવાની શકયતાને લીધે નવી ખરીદીને વેગ મળી શકતો નથી. ગભરાટમાં વેચાણ થયા કરે છે. બાકી હાલ બજારનો સાદો ફંડા એ ચાલે છે કે વધે તો નફો બુક કરી લો અને ઘટે તો થોડું ખરીદી લો. બજાર પાસે બહુ આશા ન રાખો. અન્યથા બજારને લાંબો સમય આપી દો.

નોઈડાના ડીએમને સીએમ યોગીએ ધમકાવ્યા, કહ્યું- 'બકવાસ બંધ કરો'

ન્યુ દિલ્હી

ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથે સોમવારે ગૌતમ બુધ નગર જિલ્લા (નોઈડા) ના ડીએમને ઠપકો આપ્યો હતો. કોરોના ચેપ અને લોકડાઉન વચ્ચેના સ્થળાંતર અંગે ડીએમ સ્પષ્ટતા આપી હતી, ત્યારબાદ મુખ્ય પ્રધાને કહ્યું હતું કે, "બકવાસ બંધ કરો." તમે લોકોએ વાહિયાત વાતો કરીને વાતાવરણ બગાડ્યું છે. જવાબદારી સંભાળવાને બદલે, તમે એકબીજા પર જવાબદારી ટાળવાનો પ્રયત્ન કર્યો છે. '

ખરેખર, મુખ્ય પ્રધાન સાથે પ્રસાદ સનિક અધિકારીઓની બેઠક હતી. આજે એક અધિકારીએ જણાવ્યું છે કે ગૌતમ બુધ નગર જિલ્લામાં સોમવારે એક જ પરિવારના ૩ સભ્યો સહિત ૪ લોકોને કોરોનાવાયરસ ચેપ હોવાની પુષ્ટિ થઈ છે. આ સાથે અહીં કુલ ૩૬ કેસ નોંધાયા છે. આ જોઈને મુખ્યમંત્રી યોગીએ અધિકારીઓ પાસેથી જવાબો માંગ્યા. ત્યારબાદ અધિકારીઓ સંતોષકારક જવાબો આપી શક્યા નહીં અને મુખ્યમંત્રી રોષે ભરાયા. દરમિયાન ડીએ ત્રણ મહિનાની રજા માંગી હતી.

આ બેઠક સાથે સંબંધિત એક વીડિયો સામે આવ્યો છે, જેમાં મુખ્યમંત્રી યોગીએ અધિકારીઓને ઠપકો આપ્યો હતો. જયારે મુખ્યમંત્રીએ ડી.એમ. બી.એન.સિંહે કહ્યું - મારે નોઈડામાં કામ કરવાનું નથી. અમે દરરોજ ૧૮-૧૮ કલાક કામ કરી રહ્યા છીએ. હવે અમને રજા જોઈએ છે.

જહોન્સન એન્ડ જહોન્સને કોરોનાની રસી બનાવ્યાનો દાવો, જલદી ટ્રાયલ શરૂ કરશે

ન્યુ દિલ્હી

કોરોના વાયરસ સામે લડત લડવા માટે હવે દેશ દુનિયાની તમામ મોટી કંપનીઓ મેદાનમાં છે. જે કડીમાં આંતરરાષ્ટ્રીય કંપની જહોન્સન એન્ડ જહોન્સનનું નામ સામે આવ્યું છે. કંપનીએ દાવો કર્યો છે કે તેમના વૈજ્ઞાનિકોએ કોરોના વાયરસની રસી તૈયાર કરી દીધી છે. આ રસીની ટ્રાયલ જલદી શરૂ થઈ જશે તેવી આશા છે. જહોન્સન એન્ડ જહોન્સનનું કહેવું છે કે કંપનીએ બાયોમેડિકલ એડવાન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ અથોરિટી (મ્છઈઢછ)ની સાથે મળીને જાન્યુઆરી ૨૦૨૦થી કોરોના વાયરસની રસી શોધવાના કામે લાગી હતી. ઊંડા રિસર્ચ બાદ કંપનીએ આ જીવલેણ વાયરસ સામે લડવા માટે રસી તૈયાર કરી છે. કંપનીનું કહેવું છે કે જલદી ટ્રાયલ પૂરી થયા બાદ સમગ્ર દુનિયામાં એક બિલિયન રસી તૈયાર કરીને વિતરણ કરશે. વૈજ્ઞાનિકોનું કહેવું છે કે કોરોના વાયરસની રસી તૈયાર કરવામાં અમેરિકા, ઈંગ્લેન્ડ અને રશિયન સરકાર પણ તનતોડ મહેનત કરી રહ્યાં છે. અમેરિકા પોતાની રસીનું ચીન, દક્ષિણ કોરિયા અને ફ્રાન્સમાં ક્લિનિકલ ટ્રાયલ કરી રહ્યું છે. જ્યારે ઈંગ્લેન્ડના ઓક્સફોર્ડમાં પણ રસી તૈયાર કરવાનો કાર્યક્રમ જોરશોરમાં ચાલુ છે. રશિયાએ પોતે તૈયાર કરેલી રસીનું જાનવરો પર પ્રયોગ શરૂ કરી દીધા છે. ઉલ્લેખનીય છે કે અત્યાર સુધીમાં સમગ્ર દુનિયામાં કોરોના વાયરસથી ૭.૮૫ લાખ લોકો સંક્રમિત થઈ ચૂક્યા છે. જેમાંથી ૩૭,૬૮૬ લોકો આ વાયરસના કારણે દમ તોડી ચૂક્યા છે. અત્યાર સુધીમાં ૧.૬૫ લાખ લોકો ઠીક પણ થયા છે.

નિઝામુદ્દીન મકરજ મામલો સામે આવતા યુપી સરકાર એલર્ટ

લખનઉ

દિલ્હીના નિઝામુદ્દીન મરકજના જે લોકો કોરોના વાયરસના શંકાસ્પદ મળ્યા છે તેમાં આશરે ૧૦૦ લોકો યૂપીના છે ત્યારે હવે ઉત્તર પ્રદેશ સરકારે દિલ્હીના નિઝામુદ્દીન મરકજથી યૂપી આવેલા દરેક વ્યક્તિનો કોરોના ટેસ્ટ કરાવવાનો આદેશ આપ્યો છે. ડીજીપીએ મરકજથી ઉત્તર પ્રદેશ આવેલા લોકોનું લિસ્ટ પણ જાહેર કર્યું છે.

દક્ષિણ દિલ્હીના નિઝામુદ્દીન પશ્ચિમ વિસ્તારમાં એકથી ૧૫ માર્ચ વચ્ચે તબલીગ-એ-જમાતના કાર્યક્રમમાં ૨ હજારથી વધારે લોકો જોડાયા હતા. આમાં ઈન્ડોનેશિયા અને મલેશિયાના લોકો પણ જોડાયા હતા. અધિકારીઓએ જણાવ્યું કે કેટલાક લોકોના કોરોના વાયરસના સંપર્કમાં આવ્યા બાદ વિસ્તારને સીલ કરી દેવામાં આવ્યો છે. તેમણે જણાવ્યું કે, મોટી સંખ્યામાં લોકોમાં બીમારીના લક્ષણ દેખાયાના રિપોર્ટ બાદ દિલ્હી પોલીસ અને સીઆરપીએફના ઓફિસરો અને મેડિકલ ટીમો રવિવારે રાત્રે વિસ્તારમાં ગઈ હતી.

ઓછામાં ઓછા ૧૦૦ લોકોના સેમ્પલ તપાસ માટે મોકલવામાં આવ્યા છે. આના રિપોર્ટ આજે આવી જાય તેવી શક્યતા છે. મુસ્લિમ સંગઠન તબલીગ-એ-જમાતના મુખ્યાલય અને ઘરો સહિત આખા વિસ્તારને અલગ કરી દેવામાં આવ્યો છે. અધિકારીઓએ જણાવ્યું કે દિલ્હી પોલીસ, સીઆરપીએફની મેડિકલ ટીમો લોકોની તપાસ કરી રહી છે અને તેમને નિર્ધારિત હોસ્પિટલોમાં મોકલવામાં આવી રહ્યા છે. ગત સપ્તાહે શ્રીનગરમાં આશરે ૬૦ વર્ષીય વ્યક્તિનું સંક્રમણના કારણે મોત થયા બાદ ચિંતામાં વધારો શરુ થયો છે. આ વ્યક્તિ આ કાર્યક્રમમાં જોડાયો હતો. અધિકારીઓ અનુસાર, સંગઠનના મુખ્યાલયમાં મોટી સભા બાદ નાની નાની મંડળીઓમાં પણ લોકો બેસતા હતા.

નોંધનીય છે કે દિલ્હીના નિઝામુદ્દીન વિસ્તારમાં થોડા દિવસો પહેલા પ્રતિબંધો હોવા છતાં એક મોટા ધાર્મિક કાર્યક્રમનું આયોજન ચાલી રહ્યું હતું. આ કાર્યક્રમમાં લગભગ ૧૪૦૦ લોકો સામેલ હતાં. સોમવાર રાતે તેમાંથી ૩૪ લોકોની તબિયત બગડી. ત્યારબાદ તેમને દિલ્હીની એક સરકારી હોસ્પિટલમાં દાખલ કરાયા. જેમાંથી એક વ્યક્તિનું મોત થયું. હવે નિઝામુદ્દીનમાં ભેગા થયેલા તમામ ૧૪૦૦ લોકોને કોરોના તપાસ માટે હોસ્પિટલ મોકલાયા છે. દિલ્હીના સીએમ અરવિંદ કેજરીવાલે ઈસ્લામિક સંગઠન તબ્લીગી જમાત પર એફઆઈઆર દાખલ કરવાના આદેશ આપ્યાં છે. તેમના પર લોકડાઉન દરમિયાન મોટી સંખ્યામાં લોકોને ભેગા કરવાનો આરોપ છે.

માર્ચમાં ચીનમાં કોરોનાના દર્દીઓની સંખ્યા ૨% વધી અને દુનિયામાં ૭૩૫%....

ન્યુ દિલ્હી

ચીનનું વુહાન શહેર, આ એ જ શહેરે છે જ્યાંથી કોરોના વાઈરસ નીકળ્યો અને ત્રણ મહિનામાં જ ૧૯૯ દેશોમાંથી થઈને દુનિયાભરમાં ફેલાયો હતો. આ શહેરની વસ્તી લગભગ એક કરોડ ૧૦ લાખ નજીક છે. અહીંયાથી નીકળેલો વાઈરસ આજે દુનિયાની ૭૦૦ કરોડથી વધારે વસ્તીને અસર કરી રહ્યો છે. ૨૭ ડિસેમ્બરે આ વુહાન શહેરમાં કોરોનાથી સંક્રમિત પહેલો દર્દી મળ્યો હતો. ૧૦ જાન્યુઆરીએ દુનિયાને આ વાઈરસ વિશે ખબર પડી હતી. ફેબ્રુઆરી સુધી કોરોનાના સૌથી વધારે દર્દી ચીનમાં જ હતા. પરંતુ માર્ચ આવતાની સાથે આખી દુનિયા આ વાઈરસના સંકજામાં આવી ગયા છે.

લૉકડાઉનઃ યુપીમાં પિતાના મૃતદેહને ઉઠાવવા માટે ૪ કંધા પણ ના મળ્યા

બસ્તિ

કોરોના વાયરસનો ડર આખા દેશમાં ફેલાયેલો છે, દેશભરમાં લૉકડાઉન ચાલી રહ્યું છે. ખોફ એટલો છે કે કોઈના મોત પર કંધો આપવા માટે ચાર લોકો પણ નથી મળી રહ્યા. આવો જ એક મામલો ઉત્તર પ્રદેશના બસ્તી જિલ્લામાં જોવા મળ્યો. જ્યાં ૮૫ વર્ષીય શખ્સનું સોમવારે મોત થયું હતું. પૂર્ણમાસી નામના આ શખ્સના દેહને કંધો આપવા માટે ચાર લોકો પણ નસિબ નહોતા થયા જેથી તેમના દેહને રેકડી દ્વારા અંતિમ સંસ્કાર માટે લાવવામાં આવ્યું. જણાવી દઈએ કે પૂર્ણમાસીના દીકરાને એ વાતનો ડર હતો કે વધુ લોકો ભેગા નીકળવા પર ક્યાંક પોલીસ કાર્યવાહી ના કરી દે.

એનબીટી ખબર મુજબ મામલો બસ્તી જિલ્લાના કોતવાલી વિસ્તારના પિકરા દત્તૂ રાય મોહલ્લાનો છે. જ્યાં શવને રેકડીમાં નાખી સ્મશાન સુધી લઈ જવામાં આવ્યો. દાહ સંસ્કાર કરી પરત ફરેલ મૃતકના દીકરા શ્યામલાલે જણાવ્યું કે સવારે ઘરેથી ફોન આવ્યો કે પિતા પૂર્ણમાસીનું મૃત્યુ થઈ ચૂક્યું છે. આ સાંભળી જ્યારે તે ઘરે પહોંચ્યો તો મોહલ્લા લોકોએ કહ્યું કે લૉકડાઉનને કારણે અંતિમ સંસ્કાર માટે પોલીસને પૂછવું પડશે. પોલીસ સ્ટેશને જવા પર જણાવવામાં આવ્યું કે એસડીએમની પરમિશન બાદ લાશના અંતિમ સંસ્કાર કરી શકે છે.

ભારત બાદ તબલિઘી જમાતને કારણે પાકિસ્તાનમાં ૨૭ લોકોનો રિપોર્ટ આવ્યો પોઝિટિવ

લાહોર

હાલ દેશમાં કોરોના સામે લડી રહ્યો છે ત્યારે દિલ્હીના નિઝામુદ્દીન વિસ્તારમાં તબલિઘી જમાતના મરકઝમાં ૧થી ૧૫ માર્ચ સુધી ૫ હજારથી વધુ લોકો એક ધાર્મિક આયોજનમાં સામેલ થયા હતા. તેમાં ઈન્ડોનેશિયા, મલેશિયા અને થાઈલેન્ડથી આવેલા લોકો પણ સામેલ હતા. ૨૨ માર્ચે લોકડાઉનની જાહેરાત બાદ પણ અહીં ૨ હજાર લોકો રોકાયેલા હતા. તેમાંથી ૩૦૦ લોકો કોરોનાથી સંક્રમિત હોય તેવી આશંકા છે. શંકાસ્પદ લોકોને તપાસ માટે હોસ્પિટલ મોકલવામાં આવ્યા છે. તેમને શરદી, ઉધરસ અને કફની ફરિયાદ છે. ભારત બાદ પાકિસ્તાનમાં આ સમુદાયમાં કોરોનાનો કહેર જોવા મળ્યો છે. પાકિસ્તાનના લાહોરમાં થોડા દિવસો પહેલા સરકારની મંજૂરી વગર ૫ દિવસનો ધાર્મિક કાર્યક્રમ થયો હતો. જેમાં આસરે ૧૨૦૦ લોકો લાહોરના રાયવિંદમાં એકત્ર થયા હતા.



તંત્રી લેખ

ભારતમાં કોરોના વાયરસ હજુ બીજા સ્ટેજમાં, એક વ્યક્તિની ભૂલ પડી શકે છે ખુબ ભારે

દેશભરમાં કોવિડ-૧૯ને રોકવા માટે લાગુ કરાયેલા લોકડાઉનની અસર સકારાત્મક દિશામાં જોવા મળી રહી છે અને આ ઘાતક વાયરસ હજુ સુધી લોકલ ટ્રાન્સમિશન (બીજા સ્ટેજ)ના સ્ટેજમાં જ છે. સરકારે કહ્યું કે જેવા આ વાયરસના કમ્યુનિટી ટ્રાન્સમિશન (સમુદાયમાં ફેલાવો, ત્રીજુ સ્ટેજ)ના પુરાવા મળશે કે સરકાર નાગરિકોને તરત વધુ અલર્ટ કરવા માટે સૂચના આપશે. આ સાથે જ સ્વાસ્થ્ય મંત્રાલયના સંયુક્ત સચિવ લવ અગ્રવાલે ચેતવણીના સૂરમાં કહ્યું કે લોકડાઉન વખતે કોઈ એક ભૂલ દેશને ભારે પડી શકે છે. લોકડાઉન દરમિયાન લોકોએ બેદરકારી વર્તી તો આ લડત નિષ્ફળ જશે.

સ્વાસ્થ્ય મંત્રાલયના સંયુક્ત સચિવ લવ અગ્રવાલે કહ્યું કે હાલ આ વાયરસ દેશમાં લોકલ ટ્રાન્સમિશન અવસ્થામાં છે. જો કમ્યુનિટી ટ્રાન્સફરના કોઈ સંકેત મળશે તો સૌથી પહેલા તમને (મીડિયા) જણાવીશું. કારણ કે તમારા દ્વારા અઆમે લોકોને જાગરૂક અને તેના પ્રત્યે સાવધ કરી શકીશું.

લવ અગ્રવાલે કહ્યું કે આપણે બધાએ સામાજિક અંતર જાળવી રાખવું જોઈએ. એટલે સુધી કે કોઈ એક વ્યક્તિની બેદરકારીથી મહામારી ફેલાઈ શકે છે. જો લોકો દિશાનિર્દેશ મુજબ નહીં ચાલે તો આપણે જે પણ પરિણામ મેળવવા છે તે પછી મળશે નહીં અને નિષ્ફળ સાબિત થઈ શકે છે.

અગ્રવાલે પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું હતું કે ભારતમાં લોકડાઉનની અસર જોવા મળી રહી છે. ૧૦૦થી ૧૦૦૦ કેસ સુધી પહોંચવામાં ભારતને ૧૨ દિવસ લાગ્યાં. જ્યારે વિક્સિત દેશોમાં આ આંકડો આ દરમિયાન ૫-૬ હજાર સંક્રમિત દર્દીઓ સુધી પહોંચી ગયો હતો. સંક્રમણની ગતિ એટલા માટે અટકી કારણ કે જનતાએ સહયોગ કર્યો છે.

હકીકતમાં મંત્રાલયે પોતાના માનક સંચાલન પ્રક્રિયા (SPO) પર સ્પષ્ટીકરણ આપવું પડ્યું છે. એસઓપીમાં કહેવાયું હતું કે દેશમાં હજુ સ્થાનિક કે સીમિત સામુદાયિક સંક્રમણ છે. ત્યારબાદ તેને લઈને ભ્રમની સ્થિતિ પેદા થઈ અને સોશિયલ મીડિયામાં કહેવાયું કે દેશમાં કોરોનાનું ત્રીજુ સ્ટેજ શરૂ થઈ ગયું છે.

બૉલીવૂડના શહેનશાહ અને બાદશાહ દેશની પરિસ્થિતિ સામે આંખ આડા કાન કરી રહ્યા છે...?

વાસ્તવિકજીવનમાં પ્રજાના રાજા હોય તે તેમની દેખરેખ રાખે અને રાજ્યને સંભાળવા અને તેમની પ્રજા સુખી રહે તે માટે ભલમનશાહીના કામ કરવા સાથે બહુ સારું શાસન ચલાવીને પોતાના રાજ્યને આગળ લાવે તેવું પહેલાના જમાનામાં બનતું. પણ આપણા બૉલીવૂડના શહેનશાહ અને બાદશાહ લાગે છે કે લાંબી કુંભકર્ણની નિદ્રામાં છે કાંતો તેઓ દેશની પરિસ્થિતિ સામે આંખ આડા કાન કરી રહ્યા છે, કારણ કે તેમની નિયત જોતા નથી લાગતું કે તેમને દેશના લોકોની પરવાહ હોય, જેઓ તેમને મન મૂકીને ચાહે છે. તેઓ ભલે દેશના રાજા નથી, પણ તેમને આખા દેશના લોકો ચાહે છે તે જ લોકોની પરવાહ તેઓ નથી કરી રહ્યા તેવું લાગે છે અને આને કારણે બંને કલાકારોને સોશિયલ મીડિયા પર ટ્રોલ કરવામાં આવી રહ્યા છે. તમે સમજી ગયા હશો કે કોની વાત થઈ રહી છે. બરાબર, શહેનશાહ અમિતાભ બચ્ચન અને બાદશાહ શાહરુખ ખાનની. આ વાતનું આશ્ચર્ય તો થાય જ કે એક સમયે તેમના પછીના નંબરે આવતા, પણ હવે સમય જતાં તેમનાથી આગળ નીકળી ગયેલા સ્ટાર અક્ષય કુમાર સાથે વરુણ ધવન, સલમાન ખાન, રિતિક રોશન અને રાજકુમાર રાવ અને રણદીપ હુડા જેવા સ્ટાર્સ પણ લાખો-કરોડોના દાન વડા પ્રધાન કે મુખ્ય પ્રધાનના રાહત ફંડમાં દાન કરી રહ્યા છે ત્યારે કરોડો લોકોના વહાલા બિગ બી અને શાહરુખ ખાન આ રેસમાં પાછળ કેમ છે? તેઓ હજુ પણ સફળ કલાકારો છે. આથી તેમની પાસે પૈસાની અછતનો સવાલ પણ નથી.

શહેનશાહ અમિતાભ બચ્ચન પર તો દરેક ભારતીય ફિદા છે. તેમને કંઈ થાય કે હોસ્પિટલમાં ચેક-અપ કરાવવા જાય તો પણ તેમના ચાહકો તો શું દરેક ભારતીય ચિંતામાં પડી જાય છે કે આપણા વહાલા સુપરસ્ટારને શું થયું છે? તે તો તમને 'કુલી' ફિલ્મના સેટ પર તેમની સાથે થયેલી ભયંકર જાનલેવા દુર્ઘટના પછી સમગ્ર દેશના લોકોએ તેમના જીવન માટે પ્રાર્થના કરી હતી તે તમે જાણો જ છો. રાજકીય ક્ષેત્રે પણ નરેન્દ્ર મોદીએ તેમને ગુજરાતના પ્રવાસન ખાતાના એમ્બેસેડર બનાવ્યા અને અન્ય સામાજિક કાર્યોમાં તેમની મદદ લઈને તેમને માન આપવામાં આવે છે. પણ અમિતાભ બચ્ચન એવા કલાકાર છે જેઓ ક્યારેય ભારતમાં કુદરતી કે કંઈક આફત આવે છે ત્યારે આગળ આવીને લોકોને આર્થિક કે અન્ય કોઈ રીતે મદદ નથી કરતા. ક્યારેય તેમનું નામ નથી આવ્યું કે કચ્છમાં ભૂકંપ આવ્યો કે કેરળમાં પૂર આવ્યું ને તેમણે આટલા રૂપિયાની આર્થિક મદદ કરી હોય. આની પાછળ તેમનો ઈરાદો જે પણ હોય, પણ એ વાત તો સ્પષ્ટ છે કે તેમને ફક્ત પોતાના જીવન પૂરતા કામ કરવામાં જ રસ છે. તેમના ચાહકો કે દેશના લોકો માટે કોઈ હમદર્દી કે પ્રેમ નથી કે નથી તેઓ તેમના ચાહકોના પ્રેમનું વળતર પણ આપતા. આથી સોશિયલ મીડિયા પર તેમને ટ્રોલ કરવામાં આવી રહ્યા છે અને તેમના ચાહકો પણ તેમને પૂછી રહ્યા છે કે આવું કેમ?

જોકે, બચ્ચન તો શાંત સ્વભાવે તેમના પિતાની કવિતા સંભળાવતા હોય તેમ કહે છે કે કોઈએ આ દાન કર્યું, કોઈએ આટલું દાન કર્યું, કોઈએ કર્યું પણ કહ્યું નહીં, પણ મને એમાં ગણશો નહીં. મને બીજા વર્ગમાં મૂકો. હે પ્રિયજનો, જેને જે મળ્યું, જેને મળ્યું છે તે ક્યાં જાણે છે કે કોણે તેને આપ્યું? જાણે છે ફક્ત પોતાની કરુણ અવસ્થા. જે મને જાણે છે તે જાણે જ છે કે હું કેવો છું. હું તો સદાય મારા સ્વભાવ મુજબ જ રહ્યો છું, હંમશાં ઓછું બોલનારો, અમિતાભ! આમ, તેમની વાતમાં તેમને જે કહેવું હતું તે કહી દીધું. આના પરથી શું માની લેવાય કે તેઓ ચૂપચાપ કંઈ મદદ કરે છે.

એવું શાહરુખના ચાહકો પણ તેને પૂછી રહ્યા છે કે તું કેમ આ સારા કાર્યમાં નથી જોડાયો? પણ કિંગ ખાનને તો તેનો જવાબ આપવાની પણ ફુરસદ નથી. બૉલીવૂડની કોઈ મોટી ઈવેન્ટ હોય કે એવૉર્ડ ફંકશન હોય તો કિંગ ખાન ત્યાં તરત પહોંચી જાય છે, પણ હજુ સુધી ક્યારેય દેશમાં કોઈ આફત આવી હોય ત્યારે તેણે ભારતીય લોકોને મદદ કરી હોય તેવું સાંભળવા મળ્યું નથી, મતલબ કે ક્યારેય તે કોઈ આફતમાં લોકોને મદદ કરતો નથી. શું તે ભારતીય નગારિક નથી? તે ભારતમાં નથી રહેતો? નાણાં અને પ્રસિદ્ધિ અહીં જ કમાય છે તો લોકોના પ્રેમનું વળતર શું તે મુસલમાનના દેશ પાકિસ્તાનમાં જઈને આપશે? તેની સામે સલમાન ખાન તો સારો જ કહેવાય. ભલે તેણે ફંડમાં દાન ના આપ્યું, પણ તે બૉલીવૂડના મજૂર વર્ગને તો મદદ કરી જ રહ્યો છે, જેમની સામે કોઈ નથી જોતું. શું આ બધું જાણીને હજુ પણ તમે આ બંને સ્ટાર્સને પ્રેમ કરી શકશો, જેટલો કરો છો? શુંઆ બંને કલાકારોની લોકો પ્રત્યે કોઈ ફરજ કે જવાબદારી નથી બનતી?

કોરોનાથી દેશના લોકો ફફડી રહ્યા છે ત્યારે રાજકારણ રમવુ કેટલું યોગ્ય.....?

નોવેલ કોરોના વાયરસને લઈને વિશ્વભરના લોકો ભારે ભયભીત થઈ ગયા છે. તેમાં ચીન, દક્ષિણ કોરિયા, જાપાન, સિંગાપોરને બાકાત રાખવા પડે.... કારણ આ દેશોએ આગોતરું આયોજન કરી રાખ્યું હતું. ચીનના વુહાગમા ફાટી નિકળેલા કોરાનાને ચીને કાબૂમાં લઈ લીધો છે. પણ વિશ્વના દક્ષિણ કોરિયા, જાપાન, સિંગાપોરે કોરોનાની ભયાવહતાને પારખી જઈને યુદ્ધના ધોરણે પગલાં લીધા જેથી આ દેશોને જાનહાનિ કે તેમના અર્થતંત્રને ફટકો પડયો નથી. જ્યારે વિશ્વના અન્ય ભારત સહિતના ૧૮૩ દેશો કોરોનાની ભયાનકતા અને તેના માનવભક્ષી રાક્ષસી રૂપ ને ઓળખી શક્યા ન હતા.....! પરિણામે વિશ્વભરમાં ૩૫ હજારથી વધુને કોરોના ભરખી ગયો છે તો ૭ લાખથી વધુ ને પોતાના જડબામાં જકડી લીધા છે. આ બધું છતાં વિશ્વના ડોક્ટરો- નર્સો- મેડિકલ કર્મચારીઓ અને હોસ્પિટલો- દવાખાનામાં જરૂરી ઈન્ફાસ્ટ્રક્ચરને કારણે દોઢ લાખ ઉપરાંત લોકો મોતના મુખમાં જતા બચાવી લઈ સાજા કરી દીધા છે. મતલબ કોરોના થાય એટલે મૃત્યુ નિશ્ચિત છે તેમ માનવું ભૂલભરેલું છે. અમેરિકાએ કોરોનાને ન ગણકારતા પોતાના દેશને પાયમાલીથી બચાવવા માટે ર્હ્ષ્ઠાર્હ્ષ્ઠહ સહિત જરૂરી પગલાં ન ભર્યા પરિણામે ૧૨૦૦ થી વધૂ મોત થયા છે જ્યારે દોઢ લાખ નાગરિકો કોરોના ગ્રસ્ત થઈ ગયા છે.આવા સમયે ટ્રમ્પનુ પોતાનું કહેવું છે એક લાખ સુધી મોતનો આંકડો રોકી શકીએ તો જંગ જીત્યા..... ત્યારે બે દિવસ પહેલા તેમના વૈજ્ઞાનિક તજજ્ઞોએ આશંકા વ્યક્ત કરી હતી કે એક લાખ ઉપરાંતની મોત થઈ શકે છે.... જેને કારણે અમેરિકનોમા વધુ ફફડાટ ફરી વળ્યો છે તેમજ ત્યાંના લોકોમાં માનસિક અસર સવિશેષ પેદા થઈ ગઈ છે. જોકે અમેરિકામાં ભારતીયો તેમાંય ખાસ તો ગુજરાતીઓની ખાવા પીવાનુ ૧૨ માસ સંગ્રહ કરવાની નીતિને કારણે તકલીફમા ઓછા મુકાયા છે. જે ખરેખર આનંદની વાત છે. ત્યારે ભારત મોડે જાગ્યું છે તેના અનેક કારણો હોઈ શકે છે.....! પરંતુ કોરોનાની ભયાનકતાને ઓળખવામાં ભૂલ કરી ગયું છે.....! છતાં ભારતમાં કોરોનાને કારણે ૩૯ લોકોના મોત થયા છે અને કોરોના વાયરસગ્રસ્તોનો આંકડો ૧૩૦૦ થવા તરફ આગળ વધી રહ્યો છે. મોદીજીના લોકડાઉનને કારણે સ્થિતિ વધુ બગડી નથી... પરંતુ તેમનું ર્હ્ષ્ઠાર્હ્ષ્ઠહ જે તે રાજ્યના શહેરોમાં પરપ્રાતિઓ,આદિવાસીઓ,વનવાસીઓની વતન તરફ હિજરતને કારણે ફેઈલ થવાની શક્યતા વધી છે.....! કારણ આવા ટોળાબંધ નિકળેલા અસંગઠિત કામદારો હજારોની સંખ્યામાં છે તેમાંથી જો કોઈને કોરોના પોઝિટિવ હોય તો દેશનું કોઈ ગામડું બાકી રહેશે ખરું.....?! એવી આશંકાઓ વ્યક્ત થઈ રહી છે.....!

કોરોના વાયરસની ગંભીરતા સમજ્યા વગર રાજકીય ક્ષેત્રે રાજકારણ ખેલવાનુ શરૂ થઈ ગયું છે... જેમાં ભાજપાએ દિલ્હીમાં હજારોની સંખ્યામાં અસંગઠિત મજુરો, ગરીબોએ સ્થાનિટ સ્તરે સહાય ન મળતા વતનની વાટ પકડી.... તેને લઈને ભાજપાએ યુપી મુખ્યમંત્રી કેજરીવાલ ઉપર દોષનો ટોપલો ઢોળ્યો છે.... મતલબ બલીનો બકરો બનાવવા માટે ભાજપાનું સોશિયલ મિડીયા પણ તેમની પર તૂટી પડયું છે. દિલ્હીના લેફ્ટનન્ટ ગવર્નર અને ગૃહ મંત્રાલય પણ મેદાનમાં ઉતરી પડ્યું છે. તેમને એ બહાને નિશાના પર લીધા છે કે દિલ્હીના આનંદ બસ ડેપો પર હજારો મજુરો પોતાના વતન જવા એકઠા થઈ ગયા છે... જેમાં કેજરીવાલે ર્હ્ષ્ઠાર્હ્ષ્ઠહ નો અમલ ન કરી બસો ચાલુ રાખી હોવાથી આ સ્થિતિ ઊભી થઈ છે તેવો આક્ષેપ કર્યો છે, તે સાથે બે આઈએએસ અધિકારીની ભૂલને કારણે તેઓને સસ્પેડ કરવા માંગ કરી છે... આ બાબતમાં લોકો જાણે છે કે ઉત્તર પ્રદેશ ભાજપા સરકારના મુખ્ય મંત્રીએ યુપીના લોકોને લઈ આવવા બસો મૂકવાની જાહેરાત કરી હતી તો હરિયાણા ભાજપા સરકારે સરહદો સીલ કરી હિજરતીઓને રોક્યા ન હતા. અને તેમાં દિલ્હી પોલીસ કે જે કેન્દ્ર સરકારને આધીન છે તે પોલીસની લાપરવાહીને કારણે આવી સ્થિતિ પેદા થઈ છે. તેને આવનારા લોકોને રોક્યા નથી જો કે ભાજપાના ધ્યાને યોગીજીનો મેસેજ નજરે આવતા ડીલીટ કરાવી દીધો.... તો બસો પણ ન મોકલી.....! મતલબ ભાજપા પોતાની જવાબદારીથી હાથ ખંખેરી કેજરીવાલને દોષી ગણવા માગે છે.....! તો કેજરીવાલે દાતાઓ, સંસ્થાઓના સહયોગથી હજારો લોકોને જમાડ્યા અને ખાવાપીવાની કીટનું વિતરણ કર્યું. જનો વિડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થઈ રહ્યો છે અને તેના કારણે ભાજપાની ચાલ ઉધી પડી ગઈ છે. દિલ્હી દેશની આમ પ્રજા ભાજપાને ધોત્કારતી કહે છે કે જ્યારે દેશના લોકો સંકટમાં છે ત્યારે પણ સત્તાધારી ભાજપા આવો ખેલ પ્રજા સાથે ખેલી રહી છે....?!

દેશમાં આપત્તિ સમય માટે પીએમ નેશનલ રિલિફ ફંડ છે. જેમાં આપત્તિ સમયે લોકો દાનની સરવાણી વહાવે છે. પરંતુ કોરોના વાયરસના સંકટને પહોચી વળવા પીએમ કેર્સના નામે ફંડ લેવાનું શરુ કરી દીધું... જેના વડા મોદીજી છે. અને અમિત શાહ,રાજનાથસિહ, સીતારામન વગેરે ભાજપાના નેતાઓ તેના સભ્યો છે. વિરોધ પક્ષના કોઈ પણ નથી કે કોઈ અન્ય જાણીતી વ્યક્તિને લેવામાં નથી આવી તો રાષ્ટ્રીયકક્ષાના કોઈ પણનો સમાવેશ કરાયો નથી.... જેથી સોશિયલ મીડિયા પર આ અંગે પ્રશ્નો ઉઠાવ્યા છે. પીએમ રીલીફ ફંડનો ઉપયોગ કેમ નહીં....? શું ભાજપા માટે આ ફંડ છે....? તેવા સવાલો ઉઠવા સાથે અનેક શંકા-કુશંકાઓ વ્યક્ત કરવામાં આવી રહી છે.....! ત્યારે લાગે છે કે કદાચ મોદીજીને આ બાબતે કાળી ટીલી લાગી શકે.....!! દાતાઓમાં ટોપ લેવલ દેશભરમાં અજીજ પ્રેમજી રહ્યા છે કે જેઓ ટીવી સહિતના પ્રસિદ્ધિ માધ્યમોથી દૂર રહ્યા છે. તેઓએ ૫૨૭૫૦ કરોડ રૂપિયાનું દાન કોરોના વાયરસના દર્દીઓના ઈલાજ માટે આપ્યું છે. તેઓ વિપ્રોના ચેરમેન અને એશિયાના સૌથી મોટા દાનવીર છે. અજીમ હસન પ્રેમજી ગુજરાતી મુસ્લિમ પરિવારના મુંબઈમાં જન્મેલા છે. ત્યારે એક જ વાત કે કેન્દ્ર સરકારે દેશના જે તે ઉદ્યોગપતિઓ - ઉદ્યોગોને અબજો રૂપિયાની બેંક લોનો એનપીએ માફ કરાવી, પુનઃ લોનો સહિતની સુવિધા આપી તેઓ દેશના લોકો માટે દાન કેટલું.....? તો દેશના જે તે રાજ્યોમાં નાના-મોટા દાતાઓ, પોલીસ ફોર્સના કેટલાક ગ્રુપો, પત્રકાર સંગઠનો, ધર્મ સંસ્થાઓ વગેરે કોરોના આફતમાં ફસાયેલા લોકોને જમાડે છે, ખાવા માટે અનાજ સહિતની કિટો, માસ્ટ, દવા સહિતની સહાય કરી રહ્યા છે. ત્યારે લાખ લાખ સલામ કોને કરાય....? ઓફ કોર્સ અજીજી પ્રેમજી અને જે તે રાજ્યના નાના મોટા મદદ કર્તાઓને જ સલામ કરવી પડે. ધન્યવાદ.. વંદે માતરમ્

લોકલ ટ્રાન્સમિશનને રોકવા સરકારી તંત્ર લગાવી રહ્યું એડી થી ચોટીનું જોર

ગાંધીનગર

રાજ્યમાં લોકડાઉનની સ્થિતિ વચ્ચે વકરી રહેલા કોરોનાને નાખવા લોકલ ટ્રાન્સમીશન પર સરકારી તત્રં ફોકસ કર્યું છે. મહાનગરોમાંથી ગ્રામિણ વિસ્તારમાં કોરોના પ્રસરે તો ભયજનક સ્થિતિનું નિર્માણ નીતિ છે. આ ભયના ઓથાર હેઠળ રાજ્ય સરકારના વહીવટીતંત્રએ લોકલ ટ્રાન્સનીશનને રોકવા એડીથી ચોટીનું જોર લગાવી રહી છે. ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાને લઈ સરપંચને વિશેષ સત્તાઓ આપવામાં આવી છે. ગ્રામ્ય વિસ્તારમાં સ્થળાંતર કરીને આવેલા લોકોને લોકડાઉનનો કડક અમલ કરાવવામાં આવે તેવી તાકિદ કરવામાં આવી છે.

ગ્રામિણ જનજીવનને અસર ન થાય તે માટે ગ્રામિણ વિસ્તારમાં સવારે ૭થી ૧૦ ખોલવાની મંજૂરી આપવામાં આવી છે. આ સિવાય દૂધની ડેરી, કરિયાણાની દુકાન, દવાની દુકાનોને આંશિક સમય ખુલ્લી રાખવામાં આવે તેવી તૈયારીઓ અને અમલ થઈ રહ્યો છે. રાજ્યમાં લોકલ ટ્રાન્સમીશન અટકાવવા માટે લોકડાઉન એકમાત્ર ઈલાજ છે. આ લોકડાઉનમાં લોકો જુદા જુદા પ્રયોગ કરીને બહાર નીકળે છે. તેની સામે કડક પગલાં લેવામાં આવી રહ્યા છે. રાયના ડીજીપી શિવાનદં ઝાએ જણાવેલ કે, ખિસ્સામાં બે ટમેટા નાખીને રખડવા નીકળવા લોકો સામે કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે. લોકડાઉનનો ભગં કરનાર સામે કલમ ૧૪૪, ૧૮૮ અને એપીડેમિક એકટની વિવિધ કલમોના ભંગની કાર્યવાહી કરવાના આદેશ આપવામાં આવ્યા છે. રાયમાં લોકલ ટ્રાન્સમિશન અટકાવવા શામ–દામ–ભેદ અને દડં સુધીના પગલાં લેવા વહીવટીતત્રં તૈયાર છે.

સાબરકાંઠામાં ૬૩ લોકો હોમ ક્વોરેન્ટાઈન, ડોર ટુ ડોર ૧૫,૪૯,૬૮૬નો કરાયો સર્વે

હિંમતનગર

સાબરકાંઠા કલેકટર સી.જે.પટેલના માર્ગદર્શન હેઠળ જિલ્લામાં પ્રોએકટીવ અને કોમ્યુનીટી સર્વેલન્સ હાથ ધરવામાં આવ્યો છે. જેમાં જિલ્લામાં હાઉસ ટુ હાઉસ ૧૫,૪૯,૬૮૬ લોકોનુસર્વેલન્સ કારાયું. જેમાં ૫૪૩ યાત્રીઓ આવ્યા હોવાનું માલૂમ પડ્યુ હતું. જેમાંથી ૪૮૦લોકોને ૧૪ દિવસ ઓબ્ઝર્વેશન હેઠળ રાખવામાં આવ્યા હતા. જ્યારે હાલ ૬૩ લોકોને હોમ ક્વોરન્ટાઈન અને ૯ લોકોને ૧૪ દિવસ માટે ગવર્નમેન્ટ ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે. જિલ્લામાં ૨૦શંકાસ્પદ યાત્રીઓના સેમ્પલ લેવામાં આવ્યા છે. જેમાંથી ૧૯ના સેમ્પલ નેગેટીવ આવ્યા છે. જ્યારે બાકી એકનું ટેસ્ટ હજી બાકી છે. જિલ્લાવાસીઓ માટે રાહતના સમાચાર એ છે કે જિલ્લામાં એકપણ પોઝીટીવ કેસ નોંધાયો નથી. જિલ્લાની સિવિલ હોસ્પિટલમાં ૨૦૦ બેડની સુવિધા સાથે આઈસોલેશન વોર્ડ સક્ષ કરાયો છે. સમરસ હોસ્ટેલ, સાબર સ્ટેડિયમ અને પોલિટેકનિક કોલેજ ખાતે ૭૪૪ બેડ સાથે ક્વોરોનટાઈન સુવિધા ઉભી કરવામાં આવી છે. ઉપરાંત તાલુકા કક્ષાએ ૧૨ ક્વોરોન્ટાઈન સેન્ટરમાં ૬૯૦ બેડની સુવિધાથી સક્ષ કરવામાં આવ્યા છે. જિલ્લામાં ચાર ખાનગી હોસ્પિટલમાં પણ વેન્ટીલેટર અને ૨૭ આઈસોલેશન બેડની સુવિધાથી સક્ષ કરવામાં આવ્યા છે. કોરોના વાયરસને પંહોચી વળવા જિલ્લા કક્ષાએ પાંચ અધિકારીઓ, ૮ તાલુકા હેલ્થ ઓફિસર, ૬૫ મેડિકલ ઓફિસર, ૩૧ આયુષ, ૫૧ લેબ ટેક્નિશિયન, ૪૪ ફાર્માસીસ્ટ, ૪૭ સ્ટાફ નર્સ, ૫૯૬ હેલ્થ વર્કર તેમજ ૧૩૮૧ આશા વર્કરનો સ્ટાફ સક્ષ રાખવામાં આવ્યો છે.

કોવીડ-૧૯ના પગલે મહીસાગરના ૨૩૫૫ પોલીસ જવાનોને એન્ટિ ફલૂ દવા અપાઇ

લુણાવાડા

કોરોનાવાયરસ (કોવીડ-૧૯) સામે સાવચેતીના પગલારૂપે જેની ગંભીરતાને ધ્યાને લેતા તેના સંક્રમણને નાથવા માટે લોકડાઉન ઘોષિત કરવામાં આવ્યુંછે જેના અમલમાં જેની મહત્વપૂર્ણ જવાબદારી છે એવા પોલીસ જવાનોના આરોગ્ય માટે મહીસાગર જિલ્લામાં હોમિયોપેથીક ડોક્ટરે ઉમદા પહેલ કરી એન્ટી ફલૂ દવાનું વિતરણ કર્યું છે. લુણાવાડા નવદીપ ક્લિનિકના અનુભવી હોમિયોપેથીક ડોકટર પ્રકાશ ઠાકોર તથા ફાઉન્ડેશનના પ્રમુખ નરેશ દેસાઈના પ્રોત્સાહક સહયોગથી જિલ્લા પોલિસ વડા ઉષા રાડાની ઉપસ્થિતમાં લુણેશ્વર પોલીસ ચોકી ખાતે પોલીસ જવાનોને હોમિયોપેથીક એન્ટી ફલુ દવાનું વિતરણ કાર્યક્રમ કરાયો સાથે ડોકટર દ્વારા આ દવાના ત્રણ દિવસમાં કેવી રીતે લેવી આ દવા થી શું ફાયદો થાય અને એનાથી કેટલા દિવસ સુધી અસર રહે તે બાબતે સોશિયલ ડિસ્ટનસિંગ માં ઉભેલા પોલીસ જવાનોને સમજાવી દવા વિતરણ કરી હતી. ૨૩૦૦થી વધુ પોલીસ જવાનો માટે ડોકટરે કરેલી પહેલને જિલ્લા પોલીસ વડાએ બિરદાવી હતી.

કોરોનાના દર્દીઓની સેવા કરનાર નર્સને સરકાર આપશે રૂ. ૧૦ હજાર પગાર

અમદાવાદ

ગુજરાત સરકાર ચાર મોટા શહેરોમાં કોવિડ હોસ્પિટલ માટે સ્ટાફની ભરતી કરી રહી છે. જેમાં કોરોના વાઇરસની સારવાર માટે નર્સની ભરતી પણ કરવામાં આવી છે. ત્યારે ભરતીમાં નર્સને કોન્ટ્રાક્ટ પર રાખવામાં આવી છે. જેથી મહિને માત્ર ૧૩૦૦૦નો પગાર સૂચવવામાં આવ્યો છે. જે મોટા ભાગના નર્સને આ મજાક સમાન લાગે છે કે, એક રાષ્ટ્રરક્ષક તરીકે જીવના જોખમે દર્દીની સેવા કરવા માટે માત્ર ૧૩૦૦૦ની રકમ ઘણી ઓછી છે. કોરોનાના કહેર વચ્ચે પણ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની ડૉક્ટર અને નર્સની ભરતીમાં સેંકડો બેરોજગાર ઉમટી પડ્યા હતા. કોરોનાની મહામારીના કારણે વિશ્વ આખું ડોક્ટર અને નર્સની કામગીરીને વખાણી રહી છે. ત્યારે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન નર્સને માત્ર ૧૦,૦૦૦ રૂપિયા અને ડોક્ટરને ૩૦,૦૦૦ રૂપિયા પગાર આપવાની જાહેરાત કરી છે. તે અત્યંત હાસ્યાસ્પદ લાગે છે. હાલ કોવિડ હોસ્પિટલ બનાવવા માટે સમગ્ર તંત્ર કામે લાગ્યું છે. અન્ય ખાનગી કંપનીઓની સરખામણીએ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની હોસ્પિટલમાં ઓછા પગારે ભરતી થતા ક્યાંક વિરોધનો અવાજ ઉઠી રહ્યો છે. બીજી તરફ વડોદરા શહેરમાં પણ ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. જેમાં અમદાવાદની સરખામણીએ વધુ પગાર હોવાનું જાણવા મળી રહ્યું છે.

ન્યાસા અને કાજોલ કોરોના પોઝિટીવ હોવાની ચર્ચા પર અજય દેવગણનો ખુલાસો



મુંબઈ

હાલમાં સમગ્ર દેશમાં કોરોના વાયરસે હાહાકાર મચાવી રાખ્યો છે. એક તરફ કોરોનાનો શિકાર બનેલા લોકોની સંખ્યા સતત વધી રહી છે. તો બીજી તરફ આ વાયરસને કારણે અત્યાર સુધીમાં ૩૨ લોકોનાં મોત થઈ ચૂક્યા છે. આ દરમિયાન બોલિવૂડ એક્ટર અજય દેવગણની પત્ની કાજોલ અને તેની પુત્રી ન્યાસા વિશે એક અફવા ફેલાઈ રહી હતી. એવું કહેવામાં આવી રહ્યું હતું કે, કાજોલ અને ન્યાસાને કોરોના પોઝિટીવ છે. તે જ સમયે અજય દેવગણે ખુદ આ તમામ અફવાઓ પર પ્રતિક્રિયા આપી છે. તેમણે આ મામલે એક ટ્વીટ કરીને સત્ય હકીકત જણાવી છે.

અજયે પોતાના ટ્વિટર એકાઉન્ટ દ્વારા આ બધી જ અફવાને નકારી દીધી છે. અજયે ટ્વીટ કરીને લખ્યું- 'પૂછવા બદલ બધાનો આભાર. કાજોલ અને ન્યાસા એકદમ બરાબર છે. તેના સ્વાસ્થ્ય વિશેની અફવાઓ બકવાસ, ખોટી અને પાયાવિહોણી છે. આ ટ્વીટ પછી સ્પષ્ટ થઈ ગયું છે કે, ન્યાસા અને કાજોલ કોરોના પોઝિટીવ હોવા અંગેની ચર્ચા એકદમ ખોટી હતી.

ઉલ્લેખનીય છે કે, થોડા દિવસ પહેલા અફવાઓ આવી હતી કે, ન્યાસામાં કોરોના વાયરસના કેટલાક લક્ષણો જોવા મળ્યા છે, ત્યારબાદ કાજોલ તેમની સાથે હોસ્પિટલમાં પહોંચી હતી. આ સમાચાર સોશિયલ મીડિયા પર ખૂબ વાયરલ થયા હતા. આવા સમાચારોને વેગ વધારે એટલા માટે મળ્યો કારણ કે કાજોલ અને તેની પુત્રી ન્યાસા થોડા દિવસો પહેલા જ સિંગાપોરથી પરત ફર્યા હતાં. બંનેને એરપોર્ટ પર સ્પોટ કરવામાં આવ્યા હતા. એરપોર્ટથી પરત ફરતી માતા-પુત્રીના ફોટા પણ વાયરલ થયા હતા.

રવીના ટંડન એટલી ભડકી કે કહ્યું, માણસને ક્યારેય કોઈ બોધપાઠ લેવો જ નથી



મુંબઈ

કોરોના મહામારી ચીનથી શરૂ થઈ હતી, આ જીવલેણ વાયરસ ચામાચિડીયાને કારણે આવ્યો હતો. આ તમામ વચ્ચે ચીનમાં ફરી એક વખત ચામાચિડીયા, ઉંદર, સસલા જેવા જાનવરોનું વેચાણ શરૂ થઈ ગયુ છે. ચીનમાં પ્રાણીઓ વેચાઈ રહ્યા છે તે તસવીરો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહી છે. ભારત સહિત દુનિયામાં ચીનની આવી હરકતો પર ફીટકાર વરસાવાઈ રહ્યો છે. આ વાતથી બોલિવૂડ એક્ટ્રેસ રવિના ટંડન ખુબજ નારાજ થઈ છે. રવીનાએ ટ્વીટ કરીને કહ્યું છે કે ચીનમાં ચામાચિડીયા, બિલાડી, દેડકા, કુત્તરા જેવા જાનવરોને ફરીથી વેચવામાં આવી રહ્યા છે. ફરક માત્ર એટલો છે કે હવે આ બધુ છુપાઈને થઈ રહ્યું છે. હવે અહીં પોલિસ તસવીરો લેનારને ઝડપી રહ્યા છે અને સોશિયલ મીડિયા પર તેમની આ વાત જાહેર ન થાય તેની તકેદારી રાખવામાં આવે છે.

રવીનાએ ભડકીને કહ્યું કે માણસને ક્યારેય કોઈ બોધપાઠ લેવો જ નથી. જેટલી કુરબાની આપવી પડે તેટલી આપે છે. ગમે તેટલું મોંઘુ પડે જાનવરો સાથે દુર્વ્યવહાર અને કુદરતનો કચ્ચરઘાણ કેમ ન બોલી જાય આ મામલે ચીન સૌથી ખરાબ દેશ છે. આ પહેલા રવીનાએ એક વીડિયો શેર કર્યો હતો જેમાં કોરોના વાયરસ લોકડાઉનનો કેવી રીતે સદ્ઉપયોગ કરવો તે જણાવ્યુ છે. તેમણે લોકોને જાતેજ ક્વોરનટીન સમયનો ઉપયોગ કરવા પુસ્તકો વાંચવા, ગીતો સાંભળવા, ફિલ્મો જોવાનું કહ્યું છે. તેમણે લોકોને એક જવાબદાર નાગરીકની જેમ વર્તવા વિનંતી કરી હતી. રવીનાનો એક બીજો વીડિયો ખુબજ વાયરલ થયો હતો જેમાં તે ખુદ ટ્રેનની સફાઇ કરતી નજરે ચડી હતી. રવીનાએ ટ્રેનની સીટ પર પોતુ કર્યુ હતુ કોરોના વાયરસ સામે લડવા સ્વચ્છતા જાળવવાની અપીલ કરી હતી.

સલમાન ખાનના પિતરાઈ ભાઈ અબ્દુલ્લા ખાનનું નિધન



મુંબઈ

આખો દેશ કોરોના વાયરસના કારણે ભય હેઠળ જીવી રહ્યો છે ત્યારે બીજી તરફ અભિનેતા સલમાન ખાનના પરિવારમાં શોકનો માહોલ છવાયો છે. સલમાન ખાનના પિતરાઈ ભાઈ અબ્દુલ્લા ખાનનું નિધન થયું છે. સલમાન ખાને પોતાના ઈન્સ્ટાગ્રામ અકાઉન્ટ પર અબ્દુલ્લા સાથેની તસવીર શેર કરીને દુ:ખ વ્યક્ત કર્યું છે. અનેક સેલેબ્સે દુખ વ્યક્ત કર્યું હતું. સ્વાસ્થ્યને લગતી તકલીફના કારણે અબ્દુલ્લાને થોડાં દિવસો પહેલા જ કોકિલાબેન હોસ્પિટલમાં સારવાર માટે એડમિટ કરવામાં આવ્યો હતો. મીડિયા રિપોર્ટ્સ પ્રમાણે, તેના મોતનું કોરોના સાથે કોઈ કનેક્શન નથી પરંતુ ફેફસાનું કેન્સર હોવાથી તેનું મૃત્યું થયું હોવાનં જાણવા મળ્યું છે.

અબ્દુલ્લા સલમાન ખાનના પિતા સલીમ ખાનની નાની બહેનનો દીકરો હતો. આ સમાચારથી પરિવારમાં શોક છવાઈ ગયો છે. સલમાન અને અબ્દુલ્લા સાથે ફિટનેસ ટ્રેનિંગ કરતા હતા અને બંને વચ્ચેનું બોન્ડિંગ પણ જબરદસ્ત હતું.


સલમાન ખાને અબ્દુલ્લા સાથેની તસવીર ઈન્સ્ટાગ્રામ પર શેર કરીને લખ્યું છે કે, તને હંમેશા પ્રેમ કરતાં રહીશું. અબ્દુલ્લાએ આમ તો આજ સુધી કોઈ ફિલ્મમાં કામ કર્યું નથી, પરંતુ તેની સલમાન સાથે તસવીરો અને વીડિયો અવારનવાર સામે આવતા રહ્યા છે.

લોકડાઉન વચ્ચે આલિયા ભટ્ટે ક્રિએટીવ રાઈટીંગનો કોર્સ શરૂ કર્યો

મુંબઈ

કોરોના વાઈરસને લીધે લોકો ઘરે જ આઈસોલેશનમાં છે. ૨૧ દિવસના લોકડાઉનમાં સેલેબ્સ ઘરે રહીને પોતાનો સમય પસાર કરી રહ્યા છે. ત્યારે આલિયા ભટ્ટ પોતાને વ્યસ્ત રાખવા માટે હંમેશાં કંઈક નવી પ્રવૃતિ કરતી હોય છે. અભિનેત્રી પોતાના ઘરેથી ક્રિએટીવ રાઈટીંગનો કોર્સ શરૂ કર્યો છે. સોમવારે તેણે બેડ પર તેના સેટઅપનો ફોટો શેર કર્યો હતો. તસવીરમાં નોટ્સ અને લેપટોપ દેખાય છે. ફોટોમાં જોઈ શકાય છે કે, તેના લેપટોપમાં બુકનું હેડિંગ 'ધ કાફ્ટ ઓફ પ્લોટ' જોવા મળી રહ્યું છે. આ ફોટોને શેર કરતાં અભિનેત્રીએ કેપ્શનમાં લખ્યું છે કે, ઘરમાં રહો અને કંઈક નવું શીખો.

આલિયા અત્યારે ઘરે પોતાનો સમય પસાર કરી રહી છે અને થોડા દિવસ પહેલા ઈન્સ્ટાગ્રામ પર તેના બોયફ્રેન્ડ રણબીર કપૂર અને તેના પેટ્સના ફોટો શેર કર્યો હતો. તે ઉપરાંત તાજેતરમાં રણબીર કપૂર અને અભિનેત્રી આલિયા ભટ્ટા એક સાથે સેલ્ફ આઈસોલેશનમાં સાથે સમય પસાર કરતો વીડિયો વાયરલ થયો હતો. આ વીડિયો પર



યુઝર્સે ઘણી કોમેન્ટ કરી હતી.

આલિયા ભટ્ટ આગમી ફિલ્મ સડક-૨ માં જોવા મળશે, જેને તેણા પિતા મહેશ ભટ્ટ ડિરેક્ટ કરી રહ્યા છે, જેમણે પહેલા સડક ફિલ્મ બનાવી હતી. તે ઉપરાંત તે સંજય લીલા ભણશાળીની ફિલ્મ ગંગૂબાઈ કાઠીયાવાડી અને રણબીર કપૂરની સાથે બ્રહ્માસ્ત્રમાં જોવા મળશે.

કેટરીના કૈફ અને રાજકુમાર રાવે પીએમ કેર ફંડમાં કર્યું દાન

મુંબઈ

કોરોના વાઈરસ સામે લડવા માટે ફંડ એકઠું કરવામાં આવી રહ્યું છે. તેમાં PM-CARES ફંડ (પ્રધાનમંત્રી સિટિઝન આસિસ્ટન્સ એન્ડ રિલીફ ઈન ઈમર્જન્સી સિચ્યુએશન ફંડ) અને વિવિધ રાજ્યના સીએમ રિલીફ ફંડ સામેલ છે. સેલેબ્સ પણ આ ફંડમાં પોતાનું યોગદાન આપી રહ્યા છે. કેટરિના કૈફ અને રાજકુમાર રાવે આર્થિક સહાય કરી છે અને તેની જાણ સોશિયલ મીડિયા પર કરી છે.

કેટરિનાએ પોસ્ટ શેર કરી લખ્યું કે, હું પીએમ કેર અને સીએમ રિલીફ ફંડ (મહારાષ્ટ્ર)માં દાન કરવાની શપથ લઉં છું. આ મહામારીને કારણે દુનિયા ઘણી મુશ્કેલી અને દુ:ખનો સામનો કરી રહી છે તે જોઈને દિલ ભરાઈ આવ્યું. રાજકુમારે ટ્વીટ કર્યું કે, આ સમય સાથે આગળ આવીને આપણી સરકારને આ કોરોના વાઈરસની લડતમાં સાથ આપવો જોઈએ. મેં મારાથી બનતું કર્યું. પીએમ રિલીફ ફંડ, સીએમ રિલીફ ફંડ અને ઝોમેટો ફીડ ઈન્ડિયા ફંડમાં દાન કર્યું જેથી જરૂરિયાત ધરાવતા પરિવારોની મદદ થઇ શકે. પ્લીઝ તમે પણ જે કોઈપણ રીતે સપોર્ટ કરી શકતા હોય એ રીતે કરો. આપણા દેશને આપણી જરૂર છે. જય હિન્દ.

પીએમના ફંડમાં ન્યૂયોર્કથી પ્રિયંકા ચોપરા અને નિક જોનાસે કર્યું દાન



મુંબઈ

બોલિવૂડથી હોલિવૂડમાં જઈ ચૂકેલી અને હાલ ગ્લોબલ આઈકોન બની ચૂકેલી પ્રિયંકા ચોપરા વિદેશમાં બેસીને પણ ભારતીયો માટે એક સરાહનીય કામ કર્યું છે. ન્યૂયોર્કમાં રહી રહેલી પ્રિયંકા ચોપરાનું હદળ હંમેશા હિંદુસ્તાન માટે ધબકતું રહે છે. આ જ કારણે પ્રિયંકા ચોપરાએ કોરોના વાયરસના આ કપરા સમયમાઁ સ્ઝ્રદ્ભજ્ઞિ ફંડમાં દાન કરી મદદ માટે હાથ લંબાવ્યો છે. સાથે જ પ્રિયંકા ચોપરા અને નિક જોનાસે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ના PM Cares ફંડમાં અન્ય લોકોને પણ દાન કરવાની અપીલ કરી છે.

પ્રિયંકાએ થોડા સમય પહેલા જ એક પોસ્ટ કરીને આ ડોનેશન અંગે જાણકારી આપી છે. પ્રિયંકા વધુમાં લખ્યું છે કે "દુનિયામાં અનેક લકોને આજે અમારા સહારાની જરૂરિયાત છે. આ મારા અને નિક માટે પણ જરૂરી હતુંકે અમે તેવી સંસ્થાઓને ડોનેટ કરીએ જે ગરીબ, બેધર અને ડોક્ટરની મદદમાં આવે. સાથે અમે મ્યૂઝિક અને મનોરંજન ઈન્ડસ્ટ્રીના અમારા સહકર્મીઓની પણ મદદ કરીશું. સાથે જ અમે તમને પણ નાણાં દાનમાં આપવાની અપીલ કરીએ છીએ. કોઈ પણ રકમ નાની નથી હોતી ભલે તે એક ડોલર જ કેમ ના હોય. આપણે સાથે મળીને આ બદલાવ લાવી શકીએ છીએ.

જો કાબા અને મદીના બંધ થઈ શકે તો ભારતની મસ્જિદો કેમ નહીં: જાવેદ અખ્તર

મુંબઈ

દેશભરમાં કોરોના વાયરસના સંક્રમણના કેસ વધી રહ્યાં છે. અધિકૃત માહિતી મુજબ ભારતમાં સંક્રમણના કેસ ૧૧૦૦ પાર પહોંચી ગયા છે. સમગ્ર દેશમાં ૨૧ દિવસનું લોકડાઉન જાહેર કરાયેલું છે. આ બધા વચ્ચે જાણીતા ગીતકાર જાવેદ અખ્તરે ભારતીય મસ્જિદોને બંધ કરાવવાની માગણી પણ ઉઠાવી છે. તેમણે ઈસ્લામિક સ્કોલર અને અલ્પસંખ્યક આયોગના પૂર્વ ચેરમેન તાહિર મહેમૂદની વાતનો હવાલો આપતા આ અંગે ટ્વીટ કરી છે.

જાવેદ અખ્તરે ટ્વીટર પર લખ્યું કે "એક સ્કોલર અને માઈનોરિટી કમિશનના પૂર્વ ચેરમેન તાહિર મહેમૂદ સાહેબે દારૂલ ઉલૂમ દેવબંધને એક ફતવો બહાર પાડીને જણાવા કહ્યું છે કે જ્યાં સુધી કોરોના સંકટ છે ત્યાં સુધી તમામ મસ્જિદોને બંધ કરવામાં આવે. હું આ માગણીનું સંપૂર્ણ સમર્થન કરું છું. જો કાબા અને મદીનામાં મસ્જિદ કરી શકાતી હોય તો ભારતીય મસ્જિદો કેમ નહીં. જાવેદ અખ્તરની આ માગણી અગાઉ દેવબંધ સ્થિત દારૂલ ઉલુમના મોહતમિમ મૌલાના મુફ્તી અબુલ કાસિમ નોમાનીએ ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથને એક પત્ર લખ્યો હતો. તેમણે આ પત્રમાં દારૂલ ઉલુમની બિલ્ડિંગને આઈસોલેશન વોર્ડ બનાવવાની રજૂઆત કરી છે. પત્રમાં નોમાનીએ લખ્યું છે કે સંકટની આ ઘડીમાં દેવબંધ દારૂલ ઉલુમ દેશની જનતા અને સરકારની પડખે છે. દારૂલ ઉલુમની ગ્રાન્ડ ટ્રંક રોડ પાસે દારૂલ કુરાનવાળી બિલ્ડિંગ છે. જો સરકાર ઈચ્છે તો તે બિલ્ડિંગને આઈસોલેશન વોર્ડ બનાવી શકે છે.

રોહિતની બેટિંગ જોઈ હું ઘણો હેરાન થઈ ગયો : વિરાટ કોહલી

ન્યુ દિલ્હી

ભારતીય ક્રિકેટ ટીમનો ઓપનર બેટ્સમેન રોહિત શર્મા હાલ ટીમ ઈન્ડિયાનો મહત્વનો હિસ્સો છે. તેની વિસ્ફોટક બેટિંગના દુનિયાભરમાં ફેન છે. ઈન્ડિયાનો કેપ્ટન વિરાટ કોહલી અને ભૂતપૂર્વ કેપ્ટન મહેન્દ્ર સિંહ ધોની સહિત ક્રિકેટના કેટલાક મોટા નામ રોહિત શર્માની બેટિંગના વખાણ કરી ચૂક્યા છે. વિરાટ કોહલીએ તો એક વખત એવો પણ ખુલાસો કર્યો હતો કે જ્યારે તેને પહેલીવાર રોહિત શર્માની બેટિંગ જોઈ તો તેના કેવા હાલ થયા હતા.

મીડિયા રિપોર્ટ મુજબ વિરાટ કોહલીએ એક ઈન્ટરવ્યૂમાં કહ્યું હતું કે વાત તે સમયની છે જ્યારે રોહિત આટલો લોકપ્રિય નહોતો અને જ્યારે ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૦૭ માટે ટીમ ઈન્ડિયામાં તેની પસંદગી કરવામાં આવી તો તેના નામની ઘણી ચર્ચા હતી. વિરાટે કહ્યું કે, 'અમે પણ વિચારવા લાગ્યા કે આ ખેલાડી કોણ છે. જેની આટલી ચર્ચા થઈ રહી છે. અમારા વિશે કોઈ વાત પણ નથી કરતું.

વધુમાં વિરાટે કહ્યું કે, ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૦૭ ટુનાર્મેન્ટ હતી અને મે રોહિતને બેટિંગ કરતા જોયો તો હું ઘણો હેરાન થઈ ગયો અને પોતાના સોફા પર બેસી ગયો. મે કહ્યું એટલે જ આટલી ચર્ચાઓ થઈ રહી હતી આ ખેલાડીની. આપણે જણાવી દઈએ કે રોહિત શર્માએ ૨૩, જૂન ૨૦૦૭માં આયરલેન્ડ વિરુદ્ધ વનડે ઈન્ટરનેશનલ ક્રિકેટમાં ડેબ્યૂ કર્યું હતું. પરંતુ આ મેચમાં તેને બેટિંગ મળી નહોતી. ૧૯ સપ્ટેમ્બર, ૨૦૦૭ ના રોજ ઈંગ્લેન્ડ વિરુદ્ધ ટી૨૦ વર્લ્ડ કપમાં ડેબ્યૂ કર્યું હતું પરંતુ આ મેચમાં પણ તેને બેટિંગ મળી નહોતી.

પીએમ કેર ફંડ: સાનિયા મિર્ઝા, મિતાલી રાજ સાથે આ ખેલાડીયોએ કર્યું દાન

મુંબઈ

કોરોનાવાઈરસની સામેની લડાઈમાં મહિલા ખેલાડીઓ પણ મદદ માટે આગળ આવી છે. ટેનિસ સ્ટાર સાનિયા મિર્ઝાએ જરૂરતમંદની સેવા માટે સવા કરોડ રૂપિયા ભેગા કર્યા છે. તેણે ટ્વીટ કરીને કહ્યું કે, ગયા અઠવાડિયે અમે હજારો પરિવારો સુધી જમવાનું પહોચાડ્યું હતું અને લોકોની મદદથી ૧.૨૫ કરોડ રૂપિયા ભેગા કર્યા છે. આ પ્રયત્નો આગળ પણ ચાલુ રહેશે. બીજીતરફ, વનડે ટીમની કપ્તાન મિતાલી રાજે ૧૦ લાખ ડોનેટ કરવાની જાહેરાત કરી છે. તે પીએમ કેર ફંડ અને તેલંગણા સીએમ રિલીફ ફંડમાં ૫-૫ લાખ રૂપિયા આપશે.

તે સિવાય ક્રિકેટર પૂનમ યાદવ અને દીપ્તિ શર્મા પણ યોગદાન આપવા આગળ આવ્યા છે. દીપ્તિ ૧.૫ લાખ રૂપિયા દાનમાં આપશે. આ પહેલા બોક્સર અને રાજ્યસભા સાંસદ મેરીકોમ એ પણ એક મહિનાની સેલેરી પીએમ રિલીફ કેર ફંડમાં આપી હતી. તે ઉપરાંત તે સાંસદ નિધિમાંથી ૧ કરોડ રૂપિયાનું દાન કરી ચુકી છે. ભારતીય સ્પ્રિંટર હિમા દાસે પણ કોરોનાવાઈરસથી લડવા માટે એક મહિનાની સેલેરી આપવાનો નિર્ણય લીધો છે. તે આસામના કોવિડ-૧૯ રિલીફ એકાઉન્ટમાં દાન કરશે. ૧૫ વર્ષીય ભારતીય શૂટર ઈશા સિંહ પણ કોરોના સામેની લડાઈમાં ૩૦ હજાર રૂપિયાનું દાન આપશે. સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના બધા કર્મચારીઓએ પોતાની ૩ દિવસની સેલેરી પીએમ કેર ફંડમાં દાન આપી છે. રમત મંત્રી કિરણ રિજિજૂએ આના વખાણ કરતા ટ્વીટ કર્યું કે, મને આ જાણકારી આપતા આનંદ થાય છે કે, સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના ગ્રુપ-છ કર્મચારીઓએ ૩ દિવસની, ગ્રુપ-ન્ના કર્મચારીઓએ ૨ દિવસ અને બાકીના બધા કર્મચારીઓએ ૧ દિવસની સેલેરી પીએમ કેર ફંડમાં આપી છે. કુલ રાશિ ૭૬ લાખ રૂપિયા છે. આ પહેલા રિજિજૂએ પોતાની સાંસદ નિધિમાંથી એક કરોડ રૂપિયા ફંડમાં જમા કરાવ્યા છે.

પાકિસ્તાનના ઓલરાઉન્ડર મોહમ્મદ હાફીઝે સંન્યાસ લેવાનો નિર્ણય કર્યો

ન્યુ દિલ્હી

હાલ આખી દુનિયા મહામારી કોરોનાથી ઝઝૂમી રહી છે. કોરોનાના કારણે દુનિયાભરની રમત પ્રતિયોગિતાઓ રદ કરવામાં આવી છે. ત્યારે ક્રિકેટ પર સંપૂર્ણ રીતે ઠપ્પ છે. કોરોના કારણે ઈન્ડિયન પ્રીમિયર લીગ અને એશિયા કપ જેવી મોટી ટુર્નામેન્ટ પણ મુલતવી રાખવામાં આવી છે.

આ પરિસ્થિતિઓ વચ્ચે પાકિસ્તાનથી એક મોટા સમાચાર આવ્યા છે. પાકિસ્તાનના ઓલરાઉન્ડર મોહમ્મદ હાફીઝે સંન્યાસ લેવાનો નિર્ણય કર્યો છે. મીડિયા રિપોર્ટ મુજબ હફીઝે જણાવ્યું કે ઓક્ટોબરમાં



થનારી આઈસીસી ટી૨૦ વર્લ્ડ કપ બાદ તે ઈન્ટરનેશનલ ક્રિકેટને અલવિદા કહી દેશે. તે ટી૨૦ વર્લ્ડ કપમાં પાકિસ્તાનનું પ્રતિનિધિત્વ કરવા માંગે છે.

રિપોર્ટ મુજબ હફીઝે કહ્યું કે તે ટી૨૦ વર્લ્ડ કપમાં રમવા અને પોતાની ટીમ માટે સારું પ્રદર્શન કરવા ઈચ્છે છે. આ સાથે તેને ઈન્ટરનેશનલ ક્રિકેટથી સંન્યાસ લેવાની વાત પણ કહી હતી. આપણે જણાવી દઈએ કે આ પહેલા હફીઝે ટેસ્ટ ક્રિકેટમાંથી સંન્યાસ લીધો હતો અને હાલ તે ટી૨૦ અને વનડે ફોર્મેટમાં રમે છે. હફીઝની કેપ્ટનશિપ હેઠળ પાકિસતાને ૨૯માંથી ૧૭ ટી૨૦ મેચ જીત્યા છે અને પાકિસ્તાનની ટીમ નંબર ૨ની રેંકિંગ પર પહોંચી હતી. તે ટી૨૦ ક્રિકેટમાં ૧૦૦૦ રન અને ૪૦ વિકેટ લેનાર પહેલો ખેલાડી હતો. આ સાથે પાકિસ્તાનના કેપ્ટન તરીકે સતત ૩ ટી૨૦માં અડધી સદી ફટકારવાનો રેકોર્ડ પણ તેના નામે છે. હફીઝને ક્રિકેટ જગતમાં 'પ્રોફેસર' ના નામથી પણ ઓળખવામાં આવે છે.

વડોદરામાં ૩ દિવસમાં એકપણ પોઝિટિવ કેસ ન આવતા તંત્રમાં હાશકારો

વડોદરા

વડોદરા શહેરમાં છેલ્લા ૩ દિવસમાં ૨૮ સેમ્પલ રિપોર્ટ માટે મોકલાયા હતા. આ તમામ સેમ્પલના રિપોર્ટ નેગેટિવ આવ્યા છે. ૩ દિવસમાં કોરોના વાઈરસો એકપણ કેસ પોઝિટિવ આવ્યો નથી. જેને પગલે તંત્રએ હાશકારો અનુભવ્યો છે. બીજી તરફ ૨૭ વર્ષના એક યુવાનમાં શંકાસ્પદ કોરોના વાઈરસના લક્ષણો જણાઈ આવતા તેને સયાજી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યો છે.

અત્યાર સુધીમાં કોરોનાના ૧૦૧ રિપોર્ટ તંત્ર દ્વારા લેબોરેટરીમાં મોકલવામાં આવ્યાં છે, જે પૈકીના ૯૦ રિપોર્ટ નેગેટિવ આવ્યા છે અને ૯ પોઝિટિવ તથા બે નમૂના કેન્સલ થયા હતા. એસએસજીમાં ૬૦ અને ગોત્રી જીએમઈઆરએસ હોસ્પિટલ ખાતે ૩૦ મહિલાઓ અને ૩૯ પુરૂષો સહિત ૬૯ લોકોનું ફ્લુ ઓપીડીમાં સ્ક્રિનિંગ કરવામાં આવતા આજે શહેરની મોટી બે હોસ્પિટલોમાં સ્ક્રિનિંગની સંખ્યા ૧૨૯ની નોંધાઈ હતી.

કોરોનાની કટોકટીની સ્થિતિમાં જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા આરોગ્ય સર્વે માટે ૭૫૨ ટીમોની રચના કરવામાં આવી હતી. જેમાં ૧૪,૫૭,૭૨૯ લોકો પૈકી ૧૩,૭૩,૮૨૦ લોકોને આવરી લેવામાં આવ્યા છે. જેમાંથી ૬૭૨ તાવથી અને ૧,૪૮૮ કફથી પિડાતા હોવાથી તેમને જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

ગોત્રી જીએમઈઆરએસ ખાતે ૧૩ વર્ષના એક કિશોરને ખાંસી-શરદીની ફરિયાદ હોવાથી ફ્લૂની ઓપીડીમાં લાવવામાં આવ્યો હતો, પણ શંકાસ્પદ કોરોનાના લક્ષણો જણાતા તેના નમૂનાઓ લઈને લેબમાં મોકલવામાં આવ્યાં છે. આ કિશોર ગોરવાનો છે અને તેની કોઈ ટ્રાવેલ હિસ્ટ્રી નથી.

ચેકિંગ દરમિયાન પોઝિટિવના સંપર્કમાં આવતાં રેલવે પોલીસના બે જવાનોમાં અસર

વડોદરા

કોરોનોના વાયરસના ગુજરાતમાં અત્યાર સુધી ૭૧ લોકોના પોઝિટિવ રિપોર્ટ આવ્યા છે. રાજ્યમાં કોરોનાથી ૬ લોકોના મોત થયા છે. સૌથી વધુ અમદાવાદમાં કોરોનાના ૨૩ કેસ નોંધાયા છે. ત્યારે વડોદરામાં રેલવે પોલીસના બે જવાનોમાં કોરોનાની અસર જોવા મળી છે.

ઉલ્લેખનીય છે કે ગુજરાતમાં કોરના વાયરસના અત્યાર સુધી ૭૧ લોકોના પોઝિટિવ રિપોર્ટ આવ્યાં છે જ્યારે ૬ લોકોનાં મોત

ગુજરાતમાં કોરોના પહેલા પાનાથી ચાલુ

રજા આપવામાં આવી છે. આ સાથે સાજી થયેલી વ્યક્તિઓની સંખ્યા ત્રણની થઈ છે. આજે રજા અપાઈ છે, તેમાં ૬૫ વર્ષના પુરૂષ અને ૬૨ વર્ષના મહિલાનો સમાવેશ થાય છે. બન્ને લાલદરવાજાના રહીશ છે અને સાઉદી અરેબિયાના પ્રવાસ બાદ કોરોના થયો હતો. ગુજરાતમાં આજે ૩ નવા કેસો બહાર આવ્યા છે. કુલ આંક ૭૩એ પહોચ્યો છે. જેમાં ૬ લોકોને રિકવરી આવી છે. જ્યારે ૬ લોકોનાં મોત નીપજ્યાં છે. અમદાવાદ અને ગાંધીનગરમાં ૧-૧ પોઝિટિવ કેસનો વધારો થયો છે. અમદાવાદમાં ૨૩, ગાંધીનગરમાં ૧૦, રાજકોટ - ૧૦, સુરત અને વડોદરામાં ૯-૯, ભાવનગરમાં ૬, ગીર સોમનાથમાં ૨, મહેસાણા-કચ્છ-પોરબંદરમાં ૧-૧-૧ કેસ નોંધાય છે. સુરતના રાંદેરમાં વૃદ્ધનો પોઝિટિવ રિપોર્ટ આવ્યા બાદ તેમના સંપર્કમાં આવેલા તબીસ સહિતના ૫ લોકોને ક્વોરન્ટીન કર્યા છે.

૧૫૦૦ જેટલાં બેડરૂમ રિઝર્વ રાખવામાં આવ્યાં હોવાનું જણાવીને તેમમે ઉમેર્યું કે, બોપલ-સનાથળ વગેરે અમદાવાદની આસપાસના ગ્રામ્ય વિસ્તારમાંથી કોરોનાના દર્દીઓ નોંધાવાનું ચાલુ થતાં તેમજ આ વિસ્તારોમાં પણ વિદેશથી આવેલાં નાગરિકો હોવાથી તેમને હોમ-ક્વોરેન્ટાઈન કરાયા હોવાથી તે વ્યવસ્થા જિલ્લા તંત્ર સંભાળી રહ્યું છે, જ્યારે ફૂડપેકેટ વિગેરેની વ્યવસ્થા ઔડા દ્વારા કરાઈ રહી છે. હવે જો વધુ વ્યક્તિઓને ક્વોરેન્ટાઇન કરવાની જરૂરિયાત ઉભી થાય તો ઔડા વિસ્તારમાં બની રહેલા ફલેટોની ૪૮૫ જેટલી સાઇટના ૧૫૦૦ જેટલાં બેડરૂમ રિઝર્વ રાખવામાં આવ્યાં છે.

ગાંધીનગરમાં કોરોના વાયરસના વધુ બે પોઝિટિવ કેસ સામે આવ્યા છે. ગાંધીનગરમાં પોઝિટિવ કેસનો આંકડો હવે ૧૧ પર પહોંચ્યો છે. આ સાથે જ ગુજરાતમાં અત્યાર સુધીમાં કુલ ૭૩ પોઝિટિવ કેસ નોંધાયા છે. ભાવનગરમાં પાંચ પોઝિટિવ કેસ પૈકી એક મહિલાનું મોત નીપજતા મૃત્યુઆંક બે પર પહોંચ્યો છે અને રાજ્યનો કુલ ૬ લોકોએ જીવ ગુમાવ્યા છે. જેના કારણે હાલ લોકોમાં એક પ્રકારે ડર છવાયો છે. ગુજરાતના જાહેર રસ્તાઓ પરની અવરજવર પણ નહીંવત બની છે. તંત્ર દ્વારા જે વિસ્તારના પોઝિટિવ કેસ નોંધાયા છે ત્યાં અંતરાયો દ્વારા માર્ગો બંધ કરી દઈ પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. તેમજ આ વિસ્તારને સેનેટાઈઝ કરવાની કામગીરી પણ હાથ ધરવામાં આવી હતી. એસવીપીમાં જરૂર પડે તો વધુ બેડની સુવિધા ઉભી કરાશે તેમ ઉચ્ચ અધિકારીઓ જણાવી રહ્યાં છે. અમદાવાદમાં હાલ જે ૨૩ દર્દીઓ દાખલ થયેલાં છે, તે પૈકી ૧૪ની વિદેશ પ્રવાસની હિસ્ટ્રી છે, ૨ દર્દી આંતરરાજ્યમાં પ્રવાસે ગયા હતા, જ્યારે લોકલ ટ્રાન્સમીશનના કારણે ૭ ને ચેપ લાગ્યો છે રાજકોટમાં કોરોનાના દર્દીઓમાં આજે ૩૧ માર્ચે કોરોના વાઈરસના ૧૬ જેટલા શંકાસ્પદ કેસ નોંધાયા છે. આ તમામના લોહીના સેમ્પલ લઈ પરીક્ષણ માટે મોકલવામાં આવ્યા છે. જેમાં રાજકોટ શહેરના ૪, રૂરલના ૨ અને બીજા અન્ય જિલ્લાના દર્દીઓનો સમાવેશ થાય છે.

દેશમાં ૧૪૨૪ કેસ પહેલા પાનાથી ચાલુ

અત્યાર સુધી સંક્રમિતોની સંખ્યા ૧૨૫૧ છે. જેમાંથી ૧૦૧ સ્વસ્થ થઈ ગયા છે. સંક્રમણના કારણે અત્યાર સુધી ૩૯ લોકોના મોત થયા છે. તો બીજી બાજું મુંબઈમાં સલમાન ખાનના ૩૮ વર્ષીય ભત્રીજા અબ્દુલ્લા ખાન ઉર્ફ અબાનું સોમવારે મોત થયું છે. તે ઈન્દોરના ખાન કમ્પાઉન્ડમાં રહેતો હતો. અબ્દુલ્લાને રવિવારે મુંબઈના લીલાવતી હોસ્પિટલમાં ભરતી કરાયો હતો. શ્વાસ લેવામાં મુશ્કેલી થવા પર સાંજે વેન્ટીલેટર પર રાખવામાં આવ્યો હતો. તેનો કોરોના રિપોર્ટ આવવાનો બાકી છે.

દેશભરમાં કોરોનાના સંકટ વચ્ચે દિલ્હીમાં નિઝામુદ્દીન વિસ્તારમાં ધાર્મિક કાર્યક્રમમાં ભાગ લઈ ચુકેલા ૧૦ વ્યક્તિઓના મોત થતા હડકંપ મચી ગયો છે. જે ૧૦ લોકો મૃત્યુ પામ્યા છે..જેમાં તેલંગાણાના છ વ્યક્તિ છે. જ્યારે એક વિદેશી છે.આ ઉપરાંત તમિલનાડુ, કર્ણાટક અને જમ્મુ કાશ્મીરના એક-એક વ્યક્તિનો સમાવેશ થાય છે.. માનવામાં આવે છે કે, આ ધાર્મિક કાર્યક્રમમાં અંદાજે બે હજાર લોકો સામેલ થયા હતા. જેમાં દેશના જુદા-જુદા વિસ્તારોના નાગરિક પણ સામેલ હતા. દિલ્હીના નિઝામુદ્દીન વિસ્તારમાં તબલિઘી જમાતના મરકઝમાં ૧થી ૧૫ માર્ચ સુધી ૨ હજારથી વધુ લોકો એક ધાર્મિક આયોજનમાં સામેલ થયા હતા. તેમાં ઈન્ડોનેશિયા, મલેશિયા અને થાઈલેન્ડથી આવેલા લોકો પણ હતા. તેમાંથી ૨૦૦ લોકો કોરોનાથી સંક્રમિત હોય તેવી આશંકા છે. શંકાસ્પદ લોકોને તપાસ માટે હોસ્પિટલ મોકલવામાં આવ્યા છે. તેમને શરદી, ઉધરસ અને કફની ફરિયાદ છે. લોકડાઉન મામલે દિલ્હી સરકારની આ

ઈડરમાં અરવિંદ ત્રિવેદી કોરોના સામે લડવા લોકોને આપી મહત્વની સલાહ

ઈડર

કોરોના વાઈરસે દુનિયાભરમાં કાળો કહેર વર્તાવ્યો છે. ત્યારે રાજ્ય અને દેશમાં કોરોના વાઈરસને રોકવા માટે લોકડાઉન જારી કરી દેવાયું છે. દરમિયાન સરકારી ટીવી ચેનલ દૂરદર્શન નેશનલ પર રામાયણ જેવી સિરિયલોનું પ્રસારણ શરૂ કરાયું છે. ત્યારે આ સિરિયલમાં લંકેશનું પાત્ર ભજવનાર અને ઈડરના પીઠ અભિનેતા અરવિંદ ત્રિવેદીએ કોરોના સામે લોકોને લડવા માટે તન અને મનથી કોરોનાથી દૂર રહો તેવી સલાહ આપી છે. કોરોનાને ભગાડવો હોય તો તેનાથી પ્રભાવિત લોકોના સંપર્કમાં ન આવવા માટે કહ્યું છે. સાથે જ રામાયણ સિરિયલને ફરી દૂરદર્શન પર શરૂ કરાતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો આભાર માન્યો હતો.

લોકડાઉનઃ રાજકોટમાં પાન-મસાલાના કાળાબજાર, લેવાઈ રહ્યા છે ડબલ ભાવ

રાજકોટ

વ્યસનનું જો મોટું પ્રમાણ હોય તો એ સૌરાષ્ટ્રવાસીઓમાં છે. કોઈ પણ સમય સંજોગો હોય પરંતુ કાચી ૩પ મસાલા વગર કેમ ચાલે તેવી માનસિકતા અહીંના લોકો ધરાવે છે. કોરોના વાઈરસને લઈ લોકડાઉની પરિસ્થિતિમાં જીવનજરૂરી વસ્તુઓ સિવાય બહાર આવવાની મનાઈ છે ત્યારે લોકો કોઈને કોઈ બહાનું શોધી બ્લેકમાં મળતા મસાલા લેવા છાનેખૂણે જઈ રહ્યા છે. ત્યારે છાનેખૂણે વેચાતા બ્લેકમાં મસાલાનો વીડિયો સામે આવ્યો છે. જેમાં કાચી ૩પ મસાલાના બાર રૂપિયાના બદલે ૨૦ રૂપિયા લેવામાં આવી રહ્યા છે. છતાં પણ લોકો ફાકી લેવા નીકળે છે. રાજકોટવાસીઓને કોઈ પણ ભોગે મસાલો તો જોઈએ જ. ત્યારે શહેરમાં પાનના ગલ્લાઓ અને દુકાનો સદ્ધર બંધ રાખવામાં આવે છે. પરંતુ બે પૈસા કમાવવાની લાલચમાં અમુક લોકો આખી રાત ઘરમાં મસાલાના પાર્સલ બનાવી રહ્યા છે અને સવારે થેલીમાં રાખી વેચાણ કરી રહ્યા છે. રાજકોટમાં અલગ-અલગ સ્થળોએ આવા મસાલાઓનું વેચાણ થઈ રહ્યું છે તે પોલીસને પણ ખબર છે પરંતુ તે આંખ આડા કાન કરી રહી છે. જ્યારે એક સામાન્ય નાગરિકે આવા સમયે વ્યસન છોડવાનો મોટો મેસેજ પાસ કરી આવા મસાલા વેચતા લોકોને કેમેરામાં કેદ કરી લીધા હતા. આ વીડિયો મીડિયાને પહોંચાડવામાં આવ્યો હતો. આ વીડિયોમાં એક યુવાન મસાલા લઈને બેઠો હોય છે જે સંતાડી રાખે છે અને કોઈ મસાલો લેવા જાય તો સંતાડેલા મસાલા કાઢી તેને બજારભાવ કરતાં ડબલ ભાવથી વધુ કિંમતે આપવામાં આવે છે અને લોકો લે પણ છે.

ગંભીર બેદરકારી અત્યારે સામે આવી છે જેમાં લોકડાઉન એક મજાક બની ગયું છે. પોલીસે નિઝામુદ્દીન એરિયાને કોર્ડન કરી લીધો છે. અહીં અંદાજે ૨,૦૦૦ લોકોને ક્વૉરન્ટીન કરાયા છે અને તે બધાનો કોરોના ટેસ્ટ કરાઇ રહ્યો છે. આ દેશનો પહેલો આટલો મોટો સમૂહ છે કે જેનો કોરોના ટેસ્ટ કરાઇ રહ્યો છે.

સોમવારે સૌથી વધારે દર્દી વધ્યા તો સૌથી વધારે સ્વસ્થ પણ થયા હતા. સૌથી વધારે લોકોના મોત પણ થયા હતા. દેશભરમાં ગઈકાલે ૩૫ લોકોને હોસ્પિટલમાં રજા આપવામાં આવી હતી. આ પહેલા ૨૭ માર્ચે ૨૫ લોકો સ્વસ્થ થયા હતા. અત્યાર સુધી ૧૩૭ દર્દીઓનો સારવાર બાદ રિપોર્ટ નેગેટિવ આવ્યો છે. ગઈ કાલે ૧૬ લોકોના મોત થયા હતા. આ પહેલા ૨૬માર્ચ અને ૨૮ માર્ચે ૫-૫ કોરોના સંક્રમિતોએ દમ તોડ્યો હતો.

કેન્દ્રના સ્વાસ્થ્ય મંત્રાલયના દાવા પ્રમાણે, ભારતમાં કોરોના મહામારી સંક્રમણ હાલ કોમ્યુનિટી લેવલ પર પહોંચ્યું નથી. જે એક સારી બાબત માનવામાં આવી રહી છે. સ્વાસ્થ્ય મંત્રાલયે જણાવ્યું કે, દેશમાં કોરોના વાઈરસનું સંક્રમણ હાલ કોમ્યુનિટી લેવલ પર નથી પહોંચ્યું આ લોકલ લેવલ પર ટ્રાન્સમિટ થઈ રહ્યું છે. મંત્રાલયના સંયુક્ત સચિવ લવ અગ્રવાલે કહ્યું કે, સમાજના દરેક વ્યક્તિએ સહયોગ કરવો પડશે, નહીં તો અત્યાર સુધી સંક્રમણને રોકવા માટે જે પણ પરિણામ સામે આવ્યા છે, તે બધું બાતલ જશે. તેમણે અત્યારથી અપીલ કરી છે કે ૧૦૦ ટકા લોકો અલર્ટ રહે અને દેશને આ બિમારીમાંથી મુક્ત કરવા માટે પોતાનું યોગદાન આપે. લવ અગ્રવાલે કહ્યું કે, જો કોઈને શંકા છે કે તેને સંક્રમણ છે તો મહેરબાની કરીને તેને છુપાવશો નહીં.

રાજ્યોની સ્થિતિ પર નજર નાંખીએ તો, મહારાષ્ટ્રઃ છેલ્લા આઠ દિવસોથી કર્ફ્યૂ લાગેલો છે. તેમ છતા તેની સ્થિતિ નિયંત્રિત થઈ શકતી નથી. મંગળવાર સવારે સંક્રમણના પાંચ નવા કેસ સામે આવ્યા હતા. જેમાં એક મુંબઈમાં , બે પૂણે અને બુલઢાનાના કેસ છે. આ સાથે જ રાજ્યમાં કોરોના સંક્રમિતોની સંખ્યા વધીને ૨૨૫ સુધી પહોંચી ગઈ છે. સાથે જ રાજ્યમાં સંક્રમણથી ૧૦ લોકોના મોત થયા હતા.

રાજસ્થાનમાં તમામ પ્રયાસો બાદ પણ સંક્રમણના કેસ વધતા જઈ રહ્યા છે. અહીંયા છેલ્લા ૧૨ કલાકમાં ૧૩ નવા પોઝિટિવ કેસ સામે આવ્યા છે. જેમાંથી ચાર કેસ મંગળવારે સામે આવ્યા. જેમાંથી દુબઈથી ઝુંઝુનૂ પાછો આવેલો એક ૪૪ વર્ષીય વ્યક્તિ, અજમેરમાં પંજાબથી પાછા ફરેલા યુવકનું ૧૭ વર્ષની બહેન, ડુંગરપુરમાં સંક્રમિત મળ્યા યુવકના ૬૫ વર્ષીય પિતા અને જયપુરમાં ૬૦ વર્ષના વૃદ્ધ છે. રાજ્યમાં અત્યારે કુલ સંક્રમિતોની સંખ્યા ૮૩ પહોંચી ગઈ છે. સાથે જ સંક્રમણના કારણે બે લોકો પોતાના જીવ ગુમાવી ચુક્યા છે. રાજસ્થાનના ભીલવાડા શહેરમાં કોરોનાના કારણે મોટી આપત્તિને રોકવા સરકારે ૩ એપ્રિલથી ભીલવાડામાં કર્ફ્યુ નાંખવાની જાહેરાત થઈ છે.

કુલ સંક્રમિત ૨૩ અહીંયા સરકારે હોમ ક્વૉરન્ટીન અને કોરોના પોઝિટિવ દર્દીઓ પર



ડૉક્ટરો, પેરામેડિકલ સ્ટાફ, પોલીસકર્મીઓ અને અન્ય આવશ્યક સેવાઓ સાથે સંકળાયેલ કર્મચારીઓનો બિકાનેરમાં કલાકારોએ દીવાલ પર ચિત્ર દોરી આભાર વ્યક્ત કર્યો હતો.

કોરોના મહામારી વચ્ચે શરીરને જીવાણુમુકત રાખવાનું મશીન જામનગરમાં તૈયાર

જામનગર

કોરોના મહામારી વચ્ચે શરીરને જીવાણુમુકત રાખવાનું મશીન બનાવ્યાનો જામનગરના કૈલાશ ગોધર નામના યુવાને દાવો કર્યો છે. જેમાં પ્લાસ્ટિકના આવરણવાળી ચેમ્બરમાંથી વ્યકિત પસાર થતાં મશીનના પમ્પમાંથી સેનેટાઈઝરનો સમગ્ર શરીર પર છંટકાવ થતાં વિષાણુમુકત થાય છે. જામનગરના ખોડીયાર કોલોની વિસ્તારમાં રહેતા ઈજનેર કૈલાસ ગાધેરે કોરોના વાઈરસથી સુરક્ષિત રહી શકાય અને શરીરને જીવાણમુકત રાખે તેવું મશીન બનાવામાં આવ્યાનો દાવો કરવામાં આવ્યો છે.

કોરોના વાઈરસથી બચવા બરાબર હાથ ધોવા અને સેનેટાઈઝરની મદદથી હાથ ચોખ્ખાની સલાહ વિશ્વ આરોગ્ય સંસ્થા દ્વારા આપવામાં આવી રહી છે. ત્યારે આ પદ્ધતિને કેન્દ્રમાં રાખી આ મશીનનું નિર્માણ કરવામાં આવ્યું છે. જેમાં સમગ્ર શરીરને જીવાણુમુકત અને સેનેટાઈઝ કરવામાં આવે છે. આ મશીનમાં પ્લાસ્ટીકની ચેમ્બરવાળી ડીસઈન્ફેક્શન ચેનલમાંથી વ્યકિત પસાર થાય છે ત્યારે ઓટોસેપ્ટીક સેનીટાઈઝરનો સ્પ્રે એટલે કે છંટકાવ થતા વ્યકિત વિષાણુમુકત થાય છે. એન્ટીસેપ્ટીકમાં બજારમાં સરળાતાથી ઉપલબ્ધ ડેટોલ, સેવલોન અને તદઉપરાંત અપગ્રેડ વર્ઝનનો ઉપયોગ કરી શકાય છે. જો કે, કોરોનાના વિષાણુને નાશ કરવાનો દાવો કરતું મશીન ઈન્ડિયન મેડિકલ એસોસીએશન દ્વારા હજુ સુધી પ્રમાણીત કરવામાં આવ્યું નથી.

કોરોના વાઈરસ સામે રક્ષણ અને શરીરને જીવાણુમુકત રાખનાર મશીન અંગે જિલ્લા કલેકટર રવિશંકર શ્રીવાસ્તવે જણાવ્યું હતું કે, મને આ મશીન અંગે કોઈ જાણકારી નથી. મશીનમાં એક જગ્યાએ પ્લાસ્ટીકનો પમ્પ લાગેલો હોય છે, જે બહાર એક નાના મશીન સાથે જોડાયેલો હોય છે. આ પમ્પમાંથી સેનેટાઈઝરનો સ્પ્રે થાય છે જે આખા શરીરને વિષાણુમુકત કરે છે.

છત્તીસગઢના મુખ્યમંત્રી ભૂપેશ બઘેલે રાયપુરના ઘણા વિસ્તારોની મુલાકાત લીધી હતી અને જરૂરી સામાનની સપ્લાઈ અને ઉપલબ્ધતાની સમીક્ષા કરી હતી. છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યમાં ૫૦ લોકોની કોરોનાની તપાસ કરવામાં આવી હતી, પરંતુ સારા સમાચાર છે કે તમામના રિપોર્ટ નેગેટિવ આવ્યા છે.

રાજસ્થાનમાં કોરોનાના કુલ સંક્રમિત કેસો ૭૯ છે. રાજ્યમાં સંક્રમણના સોમવારે ૧૦ નવા કેસ સામે આવ્યા, જેમાંથી જયપુરમાં ૨, ભીલવાડામાં ૧ અને જોધપુરમાં ૭ દર્દી મળ્યા. રવિવારે રાતે અજમેરમાં પણ ૩ લોકોનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. મહારાષ્ટ્રમાં કુલ સંક્રમિત કેસો સમગ્ર ભારતમાં સૌથી વધારે ૨૩૮ છે. સોમવારે મોડી રાત્રે ૩૫ નવા કેસ સામે આવ્યા હતા. અહીંયા સૌથી વધારે ૭૫ દર્દી મુંબઈમાં છે. આ ઉપરાંત પૂણેમાં ૪૨, સાંઘલીમાં ૨૫ અને નાગપુરમાં ૧૨ દર્દી છે. રાજ્યમાં અત્યાર સુધી ૩૯ દર્દી સ્વસ્થ થઈ ચુક્યા છે.

આજથી દસ બેંક પહેલા પાનાથી ચાલુ

હશે.ઈન્ડિયન બેંક અને અલ્હાબાદ બેંકોનું મર્જર થશે. તેની વેપાર મૂડી ૮.૦૮ લાખ કરોડ રૂપિયા હશે.

બેંકોના મર્જર બાદ તમને એક નવો એકાઉન્ટ નંબર અને કસ્ટમર આઈડી મળી શકે છે. તેના માટે તમારું ઈમેલ એડ્રેસ અને મોબાઈલ નંબર બેંકની બ્રાન્ચની સાથે અપડેટ થાય તે જરૂરી છે. જેથી તમને બેંકો તરફથી કરાતા ફેરફારની માહિતી મળી શકે. તમારા તમામ એકાઉન્ટને એક સિંગલ કસ્ટમર આઈડીમાં ટેગ કરવામાં આવી શકે છે.

ઓહો.! ડિયર, લોકડાઉન થાય ક્લીયર તો અવાય નિયર બાકી અત્યારે તો લાગી રહ્યો છે નોવેલ કોરોનાનો ફીયર



"પ્રેમની વસંત બારેમાસ"

નીલકંઠ વાસુકિયા
મો.નંબર-9824856247
WRITER THINKER COLUMNIST

"કોલેજ એટલે મસ્તીની પાઠશાળા. કોલેજમાં તો મસ્તીની સાથે જ ભણવાનું હોય. આ થોડી નિશાળ છે કે માત્ર ભણવાનું જ કામ કરવાનું હોય. કોલેજમાં તો મિત્રોની સાથે ધમાલ ગમ્મત મજાક મસ્તી જ કરવાની હોય અને સાથે થોડુ ભણવાનું હોય. શાળામાં આપણી બંધીયાર જીંદગી હતી અને અહિ કોલેજમાં તો આપણે સંપુર્ણ મુક્ત છીએ. શાળામાં તો માસ્તર મારતા હતા પરંતુ કોલેજમાં તો પરીઓ બોલાવે છે" આ શબ્દો છે કોલેજના પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવેલા વિદ્યાર્થી અક્ષયના. અક્ષય બસ સ્ટોપ પર ઉભો રહીને તેના મિત્રો સાથે વાતચીત કરી રહ્યો છે અને આ વાતચીત શ્રેયા સહિતની યુવતીઓ પણ સાંભળી રહી છે. બસ સ્ટોપ પર અક્ષય બસની રાહ જોતી વખતે મિત્રો સાથે હંમેશા મજાક મસ્તી કરતો જોવા મળી રહ્યો છે. અક્ષયની મસ્તી કરીને સૌને હસતા રાખવાનો અંદાજ શ્રેયાને પસંદ આવી જાય છે. કોલેજ જવા માટે બસ સ્ટોપ પર અક્ષયને જોવે છે ત્યારે તે તેની મસ્તીમાં જ મસ્ત હોય છે. બસ સ્ટોપ શ્રેયા અક્ષયની પાસે જાય છે અને તેની સાથે વાતચીત કરે છે. અક્ષયને પણ શ્રેયા સાથે વાત કરવાની મજા આવે છે અને પછી તો બન્ને દૈનિક બસ સ્ટોપ પર મળે ત્યારે એકબીજા સાથે વાતો કરવા લાગે છે. થોડા દિવસોની વાતચીત પછી અક્ષય અને શ્રેયા મિત્ર બની જાય છે. બસ સ્ટોપ પરથી શરૂ થયેલી આ દોસ્તી કોલેજમાં પણ જોવા મળી રહી છે. અક્ષય અને શ્રેયા બન્ને કોલેજમાં સાથે આવી રહ્યા છે અને આખો દિવસ સાથે જ રહે છે. અક્ષય અને શ્રેયા કોલેજમાંથી સીધા ફિલ્મ જોવા માટે ઉપડી જાય છે અને ક્યારેક તો કોલેજ પણ જતા નથી. રીવરફ્રન્ટ પર અક્ષય અને શ્રેયા લટાર મારતા પણ જોવા મળી રહ્યા છે. થોડા દિવસોની ઓળખાણ પછી શ્રેયા કાંઇ પણ વિચાર કર્યા વગર અક્ષયને પ્રપોઝ કરે છે અને અક્ષય પણ તેનો સ્વીકાર કરી લે છે.

અક્ષય શ્રેયાને કહે છે કે, તું મને પહેલી નજરમાં જ ગમી ગઇ હતી મેં જ્યારે બસ સ્ટોપ પર પહેલી વખત તને જોઇ ત્યારથી હું તને પ્રેમ કરૂ છુ. પરંતુ તને પામવા માટે મેં કોઇ ઉતાવળ ન કરી. આ સાંભળીને શ્રેયાએ કહ્યુ કે, હું પણ તને પહેલી નજરથી પ્રેમ કરૂ છુ અને તને પામવાની હું ધીરજ ન ધરી શકી એટલે જ મેં તને પ્રપોઝ કરી દીધુ. અક્ષય અને શ્રેયા કોલેજના પહેલા વર્ષથી જ પ્રેમના તાંતણે બંધાઇ જાય છે અને આજીવન એકબીજાની સાથે જ રહેવાનું વચન પણ આપે છે. કોલેજના ત્રણ વર્ષ સાથે રહીને બન્ને ખુબ મજા કરે છે અને સાથે થોડો અભ્યાસ પણ કરી રહ્યા છે. કોલેજના છેલ્લા વર્ષની ફાઇનલ પરીક્ષા નજીક આવતા અક્ષય અને શ્રેયા બન્ને પરીક્ષાની તૈયારીઓમાં વ્યસ્ત બની જાયછે ને સાથે પ્રેમમાં મસગુલ થઇ જાય છે. પરીક્ષાની તૈયાઓમાંથી સમયકાઢીને પણ અક્ષય અને શ્રેયાને ભરપુર પ્રેમ કરી રહ્યા છે. આખી કોલેજમાં અક્ષય અને શ્રેયાના પ્રેમની ચર્ચા થઇ રહી છે. કોલેજમાં બધા વિદ્યાર્થીઓ મજાકમાં કહી રહ્યા છે કે, તમે બન્ને કોલેજ પુરી થયા પછી ક્યા મળશો? કેવી રીતે મળશો? ત્યારે અક્ષય કહે છે કે, અમારી ચિંતા તમે બધા ન કરશો, અમે તો ચોક્કસ મળતા જ રહીશું. આમ તો અક્ષય અને શ્રેયા એક પણ દિવસ મળ્યા વગર નથી રહી શકતા. રવિવારે કોલેજમાં રજાના દિવસે પણ કાંઇને કાંઇ બહાનું કાઢીને બન્ને ઘરેથી બહાર નિકળે છે અને નજીકમાં આવેલા ગાર્ડનમાં



મળે છે. પછી અક્ષય અને શ્રેયા સાથે બ્રેક ફાસ્ટ કરી ને જ છુટા પડે છે. કોલેજની ફાઇનલ પરીક્ષા નજીક આવી ગઇ છે અને બન્ને ઘરે રહીને અભ્યાસમાં ખુબ મહેનત કરી રહ્યા છે. ચીનથી બહાર નીકળીને નોવેલ કોરોના વાયરસ વિશ્વભરમાં હાહાકાર મચાવવા લાગે છે ત્યારે અક્ષય અને શ્રેયા પણ વૈશ્વિક મહામારીથી થોડા ચિંતીત થઇ જાય છે. અચાનક જ દેશમાં ૨૧ દિવસના લોકડાઉનની જાહેર કરવામાં આવે છે અને તમામ વાહન વ્યવહારથી લઇને કામધંધાઓ બંધ કરવાની ફરજ પડે છે. માત્ર આવશ્યક સેવાઓ જ ચાલુ રહે છે. સરકાર દ્વારા આપવામાં આવતી વારંવારની ગાઇડ લાઇનનું બન્ને દ્વારા અક્ષરસહ પાલન કરવામાં આવે છે, જેથી અક્ષય અને શ્રેયા રૂબરૂ મળી શકતા નથી. એક પણ દિવસ મળ્યા વગર રહી ન શકતા અક્ષય અને શ્રેયા કોરોના વાયરસના કારણે હવે રૂબરૂ મળી શકતા નથી. બન્ને વિડીયો કોલ કરીને કલાકો સુધી વાતો કરી રહ્યા છે અને ટેકનોલોજીના માધ્યમથી એકબીજાને પ્રેમથી નિહાળી રહ્યા છે. લોકડાઉનને એક અઠવાડીયા જેટલો સમય વિત્યા પછી શ્રેયા અક્ષયને મળવા માટે ઘરની બહાર બોલાવે ત્યારે અક્ષય કહે છે કે, આપણે પ્રેમી હોવા ઉપરાંત દેશના જવાબદાર નાગરીક પણ છીએ એટલે આપણો અત્યારે પ્રથમ ધર્મ સરકારના આદેશનું અક્ષરસહ પાલન કરવાનો છે. આપણી નાનકડી ભુલ પરીવાર સહિત સમાજને ભારે પડી શકે છે. તેમ છતાં પણ શ્રેયા મળવાની જીદ કરે છે ત્યારે અક્ષય કહે છે કે, "ઓહો.! ડિયર, લોકડાઉન થાય ક્લીયર તો અવાય નિયર, બાકી અત્યારે તો લાગી રહ્યો છે નોવેલ કોરોનાનો ફીયર" આ સાંભળતાની સાથે જ શ્રેયા ખડખડાટ હસવા લાગે છે. અક્ષય કહે છે કે, તું ફક્ત પ્રેમમાં જ ગંભીર છું પરંતુ નોવેલ કોરોના વાયરસ અંગે ગંભીર નથી ત્યારે શ્રેયા કહે છે કે, તે મને ક્યારેય ક્યાં કોઇ ગંભીરતા સમજાવી છે. તારી પણ ફરજ બને છે કે મને કોરોના વાયરસ અંગેની ગંભીરતા સમજાવવી જોઇએ. તો સાંભળ તેમ કહીને અક્ષય જણાવે છે કે, "તાવ, ખાંસી, કફ, વહેતું નાક, ગળાનો દુખાવો, શ્વાસની તકલીફ, શ્વાસ લેવામાં મુશ્કેલી ધ્રુજારી આ બધા કોરોના વાયરસના લક્ષણો છે. નોવેલ કોરોના વાયરસ એ વાઇરસથી થતો એક પ્રકારનો રોગ છે. તે પ્રાણીઓથી માણસને અને માણસથી માણસને ફેલાતો રોગ છે. હવા દ્વારા ચેપી વ્યક્તિના સંપર્કમાં આવવાથી કોરોના વાઇરસનો ચેપ લાગી શકે છે. કોરોના વાયરસથી બચવા માટે વારંવાર સાબુથી હાથ ધોવા, ખાંસી કે છીંક ખાતી વખતે રૂમાલથી મોઢુ ઢાંકવુ, હાથ મિલાવવા ના બદલે ભારતીય સંસ્કૃતિને અનુરૂપ નમસ્કારનો ઉપયોગ કરવો, જાહેરમાં થૂકવું નહીં અને ખાસ ભીડભાડવાળી જગ્યાઓથી દૂર રહેવું જોઈએ. કોરોના વાયરસના ચેપથી વિશ્વભરમાં અનેક લોકો મૃત્યુના મુખમાં ધકેલાઇ રહ્યા છે. કોરોના વાયરસની કોઇ જ સારવાર નથી અને માત્ર ઘરમાં જ રહીને કોરોના વાયરસના કહેરથી બચી શકાય છે." કોરોના અંગે જાણકારી સાંભળીને શ્રેયા કહે છે કે, અક્ષય હવે હું ક્યારેય મળવાની જીદ નહી કરૂ પરંતુ કોરોનાનો ભય ઓછો થયા પછી તો મળીશું જ. અક્ષય અને શ્રેયા લોકડાઉનમાં મળવાનું ટાળી રહ્યા છે અને ઘરમાં રહીને જ વિડીયો કોલ કરીને એકબીજાને જોવાની સાથે પ્રેમથી વાતચીત કરી રહ્યા છે. અક્ષય અને શ્રેયાના પરીવારજનો પણ કહી રહ્યા છે કે તમને લોકડાઉન પછી પરણાવી દેવા છે પછી જીવનભર સાથે રહેજો. પરીવારની સંમતી મળતા અક્ષય અને શ્રેયા બન્ને હરખાઇ જાય છે પરંતુ અત્યારે રૂબરૂ નહી મળી શખવાનો અફસોસ કરી રહ્યા છે તેમ છતાં અક્ષય અને શ્રેયા સરકારના આદેશોનું અક્ષરસહ પાલન કરી રહ્યા છે.

જીલ્લા આરોગ્ય વિભાગ અને વહિવટી તંત્ર દ્વારા જિલ્લા પંચાયત અમદાવાદ ખાતે મેડીકલ કેમ્પ યોજાયો



કોરોના વાયરસ સંક્રમણ અટકાયતી પગલાના ભાગરૂપે મેડીકલ કેમ્પનું આયોજન કરાયુ

વંદના નીલકંઠ વાસુકિયા વિરમગામ દ્વારા

જીલ્લા પંચાયત અમદાવાદ ખાતે જિલ્લા વિકાસ અધિકારી અરૂણ મહેશ બાબુ અને મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો.સતિષ મકવાણાની સુચના અને જીલ્લા આરસીએચઓ ડો ગૌતમ નાયક, જીલ્લા રોગચાળા નિયંત્રણ અધિકારી ડો.ચિંતન દેસાઇના માર્ગદર્શન હેઠળ કોરોના વાયરસની મહામારી અટકાયત પગલાના ભાગરૂપે મેડીકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યુ હતુ. આ કેમ્પમાં અધિકારીઓ, કર્મચારીઓનું થર્મલ ગનથી સ્ક્રિનીંગ કરીને આરોગ્ય તપાસ કરવામાં આવી હતી. જરૂરીયાત મુજબ સ્થળ પર જ સારવાર આપવામાં આવી અને કોરોના વાયરસથી બચવા માટે વારંવાર સાબુથી હાથ ધોવા, ખાંસી કે છીંક ખાતી વખતે રૂમાલથી મોઢુ ઢાંકવુ, હાથ મિલાવવા ના બદલે ભારતીય સંસ્કૃતિને અનુરૂપ નમસ્કારનો ઉપયોગ કરવો, જાહેરમાં થૂકવું નહીં અને ખાસ ભીડભાડવાળી જગ્યાઓથી દૂર રહેવું જોઈએ. તાવ, ખાંસી, કફ, વહેતું નાક, ગળાનો દુખાવો, શ્વાસની તકલીફ, શ્વાસ લેવામાં મુશ્કેલી ધ્રુજારી જેવા લક્ષણો જોવા મળે તો નજીકના આરોગ્ય કેન્દ્રનો સંપર્ક કરવો જોઈએ તેવું આરોગ્ય શિક્ષણ આપવામાં આવ્યુ હતુ. કોરોના વાયરસથી બચવા માટે આટલુ કરો, આટલુ ન કરો નું આઈઈસી એક્ટીવીટી દ્વારા નિદર્શન કરવામાં આવ્યુ હતુ. આ ઉપરાંત આયુર્વેદિક ઉકાળાનું વિતરણ કરવામાં આવ્યુ હતુ.

લોકડાઉનને પગલે શહેરો ખાલીખમ અને ગામડાઓ લોકોથી ઉભરાયા

સુમસામ દેખાતા ગામડાઓમાં લોકોની ચહલ પહલ વધી ગઈ

અમદાવાદ

કોરોનાનો કહેર આગળ વધે તે પહેલા જ રાજ્યભરમાં લોકડાઉનના પગલે અમદાવાદ, સુરત, રાજકોટ અને વડોદરા સહિતના શહેરોની સરહદો સીલ કરી દેવામાં આવી હતી પરંતુ દેશભરમાં ૨૧ દિવસના લોકડાઉનની જાહેરાત સાથે જ મહાનગરો અને નગરોમાં રહેતા લાખો શ્રમજીવીઓ અને મધ્યમ વર્ગના પરિવારોએ રાતોરાત હિજરત કરીને વતન તરફ દોટ મૂકતા મહાનગરો ખાલી ખમ થઇ ગયાં છે પરંતુ ગામડાઓ હવે શહેરમાંથી આવેલા લોકોથી ઉભરાઇ રહ્યાં છે. મહાનગરોનો વાયરસ ગામડાઓમાં પણ ન પ્રસરે તે માટે છેલ્લા ચાર પાંચ દિવસથી પોલીસ અને સ્થાનિક વહીવટી તંત્ર દ્વારા આવાં હિજરતી પરિવારોની યાદી બનાવવામાં આવી છે. તેમજ ગામડાઓમાં પણ લોકડાઉનનો કડક અમલ કરવામાં આવી રહ્યો છે. લોકડાઉન કરાતાં રિવર્સ માઇગ્રેશન એટલે કે શહેરોથી ગામડાઓ તરફ લોકોનું પ્રયાણ વધ્યું છે. હાલ મુંબઇ, સુરત, અમદાવાદ, દિલ્હી, વડોદરા સહિતના શહેરોમાંથી અનેક પરિવારો ઉત્તર ગુજરાતનાં ગામડાંઓમાં વતન પરત આવી રહ્યા છે. જેને લઇ ગામડાઓમાં પણ ઉચાટ વધ્યો છે. જોકે, કોરોના સંક્રમણનું જોખમ હોઇ ગામડાં પણ પોતપોતાની રીતે સજાગ બન્યાં છે.

સુરતમાંથી સૌથી વધુ લોકો હિજરત કરીને આદિવાસી પટ્ટીના જિલ્લાઓ તેમજ મધ્યમ વર્ગના લોકો ભાવનગર, અમરેલી અને કચ્છ સહિતના સૌરાષ્ટ્ર માં આવેલા પોતાના વતનમાં પહોંચી ગયાં છે. એક અંદાજ મુજબ સુરતમાંથી દોઢ લાખથી વધુ લોકો સૌરાષ્ટ્રના પોતાના વતન પહોંચી ઓગયાં છે.

કોરોના હવે ગામડાં ભણી, શહેરો ખાલી, ગામડાં હિજરતીઓથી ઉભરાયાં

અમદાવાદ

કોરોનાનો કહેર આગળ વધે તે પહેલા જ રાજ્યભરમાં લોકડાઉનના પગલે અમદાવાદ, સુરત, રાજકોટ અને વડોદરા સહિતના શહેરોની સરહદો સીલ કરી દેવામાં આવી હતી પરંતુ દેશભરમાં ૨૧ દિવસના લોકડાઉનની જાહેરાત સાથે જ મહાનગરો અને નગરોમાં રહેતા લાખો શ્રમજીવીઓ અને મધ્યમ વર્ગના પરિવારોએ રાતોરાત હિજરત કરીને વતન તરફ દોટ મૂકતા મહાનગરો ખાલી ખમ થઇ ગયાં છે પરંતુ ગામડાઓ હવે શહેરમાંથી આવેલા લોકોથી ઉભરાઇ રહ્યાં છે. મહાનગરોનો વાયરસ ગામડાઓમાં પણ ન પ્રસરે તે માટે છેલ્લા ચાર પાંચ દિવસથી પોલીસ અને સ્થાનિક વહીવટી તંત્ર દ્વારા આવાં હિજરતી પરિવારોની યાદી બનાવવામાં આવી છે. તેમજ ગામડાઓમાં પણ લોકડાઉનનો કડક અમલ કરવામાં આવી રહ્યો છે.

આરોગ્ય વિભાગ સતત કાર્યરત, આજથી વગર રાશનકાર્ડે પણ મળશે અનાજ: ડે.સીએમ

ગાંધીનગર

ડેપ્યુટી સીએમ નીતિન પટેલે જણાવ્યુ હતુ કે, રાજ્યના તમામ ઘરો સુધી સ્ક્રિનિંગ કરાયું, તાવ, શરદી, ખાંસીના લક્ષણો અંગે તપાસ કરવામાં આવી, આરોગ્ય વિભાગ સતત કામ કરી રહ્યું છે. પ્રાઈવેટ દવાખાના ખુલ્લા રાખી શકાય છે. કોઈ હોસ્પિટલાઈઝ હોય તો તેની સારવાર ચાલુ જ રહેશે. જીવનજરૂરિયાત વસ્તુઓ માટેની દુકાનો માટે ખાસ પાસ ઈશ્યુ કરાયા છે. દરરોજ ચર્ચા કરીને કોરોના સામે લડવા માટે નવા નિર્ણયો લઈએ છીએ. મેડિકલ અને પેરામેડિકલ સ્ટાફ અને આશા વર્કર બહેનો સતત કામ કરી રહ્યો છે. સફાઈ કામદારો સતત સ્વચ્છતા માટે કામ કરી રહ્યા છે જેમનો આભાર માનવો ઘટે. આવતીકાલથી સસ્તા અનાજની દુકાનથી રેશનીંગનો જથ્થો અપાશે, વિના મૂલ્યે રેશનીંગનો જથ્થો આપવામાં આવશે. ગુજરાતના એક શહેરમાંથી કેટલાંક લોકો દિલ્હીમાં તબલીગી જમાતમાં ગયા હતા, તપાસ ચાલુ છે.

લોકડાઉન દરમિયાન સરકાર રાશનનું વિતરણ કરશે. કાર્ડધારકો અને કાર્ડ વગરના તમામ લોકોને રાશન મળશે. ઝર્ણા સચિવ અશ્વિની કુમારે આ અંગે પત્રકાર પરિષદમાં જણાવ્યુ હતુ કે, આવતીકાલથી જીવનજરૂરિયાત રાશનની પાંચ વસ્તુઓનું વિતરણ કરાશે. ૧ એપ્રિલથી રાજ્યમાં ૧૭ હજાર દુકાનમાં કરાશે વિતરણ. ૬૬ લાખ કુટુંબને ઘઉં, ચોખા, દાળ, મીઠું, ખાંડનું વિતરણ કરાશે. અન્ય રાજ્યના શ્રમિકોને રહેઠાણ-ભોજન માટે ૪૦ કરોડ રકમ ફાળવાઈ છે

૧૧૦૦ હેલ્પલાઈન દ્વારા ટેલી મેડીસીનની સુવિધા ઉભી કરવામાં આવી છે. રાજ્યમાં કોરોના વાયરસનાં ચેપગ્રસ્ત દર્દીઓ અને તેના કુટુંબીજનો તેમજ તેમના સંપર્કમાં આવેલા એવા વ્યક્તિઓને મદદ મળશે જેમને હોમ ક્વોરન્ટાઈન કરવામાં આવ્યા છે. ગુજરાતમાં કોરોના વાયરસના કેસની સંખ્યા ૭૩ પર પહોંચી નવા નોંધાયેલા તમામ કેસ સ્થાનિક ગુજરાતીઓના છે. આ અંગે ગુજરાતના આરોગ્ય સચિવ જયંતિ રવિએ પત્રકાર પરિષદ કરીને માહિતી આપી હતી.

ભાવનગરમાં ગરીબ-જરૂરિયાતમંદોને જીવનજરૂરી મદદ કરશે જીતુ વાઘાણી

ગાંધીનગર

કોવિડ ૧૯ કોરોના વાયરસ સામેના જંગમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનો લૉકડાઉનનો નિર્ણય સંપુર્ણ પરીણામલક્ષી બની રહે તે માટે પ્રદેશ અધ્યક્ષ જીતુ વાઘાણીએ મહત્વની જાહેરાત કરી છે.

પ્રદેશ અધ્યક્ષ જીતુ વાઘાણીએ મહત્વની જાહેરાત કરતા કહ્યું છે કે, ભાવનગર પશ્ચિમ વિધાનસભા મતવિસ્તારમા ઘઉંનો લોટ- ૧૦ કિલો, ખીચડિયા ચોખા- ૫ કિલો, મગદાળ- ૨ કિલો, કપાસિયા તેલ -૨ કિલો, તુવેરદાળ -૨ કિલો, મીઠું -૨ થેલી, ખાંડ- ૨ કિલો, ગોળ ૧ કિલો, મરચું ૫૦૦ ગ્રામ, હળદર-૨૫૦ ગ્રામ, રાય -૨૫૦ ગ્રામ, ધાણાજીરું -૨૫૦ ગ્રામ, ચાની ભૂકી -૨૫૦ ગ્રામ ડુંગળી -૩ કિલો, બટેટા-૫ કિલો સહિતની ૧૮ જેટલી ચીજવસ્તુઓની ૧૨૦૦ જેટલી કિટ તૈયાર કરી ખરા જરુરીયાત મંદો સુધી પહોચાડવાની સાથે આર્થિક રીતે પછાત , નિરાધાર, અશક્ત લોકો માટે સંપુર્ણ હાઈજેનિક રીતે પૌષ્ટિક રસોઇ તૈયાર કરી જમાડવાની વ્યવસ્થા કરવામા આવેલ છે.

મહત્વનું છે કે, રાજ્યમાં કોરોનાની અસર અંગે મંગળવારે આરોગ્ય અગ્ર સચિવ જયંતિ રવિએ જણાવ્યું કે, આજે ગુજરાતમાં કોરોના વાયરસનાં નવા બે કેસ સામે આવ્યાં છે. જેથી રાજ્યમાં કુલ કોરોનાનાં પોઝિટિવ દર્દીઓની સંખ્યા ૭૩ થઇ છે. આમાંથી ૬ લોકોનાં મોત નીપજ્યા છે. આજે સારા સમાચાર એ પણ છે કે, કોરોનાનાં પાંચ દર્દીઓને રજા આપવામાં આવી છે. જેમાંથી ત્રણ દર્દીઓ ૬૦ વર્ષની ઉપરનાં છે. રાજ્યમાં જે નવા કેસ સામે આવ્યાં છે તે બંન્ને લોકલ ટ્રાન્સ્મિશનનાં કેસ છે. એટલે આ બંન્નેની વિદેશની હિસ્ટ્રી નથી પરંતુ સ્થાનિક રીતે ચેપ લાગ્યાનું તારણ છે.

કોરોનાઃ સુરતમાંથી બિહાર અને ઓરિસ્સાનાં કારીગરોની વતન તરફ હિજરત

સુરત

કાપડ ઉધોગમાં કામ કરતા કેટલાક કારીગર માલિકો દ્વારા જમવાની અને સેવાભાવી સંસ્થાઓ દ્વારા અનેક સેવા પુરી પાડવામાં આવે છે તે છતાંય કારીગર વર્ગ પોતાના વતન તરફ હિજરત કરી રહ્યાં છે. ત્યારે દિવસ દરમિયાન પોલીસ કડકાઈ કરે તે માટે અડધી રાત્રે પગપાળા પોતાના વતન તરફ જવા નીકળી પડે છે. જોકે, આ કારીગર વર્ગ જતો રહ્યો તો સુરતનાં વેપાર ઉધોગ લાંબા સમય માટે પડી ભાગશે.



કોરોના વાયરસને લઈને લૉકડાઉનનો અમલ શરૂ થયા પછી કારખાનાઓ બંધ છે. તેવા સંજોગોમાં કારીગરોને સાચવવાની જવાબદારી ઉદ્યોગકારોએ ઉઠાવી લીધી છે. આ ઉધોગોમાં મોટા પ્રમાણમાં ઓરિસ્સા, યુપી અને બિહારનાં લોકો કામ કરે છે. આ કારીગરોને રહેવાની સાથે જમવાની તકલીફ પડે છે તે માલિકો દ્વારા કે સેવાભાવિ સંસ્થા દ્વારા તેમને મદદ કરવામાં આવે છે. પણ કશેને કશે આ કારીગર વર્ગ પોતાના વતન તરફ હિજરત કરી રહ્યા છે. વતનમાં રહેતા પરિવાર સુરત કામ કરતા પોતાના પરિવારના સભ્યની ચિંતા સતત કરી રહ્યો છે.

આજ પરિસ્થિતિ રહી તો આગામી દિવસમાં સુરતનાં ઉધોગ પડી ભાંગે તેવી સ્થિતિનું નિર્માણ થયું છે. જોકે, આ કારીગર વતન ગયા બાદ જલ્દીથી પરત નહિ ફરે તેવી પણ શક્યતા છે. રસ્તામાં પોલીસ દ્વારા હેરાનગતિ નહીં થાય તે માટે ખેતરોમાં થઈને, અંદરના રસ્તે આ બધા હાઈવે તરફ આગળ વધે છે. મગજમાં એક જ વાત છે કે ગમે તે રીતે વતનમાં ફેમિલી પાસે જવું છે. મધરાત બાદ વસાહતોમાંથી બહાર નીકળી રહ્યા છે. ગઈકાલે મધરાતથી વહેલી સવારના છ વાગ્યા સુધીમાં ઓછામાં ઓછા ચારથી પાંચ હજાર કારીગર વર્ગ પગપાળા જતો જોવાયો હતો.

એલ એન્ડ ટી દ્વારા પીએમ કેર્સ ફંડમાં રૂ. ૧૫૦ કરોડનું દાન

કોરોના સામે ભારતની લડાઈને એલએન્ડટીનો ટેકો

સુરત

ભારતની અગ્રણી ટેકનોલોજી, એન્જિનીયરિંગ, કન્સ્ટ્રક્શન, ઉત્પાદન અને નાણાકીય સેવાઓમાં કાર્યરત ગ્રૂપ લાર્સન એન્ડ ટૂબ્રો ફંડ, સામુદાયિક કલ્યાણકારક યોજનાઓ અને સહાય આપવા પોતાની કુશળતાનો ઉપયોગ કરીને કોવિડ-૧૯ સામે લડાઈમાં કોર્પોરેટ ભારતના પ્રદાનમાં સાથસહકાર આપવા પ્રતિબદ્ધ છે. ભારતના આદરણીય પ્રધાનમંત્રીની અપીલ પર કંપની પીએમ-કેર્સ ફંડમાં રૂ. ૧૫૦ કરોડનું પ્રદાન કરશે.

આ રોગચાળા સામે લડવા કંપનીની તૈયારી પર લાર્સન એન્ડ ટૂબ્રોના ગ્રૂપ ચેરમેન શ્રી એ એમ નાઈકે કહ્યું હતું કે, "એલએન્ડટી જરૂરિયાતના સમયે હંમેશા દેશ સાથે છે. અમે કોવિડ-૧૯ રોગચાળા સામે લડવામાં ભારતને મદદ કરી રહ્યાં છે, જે માટે તાત્કાલિક ફંડ આપીશું અને વિવિધ કલ્યાણકારક પગલાં લઈ રહ્યાં છીએ, જેમાં અમારી ટ્રેનિંગ સ્કૂલોને આઈસોલેશન સેન્ટરમાં પરિવર્તિત કરવાની બાબત સામેલ છે. અમે આ કટોકટીના સમયમાં સત્તામંડળોને મદદ કરવા અમારી એન્જિનીયરિંગ અને નિર્માણ કુશળતાનો ઉપયોગ પણ કરી રહ્યાં છીએ."

પ્રોજેક્ટ મેનેજમેન્ટ ગ્રૂપે હાલ ચાલુ લૉકડાઉન દરમિયાન આશરે ૧૬૦,૦૦૦ કોન્ટ્રાક્ટ વર્કર્સને ટેકો આપવા દર મહિને રૂ. ૫૦૦ કરોડનું ફંડ અંકિત કર્યું છે, જેમાંથી તેમના પગારની ચુકવણી થશે તેમજ લેબર કેમ્પમાં તેમને ભોજન અને મૂળભૂત સુવિધાઓ આપવામાં આવશે તથા સાથે સાથે કોવિડ-૧૯ નિવારણ અને નિયંત્રણની આચારસંહિતા જાળવવામાં આવશે.

કોરોનાઃ સુરતના રાંદેરમાં ૨ પોઝિટિવ કેસ મળતા આખો વિસ્તાર સેનેટાઈઝ કર્યો

સુરત

સોમવારે કોરોનાનો વધુ એક પોઝિટિવ દર્દી સામે આવ્યો છે. રાંદેર વિસ્તારમાં લોન્ડ્રી ચલાવતા વૃદ્ધને શંકાસ્પદ લક્ષણો જણાતા રિપોર્ટ કરાવ્યો હતો, જે પોઝિટિવ આવતા આરોગ્ય વિભાગ દોડતું થયું છે. રાંદેર વિસ્તારમાંથી આ બીજો પોઝિટિવ કેસ છે. સુરત મ્યુનિસિપલ કોર્પોરેશને સમગ્ર વિસ્તારને સેનેટાઈઝ કરવાનું શરૂ કર્યું છે. આ કેસમાં સૌથી ચોંકાવનારી વાત એ છે કે, આ વૃદ્ધની કોઈ જ ટ્રાવેલ હિસ્ટ્રી નથી. જીસ્જ્ઞને શંકા છે કે આ વ્યક્તિ આસપાસના ઘણા બધા લોકોના સંપર્કમાં આવ્યો હશે. જેથી નાગરિક સંસ્થાએ તેમના સંપર્કમાં રહેલા ૩૦ લોકોને સરકારી ક્વોરેન્ટાઈન સુવિધામાં ખસેડ્યા છે.



મ્યુનિસિપલ કમિશનર બંછાનિધિ પાનીએ જણાવ્યું હતું કે, લોકલ ટ્રાન્સમિશન છે કે નહીં તે આ અત્યાર સુધીની સૌથી મોટી ક્વોરેન્ટાઈન એક્ટિવિટી હશે. રાંદેરની વસ્તી લગભગ બે લાખ છે. 'અમને ખબર નથી કે આ વ્યક્તિને કેવી રીતે ચેપ લાગ્યો, તેથી આપણે વધુમાં વધુ સંખ્યામાં લોકોને અલગ રાખવાની જરૂર છે. અમે સમગ્ર રાંદેર વિસ્તારમાં જંતુનાશક પ્રવૃત્તિઓ કરવાનું નક્કી કર્યું છે. એસએમસી અધિકારીઓને શંકા છે કે પોઝિટિવ રિપોર્ટ પહેલાં આ વ્યક્તિએ ધાર્મિક અથવા સામાજિક મેળાવડામાં ભાગ લીધો હશે અને આ જીવલેણ વાયરસની ત્યાં અન્ય ઘણા લોકોમાં ફેલાયો હશે. SMCના અધિકારીએ જણાવ્યું કે, '૬૭ પુરૂષ વૃદ્ધ રાંદેરમાં લોન્ડ્રીની દુકાન ધરાવે છે. તે વિસ્તારના ૫૦૦ મીટરની ત્રિજ્યામાં રહેતો હતો જ્યાંથી ૨૧ માર્ચના રોજ ૩૨ વર્ષના વ્યક્તિનો કોરોનાનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. વધુ ચિંતાની વાત તો એ છે કે આ લોન્ડ્રીનું કામ કરતો વૃદ્ધ બધાને કપડા પહોંચાડવા માટે અન્ય લોકોના સીધા સંપર્કમાં આવતો હતો.

નાયબ મ્યુનિસિપલ કમિશનર (આરોગ્ય અને હોસ્પિટલ) ડો.આશિષ નાયકે કહ્યું, 'આ જ વિસ્તારનો બીજો કેસ સ્થાનિક ટ્રાન્સમિશનનો સંક્રમણ દર્શાવે છે. તેમના પરિવારના લગભગ ચાર નજીકના લોકોને સરકારી ક્વોરેન્ટાઈન સુવિધામાં ખસેડવામાં આવ્યા છે.' નાયકના જણાવ્યા મુજબ, આ વૃદ્ધ તાવ અને શરદીની સારવાર માટે રાંદેરમાં એક ખાનગી ક્લિનિકની મુલાકાતે ગયો હતો. જો કે, આરોગ્ય ટીમો રાંદેર શહેરમાં તબીબો સહિત અન્ય લોકોની શોધખોળ માટે કેમ્પિંગ કરી રહી છે. જેમની સાથે છેલ્લા ૧૫ દિવસમાં કોરોના દર્દીએ સંપર્ક કર્યો હતો.

શહેરમાં લોકલ ટ્રાન્સમિશનના પોઝિટિવ કેસનો આંકડો ત્રણ પર પહોંચ્યો છે. ગત રોજ રાંદેર વિસ્તારના ૬૭ વર્ષીય વૃદ્ધનો રિપોર્ટ પોઝિટિવ આવતા આરોગ્ય તંત્ર દોડતું થઈ ગયું છે. સાથે સાથે લોકો પણ સજાગ થયા છે. છેલ્લા સાત દિવસ કરતા આજે દૂધ અને શાકભાજી લેવા નીકળતા લોકોની સંખ્યામાં ઘટોડા થયો છે.

નવસારીમાં લોકડાઉનનો ચુસ્ત પણે અમલ કરવા અધિક મેજીસ્ટ્રેડનો હુકમ

તા. ૧૪મી એપ્રિલ સુધી હુકમો અમલી રહેશે

નવસારી

વિશ્વભરમાં નોવેલ કોરોના વાયરસ(ધ્બ્સ્ત્ઝ્ર-૨૦૧૯) ને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન ધ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરેલ છે અને ભારતમાં પણ કોરોના વાયરસના કેસો નોદ્વધાયેલા છે. જે મહામારીને પહોદ્વચી વળવા ભારત સરકાર દ્વારા તા.૧૪/૦૪/૨૦૨૦ સુધી સમગ્ર ભારતમાં લોકડાઉન જાહેર કરવામાં આવ્યો છે. નોવેલ કોરોના વાયરસ(-૨૦૧૯)ના ઝડપથી સંક્રમણને ધ્યાને લેતા તકેદારીના ભાગરૂપે લોકોની વધુ અવરજવરવાળા જાહેર અને ખાનગી સ્થળોએ વાયરસને ફેલાતો અટકાવવા અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ શ્રી કે.જે.રાઠોડે દ્વારા ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩-ની કલમ ૧૪૪ તથા ગુજરાત પોલીસ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩ હેઠળ મળેલ સત્તાની રૂએ તાત્કાલિક અસરથી આગામી તા. ૧૪/૦૪/૨૦૨૦ સુધી સમગ્ર જિલ્લામાં લાગુ કરવામાં આવી છે.

આ હુકમ હેઠળ સમગ્ર નવસારી જિલ્લામાં જાહેર સ્થળોએ સક્ષમ અધિકારીશ્રીની પૂર્વ લેખીત પરવાનગી વગર કોઇ પણ પ્રકારના સભા, સરઘસ, સંમેલન કે મેળાવડા કે લોકમેળા કે જે પ્રસંગે વિશાળ સંખ્યામાં લોકો એકત્રિત થાય તેવા કોઈ આયોજન કરવા નહી. તમામ થિયેટરો મોલ, નાટયગૃહો, મલ્ટીપ્લેક્ષ, વિડીયો સિનેમા, ટુરીંગ સિનેમાં, ડ્રાઇવીંગ સિનેમાં, મનોરંજન કરતી તમામ નાટયમંડળીઓ તથા દરિયા કિનારા પર આવેલા મનોરંજન-ખાણીપીણીની તમામ સ્થળો કે જયાં મોટી સંખ્યામાં લોકોની અવર-જવર થતી હોય તેવા તમામ સ્થળો જાહેર જનતા માટે બંધ રાખવા. જીમ, સ્પોર્ટસ કોમ્પલેક્ષ સ્વીમીગ પુલ, ડાન્સ કલાસીસ, ગેઇમ ઝોન, કલબ હાઉસ, વોટર પાર્ક, ઓડીટોરીયમ, એમ્યુજમેન્ટ પાર્ક, પાર્ટી પ્લોટ, મેરેજ હોલ, લગન્ વાડી કે જયાં મોટી સંખ્યામાં લોકોની અવરજવર થતી હોય તેવા તમામ સ્થળો જાહેર જનતા માટે બંધ રાખવા. શૈક્ષણિક સંસ્થાઓ ટયુશન કલાસ વગેરે સ્થળોએ તમામ પ્રકારનું શૈક્ષણિક કાર્ય બંધ રાખવા. તમામ હોટલ, રેસ્ટોરન્ટ, ખાણી-પીણીના સ્થળો અને ટી-સ્ટોલ, હાટ બજાર, ભોજનાલયો તથા તમામ જાહેર ખાનગી સ્થળો કે જયાં મોટી સંખ્યામાં લોકોની ભીડ થતી તેવા જાહેર/ખાનગી સ્થળો તથા દુકાનો બંધ રાખવા. હોટલ્સ રેસ્ટોરન્ટસમાં માત્ર પાર્સલ અને ડીલીવરી સેવા ચાલુ રાખી શકાશે.

જા કોઈ મુસાફર જાહેર થયેલા કોરોના વાયરસ પોઝીટીવ વિસ્તાર તથા બહારના દેશમાંથી છેલ્લા ૧૪ દિવસમાં મુસાફરી કરી આવેલા હોય તો તેમણે નજીકની સરકારી હોસ્પિટલ-જિલ્લા કંટ્રોલ રૂમ તથા હેલ્પલાઈન ઉપર ફરજીયાત જાણકારી આપવાની રહેશે.

કોઈપણ વ્યકિત/સંસ્થા/કોરાના વાયરસ અંગેની કોઇ પણ પ્રકારની અફવા પ્રિન્ટ કે સોશિયલ મીડીયા મારફતે ફેલાવશે તો તે ગુનો ગણાશે અને તેમના વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરવામાં આવશે. કોઈપણ વ્યકિત ૧૦ દિવસ કરતાં ઓછા સમયમાં વિદેશ થી કે અન્ય અસરગ્રસ્ત રાજયમાંથી આવેલો હોય તો આવી વ્યકિતઓની માહિતી જિલ્લાનો કંટ્રોલ રૂમનો ફી નંબર (૦૨૬૩૭) ૨૩૩૦૦૨/૨૫૯૪૦૧ તથા હેલ્પલાઈન નં-૧૦૪ ઉપર આપવાની રહેશે. જેથી આવી વ્યકિતઓ મારફત જિલ્લાના અન્ય લોકોમાં વાયરસ ફેલાતો અટકાવી શકાય અને આવી વ્યકિતઓને તાકિદે કોરેન્ટાઈન સેવા હેઠળ આવરી લેવાશે. આ જાહેરનામું તાત્કાલિક અસરથી આગામી તા.૧૪/૦૪/૨૦૨૦ સુધી અમલમાં રહેશે.

નવસારી-વિજલપોરમાં દિવસભર ગુડઝ વાહનો દોડી શકશે નહીં

દિવસના સમયે પેસેન્જર વાહનો પણ પ્રવેશ શકશે નહીં

નવસારી

નવસારી નગરપાલિકા વિસ્તાર તથા વિજલપોર નગરપાલિકા વિસ્તારમાં ગુડઝ તથા પેસેન્જર વ્હીકલ જેનું વજન ૮.૫ ટન કે તેથી વધારે વજનવાળા (છ પૈદ્ધડાથી વધુ પૈદ્ધડાવાળા વાહનો) વાહનો સવારે ૮-૦૦ થી બપોરે ૧૩-૦૦ તેમજ સાંજે ૧૬-૦૦ થી રાત્રિના ૨૧-૦૦ કલાક સુધી કોઈપણ રસ્તાથી નવસારી/વિજલપોર નગરપાલિકા વિસ્તારમાં પ્રવેશ કરવા પર નવસારી જિલ્લા મેજીસ્ટ્રેટ આદ્રા અગ્રવાલે મળેલી સત્તાની રૂએ તાત્કાલિક અસરથી આગામી તા.૨૨/૦૫/૨૦૨૦ સુધી પ્રતિબંધ ફરમાવ્યો છે.

આ વાહનોમાં સરકારી-અર્ધ સરકારી કામે રોકાયેલ વાહનો, આવશ્યક ચીજ વસ્તુઓની હેરફેર કરતા વાહનો, પોલીસ વાહનો, સ્કુલ બસ, એમ્બ્યુલન્સ, એસ.ટી.બસ, ફાયરના વાહનો, વિદ્યાર્થી પ્રવાસ બસ, લગ્ન પ્રસંગની બસ તેમજ ઈમરજન્સી સર્વિસમાં સમાવેશ થતો હોય તેવા વાહનોને આ જાહેરનામાંમાંથી મુકિત રહેશે. ખાસ કિસ્સાઓમાં ઉકત પ્રતિબંધિત સમય દરમિયાન કોઈ ભારે વાહનોને શહેરમાં પ્રવેશ કરવા માટે જરૂરિયાત જણાય તેવા કિસ્સાઓમાં અરજદારોએ નાયબ પોલીસ અધિક્ષકશ્રી, હેડ કવાર્ટર, નવસારી તથા પોલીસ ઈન્સ્પેકટરશ્રી, ટ્રાફિક શાખા, નવસારીનાઓની લેખિત મંજૂરી મેળવી લેવાની રહેશે. આ હુકમનો ભંગ કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૧૩૧ હેઠળ કસુરવાર સામે પગલાં લઈ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

વૈશ્વિક મહામારીના કોરોના વચ્ચે પ્રજાજનોને તકલીફ પડશે નહીં

નોવેલ કોરોના વાયરસ ને વર્લ્ડ હેલ્થ ઓર્ગનાઈઝેશન દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરવામાંઆવી છે. વૈશ્વિક મહામારી કોરોના નોસામનો કરી રહેલી નવસારી જિલ્લાના પ્રજાજનોને લોકડાઉન દરમિયાન કોઈપણ જાતની તકલીફ કે મુશ્કેલી ન પડે તે માટે નવસારી જિલ્લા વહીવટીતંત્ર દ્વારા સુચારુ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. જે અંતર્ગત આરોગ્ય સેવાઓ, જીવન જરૂરી આવશ્યક સેવાઓ જેવી કે દૂધ, ફળફળાદિ, શાકભાજી, કરિયાણું તથા અનાજની દુકાન, અનાજ દળવાની ઘંટી, પેટ્રોલપંપો, એલ.પી.જી., પેટ્રોલિયમ અને ગેસની રીટેઇલ, સ્ટોરેજ આઉટલેસ, દવાઓ, હોસ્પિટલ્સ, મેડીકલ કલીનિક, મેડીકલ લેબોરેટરીઝ, નર્સિગ હોમ તથા આરોગ્ય સબંધિત ઉત્પાદકો/વિક્રેતાઓ, પશુઆહાર/ઘાસચારો, રાસાયણિક ખાતરો, જંતુનાશક દવાઓ, બિયારણો, બેકરી, ઈંડા, માંસ અને માછલી, ઓનલાઈન ઓર્ડરના અધારે શાકભાજી/ખોરાક સપ્લાય કરતી ઈ-કોમર્સની વ્યકિતઓ, માસ્ક, સેનેટાઈઝર ઉત્પાદકો તથા વિક્રેતાઓ, બેદ્ધકો તથા ઈન્સ્યોરન્સ ઓફિસો, એ.ટી.એમ., પ્રિન્ટ અને ઈલેકટ્રોનિક મિડીયા, ટેલિફોન-ઈન્ટરનેટ અને પ્રસારણ, કેબલ સર્વિસ, આવશ્યક ચીજવસ્તુઓ જેવી કે રાઈસમીલ, પૌઆ મીલ, બેકરી બિસ્કીટસ બ્રેડ વિગેરેના ઉત્પાદકો અને વિક્રેતાઓ, ઈલેકટ્રીસીટી વિતરણ ઉત્પાદન યુનિટો અને સેવાઓ, માત્ર આવશ્યક ચીજવસ્તુઓનું પરિવહન ફાયર, કાયદો અને વ્યવસ્થા તથા ઈમરજન્સી સેવાઓ, પાણી, સેનીટેશન તથા જેઓ કાયદેસરની ફરજ ઉપર હોય તેવા અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓ તથા સક્ષમ અધિકારીશ્રીની મંજૂરી મેળવનારને તથા સ્મશાનયાત્રાને લાગુ પડશે નહિ.

કોરોના વાઈરસની સ્થિતિની ઉદ્યોગો અને ધંધાઓ પર ભારે અસર પડશે

ઈમ્પેક્ટ ઓફ કોરોના ઓન ઈન્વેસ્ટમેન્ટ વિષય ઉપર સેમીનાર યોજાયો

સુરત

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા આજે સાંજે ૫:૦૦ કલાકે 'ઈમ્પેકટ ઓફ કોરોના ઓન ઈન્વેસ્ટમેન્ટ'વિષય ઉપર વિડિયો કોન્ફરન્સ (વેબીનાર)નું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં નિષ્ણાંત વકતા તરીકે કે આર ચોકસી ઈન્વેસ્ટમેન્ટ મેનેજર્સના મેનેજિંગ ડિરેકટર શ્રી દેવેન ચોકસી, આર વાડીવાલાના મેનેજિંગ ડિરેકટર શ્રી નૈનીશ વાડીવાલા અને કન્સેપ્ટના ફંડ મેનેજર શ્રી સિદ્ધાર્થ માંડલેવાલા દ્વારા કોરોનાની પ્રવર્તમાન પરિસ્થિતિમાં રોકાણ વિશે રોકાણકારોને મહત્વનું માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ.

ચેમ્બરના માનદ્ મંત્રી શ્રી ધીરેન થરનારીએ વેબીનારમાં સર્વેને આવકાર્યા હતા અને જણાવ્યુ હતુ કે, આપણી સંસ્કૃતિમાં અથવા તો પ્રણાલીમાં વર્ષોથી બચત કરવાનું ચાલતુ આવ્યુ છે. કોરોનાને કારણે શેરબજાર ઉપર આટલી ગંભીર અસર પહોંચશે તે કોઈએ વિચાર્યુ ન હતુ. હવે શેરબજાર ઉપર કયારે આવશે તેની ચિંતા રોકાણકારોને સતાવી રહી છે. જેના માર્ગદર્શન માટે આજનો વેબીનાર યોજાયો છે.

શ્રી દેવેન ચોકસીએ જણાવ્યુ હતુ કે, વર્ષ ૨૦૦૮માં શેરબજારમાં ખૂબ જ મોટી કાઈસિસ આવી હતી. તે સમયે ઘણા બધા સ્ટાર્ટઅપ બહાર આવ્યા હતા અને પેસીવ ફંડ પણ સામે આવ્યુ હતુ. છેલ્લા એક મહિનામાં જે કાઈસિસ આવી છે તેને કારણે ઈકોનોમી ડિસ્રપ્ટ થઈ છે. જયારે પણ કોઈ એક એસેટમાં કાઈસિસ આવે છે તો બીજા એસેટમાં એ વધી જાય છે. વર્તમાન પરિસ્થિતિમાં લિકવીડિટી ઉપર તેની માઠી અસર પડી છે. ત્રણ – છ મહિના માટે આ અસર જોવા મળશે. જાપાનનું ઉદાહરણ આપી તેમણે સમજાવ્યુ હતુ કે, હીરોશિમા અને નાગાસાકી ઉપર અણુબોમ્બ એટેક બાદ ઈન્ડસ્ટ્રીને બેઠી કરવા માટે જાપાને હાઈજીન સિસ્ટમ ઘણી સારી બનાવી હતી. આપણે પણ ફેકટરીઓને ફરીથી ચાલુ કરવા માટે હાઈજીન સિસ્ટમની જરૂર પડશે. આવનારા સમયમાં બિઝનેસમાં જે બદલાવ આવશે તેની ઉપર ધ્યાન રાખવા તેમણે ઉદ્યોગકારોને સૂચન કર્યુ હતુ. તેમણે વધુમાં કહયુ કે, નવા ઈનોવેટીવ આઈડીયા સામે આવશે તેમજ દેશની કરન્સીની વેલ્યુ વધશે અને ઈન્ડસ્ટ્રી માટે ખૂબ જ સારો સમય આવશે.

શ્રી નૈનીશ વાડીવાલાએ પણ રોકાણકારોને મહત્વની માહિતી આપતા જણાવ્યુ હતુ કે, સ્ટોક માર્કેટનું વેલ્યુએશન કેવુ છે તે જાણવા માટેની 'યીલ્ડ ગેપ' ખૂબ જ સારી પદ્ધતિ ગણાય છે. એ પ્રમાણે હાલનું વેલ્યુએશન જોઈએ તો છેલ્લાં ૧૮ વર્ષ દરમિયાન ૮૦ ટકા સમયમાં જે વેલ્યુએશન જોવા મળ્યુ છે એના કરતા અત્યારનું વેલ્યુએશન વધારે સારું છે.

શ્રી સિદ્ધાર્થ માંડલેવાલાએ જણાવ્યુ હતુ કે, કોરોનામાં લોકડાઉનને કારણે જે સંજોગો સર્જાયા છે તેથી જીડીપી ગ્રોથ ૧૫૦થી ૨૦૦ બેઝીસ પોઈન્ટ નીચે જતો રહેશે. જો કે, આ સ્થિતિમાં ભારત માટે બે વસ્તુઓ આશિર્વાદરૂપ બની છે. સસ્તુ ક્રુડ અને સસ્તુ કેપીટલ બંને ભારતને મળનાર છે. આથી રો મટિરીયલની કિંમત નીચે જશે. જે કંપનીઓ માટે આ સારી બાબત બની રહેશે. વિશ્વમાં ભારત સહિત ૬૧ જેટલા દેશોએ પોતાના રેપો રેટમાં અને ઈન્ટરેસ્ટ રેટમાં ઘટાડો કરી દીધો છે.

કન્સેપ્ટ ઈન્વેસ્ટવેલ પ્રા. લી.ના ચેરમેન શ્રી હેમંત દેસાઈએ વેબીનારનું કુશળતાપૂર્વક સંચાલન કર્યુ હતુ. જયારે ચેમ્બરના ઈવેન્ટ્સ એન્ડ પ્રોગ્રામ્સ સેલના હેડ શ્રી મૃણાલ શુકલએ પ્રાસંગિક વિધી કરી હતી. વકતાશ્રીઓએ રોકાણકારોના વિવિધ સવાલોના સંતોષકારક જવાબ આપ્યા હતા અને ત્યારબાદ વેબીનારનું સમાપન થયુ હતુ.

ગુજરાત કોલેજ પાસે રાત્રે ક્રિકેટ રમતા પોલીસ કર્મીઓનો વીડિયો વાઈરલ થયો

અમદાવાદ

ગુજરાતમાં લોકડાઉનનો કડક અમલ થઈ રહ્યો છે. આવામાં પોલીસની જવાબદારી વધી ગઈ છે અને હવે તો કર્ફ્યુ દરમિયાન સોસાયટીની અંદર ક્રિકેટ રમતા રહીશોને પણ પોલીસ ઉઠાવી લઈ જઈ રહી છે. આવામાં અમદાવાદ શહેરના ગુજરાત કોલેજ પાસેના રોડ પર પોલીસ કર્મચારીઓએ ભેગા થઈને રાત્રિ ક્રિકેટ રમતા હોવાનો વીડિયો વાઈરલ થયો છે. આ વીડિયો ઉતારનારે સવાલ કર્યો છે કે શું પોલીસે એકબીજાથી એક નિશ્ચિત અંતર રાખું જરૂરી નથી?

લોકડાઉન દરમિયાન કોઈ સામાન્ય વ્યક્તિ નિયમનો ઉલ્લંઘન કરે ત્યારે તેને પોલીસ પોતાની સ્ટાઈલમાં જવાબ આપે છે, ત્યારે અમદાવાદના ગુજરાત કોલેજ પાસે ખુદ પોલીસ જ ભેગા થઈને ક્રિકેટ રમતા હોય તેવા દ્રશ્યો વાયરલ થયા છે. આ સંદર્ભે સોશિયલ મીડિયામાં તેનો સખત વિરોધ થઈ રહ્યો છે.

સુરતમાં એક રીક્ષા ચાલકે કર્યું એવું કામ કે પોલીસ કમિશનર-કલેક્ટરે આપ્યો પરવાનો

સુરત

સેવાનો સાચો અર્થ એટલે દર્દીઓ અને લાચાર વ્યક્તિઓની સેવા એજ પ્રભુ સેવા. સુરતનો એક રિક્ષા ચાલક કોરોના જેવી મહામારી વચ્ચે સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે આવતા દર્દીઓને ઘરે ફીમાં છોડી આવવાની ફરજ નિભાવી દર્દીઓને પડતી તકલીફ દૂર કરી રહ્યો છે. ૫૨ વર્ષીય ખલિલ રિક્ષાવાળાની આ સેવાથી ખુશ થઈ રસ્તે કોઈ સુરક્ષા કર્મચારીઓ અડચણ રૂપ ન થાય એ માટે તેને પોલીસ કમિશનર અને કલેકટરે સ્પેશિયલ પરવાનગી આપી છે. એટલું જ નહીં પણ સિવિલ હોસ્પિટલના ઈર્ર્ (રેસિડેન્ટ મેડિકલ ઓફિસર)એ હોસ્પિટલના તમામ વોર્ડ-ઁઢ અને ટ્રોમા સેન્ટરમાં ખલિલનું નામ અને નંબર આપી જરૂરિયાતમંદ દર્દીઓની સેવામાં સહભાગી થવા ડોક્ટર, નર્સિંગ સ્ટાફ અને વર્ગ ૪ના કર્મચારીઓને અપીલ કરી છે. છેલ્લા એક પખવાડિયામાં ૬૦-૭૦ જેટલા દર્દીઓને ખલિલે ફીમાં ઘરે પહોંચાડતા હવે તેને મિત્રો ખલિલ રિક્ષાવાળા તરીકે



ઓળખતા થયા છે.

ખલીલ નબી શેખ (ઉ.વ. ૫૨, રહે. મામણાવાડ, ગોપીપુરા)એ જણાવ્યું હતું કે, સમાજ સેવા કરવાની ઈચ્છા તો મનમાં પહેલે જ હતી પણ આર્થિકભીંસ વચ્ચે બે પત્ની ૭ દીકરી અને બે પુત્રોનું જ ભરણ પોષણ કરવાની તકલીફ પડતી હોય તો સેવાનો ખ્યાલ મનમાં જ રહી ગયો હતો. જોકે, વિશ્વના માથે સંકટ સમાન કોરોના વાઈરસની મહામારી વચ્ચે પ્રભુએ આ ઈચ્છા પણ પુરી કરી દીધી છે. ૧૦૮માં સિવિલ આવતા દર્દીઓ અને તેમના સગાઓને આર્થિક રીતે કે લોકડાઉનમાં લાચાર જોઈ ફી ઘરે છોડી આવવાની જવાબદારી ઉપાડતા રાત્રે ઊંઘ સરસ આવે છે.

ખલીલે વધુમાં જણાવ્યું હતું કે, છેલ્લા એક પખવાડિયાથી આ કામ કરી રહ્યો છું. જોકે રસ્તે લોકડાઉનનું પાલન કરાવતા સુરક્ષા કર્મચારીઓ અટકાવતા અને સાચી હકીકત જણાવ્યા બાદ પણ ઘર્ષણ કરતા હોવાની વાત આખરે સિવિલના RMÓ ડો. નાયક ને કહેતા તેઓ મારી સેવા સાંભળી ચોંકી ગયા હતા. તાત્કાલિક આ બાબતે એમણે પોલીસ કમિશનર અને કલેકટર કચરીના લાગતા વળગતા અધિકારીઓને જાણ કરી એમની પાસે મોકલી આપતા મને લેખિતમાં પરવાનો મળી ગયો હતો. આજે આ પરવાનો આગળના કાચ પર લગાડી દર્દીઓને છોડવા જાઉં છું પણ કોઈ સુરક્ષા કર્મચારીઓ અટકાવતા નથી.

કોરોના વાઇરસ નિયંત્રણમાં લેવા અધકારીની નિમણુંક

નવસારી

નોવેલ કોરોના વાયરસની મહામારીને અટકાવવા સંપૂર્ણ દેશમાં ૨૧ દિવસ માટે લોકડાઉન જાહેર કરવામાં આવ્યો છે. અગ્રસચિવશ્રી આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગાંધીનગરના કાર્યાલય આદેશથી આ મહામારીની વર્તમાન પરિસ્થિતિનો સામનો કરવા તથા સંક્રમણને નિયંત્રણમાં લેવા હેતુસર જિલ્લાકક્ષાએ આયોજન, સંકલન તથા નિયંત્રણ માટે જિલ્લાના અધિકારીઓ/કર્મચારીઓનો કોરોનો નિયંત્રણ માટે ઉપયોગ કરી શકાશે.

જે ધ્યાને લઈ નવસારી જિલ્લા કલેકટર આદ્રા અગ્રવાલે સાવચેતી તથા તકેદારીની જરૂરી પગલાં લેવા અંગે નવસારી જિલ્લાના અધિકારીઓશ્રીઓને જિલ્લાના ઇમરજન્સી ઓપરેશન સેન્ટર, જુનાથાણા, નવસારી ખાતે ફરજ પર હાજર રહેવા હુકમ કરવામાં આવ્યો છે. અધિકારીશ્રીઓએ કંટ્રોલરૂમ પર આવતા વિવિધ બનાવો અંગેના ફરિયાદની વિગત ફરિયાદ રજીસ્ટરમાં નોદ્ધધવાની રહેશે. તેમજ સબંધિત વિભાગના અધિકારીશ્રીને જાણ કરવાની રહેશે. તેમજ ડિવીઝન વાઈઝ ઇન્સીડન્ટ કમાન્ડરશ્રીઓના સતત સંપર્કમાં રહેવા તથા જિલ્લાઓમાં બનતી ઘટના તાત્કાલિક જાણ કરવા નિવાસી અધિક કલેકટર નવસારી દ્વારા જણાવાયું છે.

સુરતના હોટ સ્પોટ વિસ્તારોમાં આરોગ્ય વિભાગ દ્વારા સર્વેલન્સ

ખાનગી તબીબો પાસે દરદીઓની વિગતો મંગાઈ

સુરત

સુરત શહેરમાં જે વિસ્તારમાં કોરોનાના વધુ કેસ નોધાયા છે, તે વિસ્તારને રાજ્ય સરકારના આરોગ્ય વિભાગ અને સુરત મહાનગરપાલિકા દ્વારા હોટ સ્પોટ ગણીને ક્લસ્ટર કન્ટેઈન સ્ટ્રેટેજી મુજબ સર્વેલન્સ હાથ ધરવામાં આવ્યું છે. સુરત સહિત અમદાવાદ, રાજકોટ, વડોદરા, ભાવનગર અને ગાંધીનગર સહિતના શહેરોમાં જે વિસ્તારોમા પોઝિટીવ કેસો મળ્યા છે તેના ૩ કી.મીના પરિઘને ક્લસ્ટર તરીકે ગણીને ક્લસ્ટર કન્ટેઈન સ્ટ્રેટેજી પ્રોટોકોલ મુજબ સઘન સર્વેલન્સ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. એ જ રીતે હોટ સ્પોટ નિયત કરાયા છે તેની પરિઘમા આવતા પાંચ કિ.મી. વિસ્તારને બફર ઝોન તરીકે ટ્રીટ કરીને એના પેરામીટર મુજબ વધુ સઘન સર્વેલન્સ કરાશે. જેથી આ ચેપ આટલા વિસ્તારથી આગળ ન પ્રસરે.

સુરત મહાનગરપાલિકા દ્વારા આ વિસ્તારોમા કોઈપણ પ્રકારની મૂવમેન્ટ ન થાય તેની ખાસ તકેદારી રાખવામાં આવી રહી છે. કોરોનાના દર્દીઓ સહિત તેમના ફેમિલી અને તેમના સંપર્કમાં આવેલા તમામ વ્યક્તિઓની ફરીથી ચકાસણી પણ કરવાનું શરૂ કરી દેવાયું છે. ઉપરાંત આ વિસ્તારોમાં જે નાગરિકો સરકારી કે ખાનગી તબીબો પાસે સારવાર લઇ રહ્યા છે તેમની માહિતી મેળવીને તેમના પણ ટેસ્ટિંગ કરવાની કામગીરી પણ કરવામાં આવી રહી છે. આવા વિસ્તારોમા વસતા વૃદ્ધ અને વયસ્કોનું પરિક્ષણ કરી ખાસ કાળજી લેવાશે.

મોડી રાત સુધી તિજોરી કચેરી ખુલ્લી રહેશે

નવસારી

નવસારી જિલ્લાની તિજારી અધિકારી તથા તમામ પેટા તિજારી કચેરીઓ તથા તેને સંલગ્ન સરકારી નાણાંકીય લેવડ-દેવડનું કામકાજ કરતી હોય તેવી જિલ્લામાં આવેલી ભારતીય સ્ટેટ બેદ્ધક ઓફ ઈન્ડિયાની તમામ શાખાઓને તમામ સરકારી બીલો/ચેકોનું પેમેન્ટ થઇ જાય ત્યાં સુધી રાખવા આદેશ થવા જણાવેલ છે.

જે અન્વયે નવસારી જિલ્લા મેજીસ્ટ્રેટ આદ્રા અગ્રવાલને મળેલી સત્તાની રૂએ નવસારી જિલ્લાની જિલ્લા/પેટા તિજારી કચેરીઓ તેમજ નવસારી જિલ્લામાં આવેલી ભારતીય સ્ટેટ બેદ્ધકની તમામ શાખાઓ ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦ ની કામગીરી સમયસર પૂર્ણ થાય અને સરકારી નાણાંકીય લેવડદેવડના કામકાજ અર્થે સરકારી બીલો તથા ચેકોનું સંપૂર્ણ પેમેન્ટ થઇ જાય ત્યાં સુધી એટલે કે તા.૩૧/૦૩/૨૦૨૦ ના રાત્રિના ૧૨-૦૦ કલાક સુધી ખુલ્લી રાખવા હુકમ કરવામાં આવ્યો છે. આ હુકમનું પાલન ન કરનાર સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

ધારાસભ્ય મુકેશ પટેલ સિવિલ હોસ્પિટલ માટે ગ્રાન્ટ ફાળવી

સુરત

કોરોના વાઈરસની મહામારીના કારણે ઊભી થયેલી મુશ્કેલ પરિસ્થિતિમાં જનપ્રતિનિધિઓ વહીવટીતંત્ર સાથે ખભેખભા મિલાવી કોરોના વાઈરસને હરાવવા કાર્ય કરી રહ્યા છે, જેમાં કોવિડ-૧૯ ના પેન્ડેમિક અંતર્ગત ઓલપાડના ધારાસભ્યશ્રી મુકેશભાઈ પટેલ દ્વારા સિવિલ હોસ્પિટલમાં અદ્યતન મશીનો, આરોગ્ય વિષયક દવાઓ, સંસાધનો ખરીદવા માટે તેમના વર્ષ ૨૦૧૯-૨૦ની ધારાસભ્ય તરીકેના અનુદાનમાંથી રૂ.૨૫ લાખની ફાળવણી કરવામાં આવી છે.

કોરોના વાઈરસની મહામારીના કારણે મુશ્કેલી અનુભવતાં અસરગ્રસ્ત વિસ્તારોના ડાયમંડનગર અને મારૂતિ ઈન્ડસ્ટ્રીઝના ગરીબ કામદારોને કામરેજના ધારાસભ્યશ્રી વી.ડી. ઝાલાવાડિયા તથા શિવશક્તિ ગ્રુપ દ્વારા બપોરનું ભોજન કરાવી માનવતા મહેકાવી હતી.

સુરતમાં વધુ ૧૨ શંકાસ્પદ કેસ નોંધાતા લોકોમાં ફફડાટ

સુરત

રાંદેરના ૬૭ વર્ષના વૃદ્ધનો રિપોર્ટ પોઝિટિવ આવતા સુરતનો પોઝિટિવનો આંક ૯ પર પહોંચ્યો છે. જેમાંથી એકનું મોત થયું છે અને એક યુવતી રિકવર થઈ છે. આજે વધુ ૧૨ કેસ શંકાસ્પદ નોંધાયા છે. જ્યારે રાંદેરના પોઝિટિવ વૃદ્ધના ઘર અને આસપાસના વિસ્તારને સેનિટાઈઝ કરવામાં આવ્યો છે. દરમિયાન વિદેશથી પરત ફરેલા અને સંપર્ક વિહોણા ૪૨ લોકોની યાદી આરોગ્ય વિભાગ દ્વારા જાહેર કરવામાં આવી છે. રાંદેરના વૃદ્ધનો રિપોર્ટ પોઝિટિવ આવતાની સાથે સુરત મહાનગર પાલિકાનું આરોગ્ય વિભાગ હરકતમાં આવી ગયું હતું. આરોગ્ય વિભાગે વૃદ્ધ અને તેમના સંપર્કમાં આવેલા પત્ની, સાળો, ભત્રીજો તેમજ પ્રાઈવેટ ડોક્ટર અને તેમના સ્ટાફ સહિત ૫ ને ક્વોરન્ટીન કરી દીધા છે.

જ્યારે આ વૃદ્ધ લોન્ડ્રી ચલાવતા હોવાના કારણે અનેક ગ્રાહકો પણ તેમના સંપર્કમાં આવ્યા હોવાથી આરોગ્ય વિભાગના તબીબોએ તેમના નામો પૂછ્યા હતા. પરંતુ તેઓ નામ જાણતા ન હોવાથી પાલિકા દ્વારા વિસ્તારમાં સર્વે શરૂ કરાવ્યો છે. જેથી સંપર્કમાં આવેલાઓ સુધી પહોંચી શકાય. રાંદેરના ૬૭ વર્ષીય વૃદ્ધ લોન્ડ્રી ચલાવે છે. થોડા દિવસથી તેમને શરદી, ખાંસી, તાવ હોવાથી પ્રાઈવેટ હોસ્પિટલમાં દાખલ થયા હતા. જ્યાં તેમને શંકાસ્પદ લક્ષણો જણાતા સેમ્પલ લઈ રિપોર્ટ કરાયો હતો. જે સોમવારે પોઝિટિવ આવ્યો હતો.

વૃદ્ધનો રિપોર્ટ પોઝિટિવ આવતા આરોગ્ય વિભાગ દોડતું થઈ ગયું હતું અને તેમના સંપર્કમાં આવેલા લોકોને ટ્રેસ કરવાનું શરૂ કરી દીધું હતું. આ સાથે સોમવારે ઉધનાના પોઝિટિવ દર્દીના સંપર્કમાં આવેલા તેના ૩૨ વર્ષીય મિત્ર તેમજ વરાછા વિસ્તારમાં રહેતા અને સિવિલ હોસ્પિટલના લેબ ટેક્નિશિયન તરીકે કામ કરતા ૨૩ વર્ષીય યુવક સહિત કોરોનાના વધુ ૧૧ શંકાસ્પદ દર્દીઓ સામે આવ્યા હતા. જ્યારે રવિવારે સામે આવેલા શંકાસ્પદો પૈકીના પેન્ડિંગ ૩ સહિત ૯નો રિપોર્ટ નેગેટિવ આવ્યો છે. અત્યાર સુધીમાં શહેર જિલ્લામાં કુલ ૯૪ શંકાસ્પદ દર્દીઓ સામે આવ્યા હતા. જેમાંથી ૯નો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. પોઝિટિવ દર્દીઓ પૈકી ૧નું મોત થયું છે જ્યારે ૧ દર્દી રીકવર થતા રજા આપી દેવાઈ છે. જ્યારે ૮૦નો રિપોર્ટ નેગેટિવ આવ્યો છે અને હાલ ૬નો રિપોર્ટ પેન્ડિંગ છે.

અંકલેશ્વરમાં જરૂરિયાતમંદ લોકો માટે સેવાનો ધોધ વહ્યો

વિવિધ વિસ્તારોમાં ગરીબ વ્યક્તિઓ માટે ભોજનની વ્યવસ્થા

સુરત

સમગ્ર વિશ્વ અને માનવજાત માટે જીવલેણ કોરોનાવાયરસની જે રીતે અસર પ્રવર્તી રહી છે એ જોતા તેની સામે લડવા માટે અને જરૂરીયાતમંદોને ઘરે બેઠા જ જીવન જરુરિયાતની વસ્તુઓ મળી રહે એ માટે અનેક સેવાભાવી સંસ્થાઓ કાર્યરત થઈ છે. અંકલેશ્વરમાં પણ અને સંસ્થાઓ દ્વારા સેવાભાવી પ્રવૃતિઓ અવિરત પણે ચાલી રહી છે.

અંકલેશ્વર નગર પાલિકાના ઉપપ્રમુખ એવા નિલેશ પટેલ દ્વારા સેનિટાઈઝીગની પ્રવૃત્તિને વેગ મળે એ હેતુને ધ્યાનમાં રાખીને પોતાના સાત ટ્રેક્ટર આપવામાં આવ્યા છે. જેમાંથી દરેકે દરેક શહેરી વિસ્તારના વોર્ડમાં લોકોના આરોગ્યનું ધ્યાન રાખી શકાય. સાથે જ અંકલેશ્વરની નાલંદા વિદ્યાલયના પ્રમુખ અશોક ઝા દ્વારા પણ ૫૦૦ વ્યક્તિઓના જમવાની વ્યવસ્થા કરવામાં આવી છે. ખાસ કરીને ગરીબ લોકો માટે આ વ્યવસ્થા અત્યંત આવશ્યક છે. સ્વયંભૂ રીતે લોકો જે રીતે અન્યની મદદ માટે આવી રહ્યા છે એ જોતા કોરોના વાયરસ હારશે એવી આશા તમામ સેવી રહ્યા છે.

અંકલેશ્વર નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના ચેરમેન કિંજલ ચૌહાણ દ્વારા પણ વિવિધ ગરીબ વિસ્તારોમાં ભોજન વ્યવસ્થા કરવામાં આવી હતી. જેમાં અંકલેશ્વર શહેરના અને જીઆઈડીસીના સ્લમ વિસ્તારોમાં ચડી સહિતની ચીજવસ્તુઓ નું વિતરણ કરીને ભૂખ્યાને ભોજન કરાવવામાં આવ્યું હતું.

અંકલેશ્વર નગર પાલિકાના ઉપપ્રમુખ નીલેશ પટેલે જણાવ્યું હતું કે શક્ય એટલી તમામ મદદ અને સેવા માટે અમે કટિબદ્ધ છીએ અને પ્રયત્નશીલ છીએ. તમામ વિસ્તારોમાં સેનેટાઈઝર દ્વારા જંતુઓને મારવા અને જનતાને સુરક્ષિત રાખવી એ અમારું પ્રથમ લક્ષ્ય છે.

તો નાલંદા વિદ્યાલયના પ્રમુખ અશોક ઝાએ જણાવ્યું હતું કે અમારો વિસ્તાર ગરીબોથી ભરપૂર છે અને તેમને શુદ્ધ અને સાત્વિક જમવાનું મળી રહે અને જે રીતે લૉકડાઉનની પરિસ્થિતિ છે એમાં એમને અનાજ કરિયાણા અને ભોજનની કોઈ તકલીફ ન પડે એ માટે અમે આ કાર્ય સેવા યોજનાના ભાગરૂપે શરૂ કર્યું છે જે આગામી દિવસોમાં પણ કાર્યરત રહેશે.

અંકલેશ્વર નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના ચેરમેન કિંજલ ચૌહાણે જણાવ્યું હતું કે રોજે રોજ સવાર-સાંજ આ રીતે જ હવે ગરીબો અને વિસ્તારના તમામ લોકો માટે ભોજનની વ્યવસ્થા કરવામાં આવશે.

કલેશ્વરના તમામ નાગરિકો અને સ્વયંસેવી સંસ્થાઓ પણ જો આ જ રીતે ગરીબોની સેવા કરશે તો એ નક્કી છે કે કોરોનાવાયરસ ખાસ તો ભરૂચ જિલ્લામાં અત્યાર સુધી કેસ એક પણ નોંધાયો નથી ત્યારે પ્રશંસનીય કાર્ય ગણાશે.

લોકડાઉન વચ્ચે એચઆઈવીના દર્દીને બે મહિનાની મળી રહેશે દવા

સુરત

કોરોના વાઈરસના કારણે દેશમાં ૨૧ દિવસનું લોકડાઉન કરવામાં આવ્યું છે. ત્યારે હાલમાં સર્જાયેલી સ્થિતિને પગલે વાહનવ્યવહાર બંધ હોવાથી એચઆઈવી પોઝિટિવ દર્દીઓને કોઈ હાલાકીનો સામનો ન કરવો પડે તે માટે દવાઓનો જથ્થો તેમના ઘર સુધી પહોંચાડવા માટેની વ્યવસ્થા કરવામાં આવી છે. દર્દીઓને GSNP+ સંસ્થા દ્વારા ગુજરાત અને ગુજરાત બહાર સંસ્થા સાથે જોડાયેલા લોકોને દવાઓનો જથ્થો મળી રહે તે પ્રકારે હોમ ડિલિવરી પણ કરવામાં આવી રહી છે. HIV પોઝિટિવ લોકોને HIVની જીવન પર્યન્ત લેવાની ART દવા પૂરતા જથ્થામાં મળી રહે જેથી HIV પોઝીટીવ લોકોનું સ્વાસ્થ્યના હિત ને ધ્યાને લઈને દવાની પ્રાપ્તિમાં કોઈ હાલાકીનો સામનો કરવો પડે નહિ એ અતિ આવશ્યક છે.

જે માટે ગુજરાત સ્ટેટ એઇડ્સ કંટ્રોલ સોસાયટી (આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત રાજ્ય) ના નિર્દેશ અનુસાર GSNP+ (ગુજરાતમાં HIV પોઝિટિવ લોકોનું સ્વૈચ્છીક સંગઠન) દ્વારા HIV પોઝીટીવ લોકોના આરોગ્યના સુખાકારી માટે સ્થાનિક પ્રશાસન ડીસ્ટ્રીકટ એઇડ્સ પ્રિવેંશન કંટ્રોલ યુનિટ, ART દવાના કેન્દ્રો, લિંક ART કેન્દ્રો, આરોગ્ય કેન્દ્રો ની સાથે HIV પોઝિટિવ લોકોને દવા પર્યાપ્ત પહોંચી રહે તેની જહેમત સાથે મળીને ઉઠાવી છે. જે માટે HIV પોઝીટીવને ફોનથી વિહાન કેન્દ્રો તથા ART કેન્દ્રો દ્વારા નજીકના વિસ્તારના નક્કી થયેલા કેન્દ્રો પરથી ART દવા પ્રાપ્ત કરવાની જાણ કરવામાં આવી રહી છે.

નિર્દેશ અનુસાર કોઈ પણ HIV પોઝિટિવ પોતાની ART દવાની ચોપડી અને દવાની બોટલ સાથે લઈને કેન્દ્ર પર જવાનું રહેશે. જો રસ્તામાં આપને પોલીસ દ્વારા કોઈ પૂછપરછ થાય તો ગભરાવા કરતા HIV ની ART દવાની લીલી ચોપડી બતાવીને પૂરતો સહયોગ પ્રાપ્ત કરવો. એક થી વધુ મહિનાની દવા આ તમામ HIV પોઝિટિવ લોકોને પ્રાપ્ત થઈ શકે છે: કોઈ પણ રાજ્ય કે જીલ્લાના HIV પોઝિટિવ વ્યક્તિ ART દવા પ્રાપ્ત કરી શકશે HIV પોઝિટિવ પરિવાર વતી એક સભ્ય પણ પુરા પરિવારની ART દવા પ્રાપ્ત કરી શકશે. જો કોઈ HIV પોઝિટિવ વૃદ્ધ, સગર્ભા, બાળક, પથારીવશ હોય તો તેમના પરિવારના સભ્યને પણ આ ART દવા આપવામાં આવશે. ખુબ જ જરૂરિયાતમંદ એવા HIV પોઝિટિવ લોકો જેમના પરિવારમાં કે જેમને કોઈ જ મદદ કરનાર નથી તેવા કિસ્સામાં GSNP+ દ્વારા એમના સુધી દવા પહોંચે તેની કામગીરી કાર્યરત છે. આ અંગે વધુ માર્ગદર્શન કે સેવાની આવશ્યકતા હોઈ તો ૭૦૬૯૧ ૧૧૦૧૦, ૭૮૭૮૪ ૨૪૧૩૦, ૯૭૨૫૦૧૫૯૬૮.હેલ્પ લાઈનનો સંપર્ક કરી શકાય છે.

જલાલપોરના સામાપોરની બહેનો દ્વારા માસ્ક બનાવી સમાજસેવા બજાવી રહી છે

કોરોના વાઈરસ ચેપથી રક્ષણ માટે સતીમા સખીમંડળ દ્વારા ૨૦૦૦ જેટલા માસ્ક બનાવશે

નવસારી

કોરોના વાયરસનો ચેપ ફેલાવાથી આજે વિશ્વ સામે વિપરીત પરિસ્થિતિ ઉભી થઈ છે. જેની સામે લડવા માટે એક મોટો પડકાર ઉભો થયો છે ત્યારે નવસારી જિલ્લાની મિશન મંગલમ યોજના અંતર્ગત રચવામાં આવેલી સખી મંડળો દ્વારા તાત્કાલિક માસ્ક બનાવવાની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. જે અંતર્ગત જલાલપોર તાલુકાના સામાપોર ગામે સતીમા સખીમંડળ દ્વારા ૩૦૦ થી ૪૦૦ જેટલા માસ્ક બનાવવામાં આવી રહયાં છે. એક માસ્કની કિંમત રૂ.૧૫ છે. આ સખીમંડળને જિલ્લા પંચાયત નવસારીના આરોગ્યશાખા દ્વારા ૨૦૦૦ માસ્ક બનાવવાનો ઓર્ડર પણ આપવામાં આવ્યો છે. ગુજરાત ઇકોલોજી કમિશન દ્વારા સાડા સાત લાખની સાધન સહાય આપવામાં આવી છે. જેમાં ૨૦ સિલાઇ મશીન, ૨ ઇસ્ત્રી મશીન અને ૧ કટિંગ મશીનનો સમાવેશ થાય છે.

સતીમાં સખીમંડળ સામાપોરના જાગૃતિબેનના જણાવ્યાં અનુસાર ૧૫ બહેનો કામગીરી કરી રહી છે. બહેનોને ૪૫ દિવસની સિવણ તાલીમ ગુજરાત ઇકોલોજી કમિશન ઘ્વારા આપવામાં આવી હતી. માસ્ક બનાવવા માટે રો મટીરીયલ નવસારીથી મંગાવીએ છે. સતીમા સખીમંડળ દ્વારા ૨૦૦૦ જેટલા માસ્ક બનાવી મુંબઈ મોકલવામાં આવ્યા છે. બહેનો દ્વારા જે કમાણી થાય છે તે સરખા ભાગે વહેદ્વચી લે છે. તેઓ આર્થિક રીતે પગભર બન્યા છે. પોતાનું અને કુટુંબનું જીવનધોરણ ઉંચુ લાવ્યા છે. આમ રોજગારીની સાથે આ બહેનો સમાજ સેવા અને દેશસેવાનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરુ પાડી રહયાં છે.

મણિનગર સ્વામિનારાયણ ગાદી સંસ્થા દ્વારા ગરીબ લોકોને ભોજન

૫૦૦થી વધુ પરિવારોને સંતોએ ભોજન પિરસ્યુ

સુરત

માણસની ખરી ઓળખ કપરી પરિસ્થિતિમાં જ થાય છે તે વાત ખરેખર સાચી છે. હાલ કોરોના વાઈરસને કારણે સમગ્ર દેશમાં ૧૪ એપ્રિલ સુધી લોકડાઉનની સ્થિતિ છે મંગળવારની મોડી રાત્રે લોકડાઉનના સમાચાર મળતાની સાથે જ કરિયાણાની દુકાનો પાસે લાંબી લાઈનો લાગી ગઈ હતી. આવા સમયે રોજનું રોજ કમાઈને ખાવાવાળા, ઝુપડપટ્ટીમાં રહેનારા અને ભિક્ષુકોની સ્થિતિ કપરી બની છે. કોરોના વાયરસના પ્રકોપ વચ્ચે અનેક ગરીબો, શ્રમિકો ફસાયા છે અથવા તો તેમની પરિસ્થિતિ કપરી બની છે ત્યારે આવી વ્યક્તિઓ સુધી ભોજન પહોંચાડવાનું અનેરું સેવાનું કાર્ય મણિનગર શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાનના આચાર્ય શ્રી પુરુષોત્તમપ્રિયદાસજી સ્વામીજી મહારાજની પ્રેરણાથી પૂજનીય સંતો, નયનભાઈ બ્રહ્મભટ્ટ, ડેપ્યુટી ચેરમેન વોટર સપ્લાય મહાનગરપાલિકા અમદાવાદ, દિનેશભાઈ ડી. કુશવાહ ,નિવૃત્ત મદદનીશ શાસનાધિકારી,AMC, સ્કૂલ બોર્ડ અને સ્વયં સેવકો - હરિભક્તો દ્વારા ખોખરા - અમદાવાદ વિસ્તારમાં રહેતા આશરે ૫૦૦ કરતાં વધારે પરિવારને પુરી, શાક અને ફૂલવડી આપવામાં આવી હતી.

સુરતના સચિનથી પગપાળા નીકળેલા ૧૫ વ્યક્તિઓ રાજપીપળા આવી પહોંચ્યા : વતન મોકલવા તજવીજ કરાઈ



સુરત સચિન ખાતે દોરા ના કારખાનામાં કામ કરતા ૧૫ જેટલા કારીગરો લોકડાઉન ના કારણે પોતાના વતન યુ.પી જવા પગપાળા નીકળ્યા હોય એ રાજપીપળા આવી પહોંચતા સેવાભાવી લોકો મદદરૂપ બન્યા

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

સુરતના સચિન ખાતે દોરા ના કારખાના માં કામ કરતા કેટલાક કારીગરો હાલ લોકડાઉન માં કામગીરી બંધ હોય અને વાહન વ્યવહાર પણ બંધ છે ત્યારે પોતાના વતન એમપી કેવી રીતે પહોંચવું એ મૂંઝવણ માં હોય આખરે કોઈ રસ્તો ન મળતા સોમવારે સવારે સચિન થી આ ૧૫ જેટલા વ્યક્તિઓ પગપાળા નીકળી પડ્યા જે મંગળવારે સાંજે રાજપીપળા આવી પહોંચતા કેટલાક સેવાભાવી લોકોએ તેમની પડખે આવી તમામને ભોજન કરાવી યુ.પી પહોંચાડવા તજવીજ હાથ ધરી હતી.

ભૂખ્યા તરસ્યા પગપાળા આવેલા આ લોકોની આપવીતી દુઃખદ છે : મહેશ એસ વસાવા

રાજપીપળા નગર પાલિકા માજી પ્રમુખ અને વર્તમાન સદસ્ય મહેશભાઈ વસાવા એ જણાવ્યું કે આ ૧૫ લોકો ની આપવીતી હૃદય કંપાવે તેવી લાગી કેમકે તેમના જણાવ્યા મુજબ તમામ સચિન સ્પીનિંગ મિલમાં કામ કરે છે હાલ લોકડાઉન,વાહનો બંધ,કામકાજ બંધ હોય તેમને જમવા રહેવા સહિતની તકલીફો હતી જેથી તેઓ બે દિવસ પહેલા પગપાળા સુરત થી વડોદરા પહોંચ્યા ત્યાં લોકડાઉનમાં પોલીસે અટકાવી પરત સુરત મોકલ્યા પરંતુ સુરત માં ભારે તકલીફ હોય આ તમામ ફરી ગઈકાલે રેલવે ટ્રેક પર ચાલતા રાજપીપળા આવી પહોંચ્યા ત્યાં મેં તેમજ અન્ય સેવાભાવી વ્યક્તિઓએ તેમને ભોજન કરાવી યુપી મોકલવા તંત્ર ની મદદ થી કોઈ વ્યવસ્થા કરવા તજવીજ હાથ ધરી છે.

કોરોના વાયરસ સામે લડવા સાંસદ અહમદ પટેલનું એક કરોડનું અનુદાન

ભરૂચ ,નર્મદા, ડાંગ, તાપી , તથા વલસાડ જિલ્લામાં એક કરોડ રૂપિયા વપરાશે

અંકલેશ્વર

અખિલ ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના ખજાનચી તથા રાજ્યસભાના સાંસદ અહમદભાઈ પટેલ દ્વારા એક કરોડની ગ્રાન્ટ કોરોના વાયરસ સામે લડવા માટે પાંચ જિલ્લાઓ માટે વાપરવા માટે ભરૂચ કલેક્ટર ને ભલામણ કરાઈ હતી. રાજ્યસભા સાંસદ અહમદભાઈ પટેલ દ્વારા સને ૨૦૨૦ - ૨૦૨૧ ના વર્ષની સાંસદ ગ્રાન્ટમાંથી ગુજરાત ના પાંચ જિલ્લાઓ જેવાકે ભરૂચ માટે ૪૦ લાખ, નર્મદા જિલ્લા માટે ૨૦ લાખ, ડાંગ જિલ્લા માટે ૧૦ લાખ, તાપી જિલ્લા ૧૫ લાખ, વલસાડ જિલ્લા ૧૫ લાખ જેવી રકમ કોવિદ ૧૯ ના ટેસ્ટીંગ,સ્ક્રેનિંગના સાધનો વેન્ટિલેટર તથા અન્ય મેડિકલ સાધનો ખરીદવા માટે રૂપિયા ૧ કરોડ મંજૂર કરાવવા જિલ્લા કલેક્ટર ભરૂચ ને ભલામણ કરાઈ હતી.

ભોજનની વ્યવસ્થા માટે ટેલીફોન પર સંપર્ક કરો

સુરત

સુરત શહેરી વિકાસ સત્તામંડળ, સુરત પ્રવર્તમાન વૈશ્વિક મહામારી કોરોના સંદર્ભે કેન્દ્ર સરકાર દ્વારા તા.૧૪ એપ્રિલ સુધી લોકડાઉન જાહેર કરાયું છે. લોકડાઉનના સમય દરમ્યાન જરૂરિયાતમંદો માટે ભોજનસંબંધી વ્યવસ્થાની જરૂરિયાતના માર્ગદર્શન માટે સુરત શહેરી વિકાસ સત્તામંડળની કચેરીના કંટ્રોલ રૂમના ટેલિફોન નં.૨૬૧-૨૫૦૦૦૫૦,૨૫૦૦૦૫૧ પર સવારે ૮.૦૦ થી રાત્રે ૧૦.૦૦ વાગ્યા દરમિયાન સંપર્ક કરી શકાશે. અન્ય કોઈ બાબતો માટે ડિઝાસ્ટર શાખાના કંટ્રોલ રૂમ નં.૧૦૭૭ પર સંપર્ક કરવા સુરત શહેરી વિકાસ સત્તામંડળના મુખ્ય કારોબારી અધિકારીની યાદીમાં જણાવાયું છે.

અંકલેશ્વરની બાળકીનો વીડિયો દેશના લોકો માટે પ્રેરણા સમાન

અંકલેશ્વર

અંકલેશ્વરમાં પોતાની પીગી બેંકના રૂપિયા કોરોના વાઈરસ માટેની લડાઈ માટે સરકારી ફંડમાં જમા કરાવવાની જાહેરાત કરતો ૫ વર્ષની બાળકી પેરિસ વ્યાસનો વાયરલ વાયરલ થયો છે. વીડિયોમાં બાળકી પેરીસ વ્યાસે જણાવ્યું હતું કે, મારૂ નામ પેરિસ વ્યાસ છે, મારી પીગી બેંકમાં જેટલા પણ રૂપિયા છે, તે તમામ રૂપિયા હું સરકારને આપી રહી છું, જેથી સરકાર ગરીબ લોકોની મદદ કરી શકે અને કોરોનાની સામે લડી શકે. તમે પણ મારી જેમ સરકારની મદદ કરો જય હિન્દ. અંકલેશ્વરની પેરીસ વ્યાસ નામની ૫ વર્ષની નાનકડી બાળકીએ પોતાની દરિયાદિલી દેખાડી છે. અને પોતાની પીગી બેંકમાં રહેલા રૂપિયા કોરોના વાઈરસના લોકડાઉનમાં ગરીબોને મદદ મળી રહે અને કોરોના વાઈરસ સામે લડી શકાય તે માટે સરકારને આપવાની જાહેરાત કરી છે. બાળકીના પીગી બેંકમાં રૂપિયા માત્ર ૧૧ રૂપિયા છે, પરંતુ આ કિસ્સો દેશના તમામ લોકો માટે પ્રેરણા સમાન બની રહેશે.

લોકદ્રષ્ટિ ચેરિટેબલ ટ્રસ્ટ,ઇંડિયન રેડક્રોસ સોસાયટી ચોર્યાસી તાલુકા બ્રાન્ચ તથા શાંતિ ઉત્કર્ષ મહિલા મંડળ દ્વારા કોરોના અંગે લોક જાગૃતિ સાથે માસ્કનું વિતરણ કરવામાં આવ્યું



વિશ્વના મોટા ભાગના દેશોમાં અત્યારે કોરોના વાઇરસના કારણે હાહાકાર મચી રહ્યો છે. ત્યારે આમાંથી આપનો દેશ પણ બાકાત નથી.ત્યારે દૂરદ્રષ્ટિ ધરાવતા આપના દેશના વડાપ્રધાન એ કોરોના સામે લડત આપવા માટે ૨૧ દિવસ સંપૂર્ણ લોકડાઉન કરવાનો નિર્ણય કર્યો અને દેશની જનતાને સહભાગી થવા હાકલ કરી છે ત્યારે સામાજિક અંતર રાખવાની સાથે સાથે કોરોના થી બચવા માટે બીજી પણ ઘણી સાવચેતી રાખવી જરૂરી છે. દેશ સામે આવેલ કોરોના નામના પડકારને સરકાર ની સાથે-સાથે સુરતની સેવાભાવી સંસ્થા લોક દ્રષ્ટિ ચેરિટેબલ ટ્રસ્ટ,ઇંડિયન રેડક્રોસ સોસાયટી ચોર્યાસી તાલુકા બ્રાન્ચ તથા શાંતિ ઉત્કર્ષ મહિલા મંડળ દ્વારા એ.કે.રોડ પર ફૂલપાડા વિસ્તાર માં ૨૦૦૦ જેટલા માસ્કનું વિતરણ કરવામાં આવ્યું.

ડો.પ્રફુલભાઈ શિરોયા (હોમગાર્ડઝ કમાન્ડન્ટ, પ્રેસિડેન્ટ લોક દ્રષ્ટિ આઈ બેંક), દ્વારા કોરોના વાઇરસથી બચવા માટે સાવચેતી રૂપે લોકોને જણાવ્યુ હતું કે સાબુ કે સેનેટાઇઝરથી હાથને વારંવાર લગાતાર ૨૦ સેકન્ડ સુધી બરાબર સાફ કરવા.જો આપ શરદી ખાંસીથી પીડાઓછો તો અવશ્ય માસ્ક પહેરો. દર્દી સાથે દવાખાને એકથી વધુ સગાએ જવું નહી. તમારી તબિયત અંગેની તકલીફમાં તત્કાલ સારવારની જરૂરિયાત ના હોય તો ડોક્ટર પાસે જવાનું હાલ પૂરતું મોકુફ રાખો.આ વાઇરસ હવામાં કયાંય પણ ઊડી ન શકે, તે હવામાં આવ્યા પછી પણ સપાટી પર સ્થિર થાય છે. તે હવા દ્વારા બિલકુલ પણ ફેલાતો નથી , કોઈપણ પ્રકારના કપડાં પર આ વાઇરસ વધુમાં વધુ ૯ કલાકે જીવી શકે છે.આથી કોઈ બીજાના કપડાં કે રૂમાલ ન વાપરવા તથા આપણાં કપડાં ધોઈને તડકામાં ૩ થી ૪ કલાક સુકાવા દેવા. દવાખાના કે હોસ્પીટલમાં બિનજરૂરી જગ્યાએ જેવી કે દાદરની રેલિંગ , દીવાલ, ખુરશી, ટેબલ, પલંગ પર હાથ લગાવશો નહી, તેમજ તમારા ડૉક્ટર જે સલાહ આપે તેનો ચુસ્ત પણે અમલ કરો.

આ સેવાકીય પ્રવૃતિમાં ડો.પ્રફુલભાઇ શિરોયા , ડો.કોમલ દેસાઇ,ડો.હરિકૃષ્ણ શિરોયા,વિશાલ આહીર, હિરેનભાઇ ગજેરા, રાજેશભાઇ મેર,રાજકિશોર બહેરા, કિશોર પટેલ, અશોકા બાડત્યા,ઈશ્વર બેહેરા, જતિંદ્રનાથ ફેંકાએ સાથ સહકાર આપ્યો હતો.

લોકડાઉન વચ્ચે સુરતમાં મ્યુનિ. તંત્ર જરૂરિયાતમંદો સુધી પહોચાડે છે ભોજન

સુરત

કોરોના સામે લડાઈ લડી રહેલી સુરત મહાનગરપાલિકા લોકોના આરોગ્ય સાથે સાથે હવે જરૂરિયાત મંદ તથા શ્રમજીવીઓને ભોજન પણ પહોંચાડી રહી છે. સુરત મ્યુનિ. અને સેવાભાવી સંસ્થાઓ મળીને સુરતમાં રોજના દોઢ લાખ લોકોને ભોજન આપવાની કામગીરી કરી રહી છે. સુરત મ્યુનિ. કમિશ્નરે લોકોને અપીલ કરતાં કહ્યું હતું. લોકો બિન જરૂરી ઘરની બહાર નહીં નિકળે લોકોને જીવન જરૂરિયાતની વસ્તુ સાથે કોઈ પણ લોકો ભુખ્યા રહેશે નહીં દરેકને ભોજન મળશે. સુરતમાં કોરોના બાદ મ્યુનિ. પાસે સૌથી મોટો પડકાર શ્રમજીવી, જરૂરિયાત મંદને ભોજન પહોંચાડવાનો છે.



શરૂઆતના એક બે દિવસ ખાવાનું નથી મળતું તેવી બુમ આવી હતી. જોકે, હવે મ્યુનિ. તંત્ર અને ૧૮૫થી વધુ સેવાભાવી સંસ્થા, ધારાસભ્ય, રાજકારણીઓ મળીને રોજ દોઢ લાખ લોકોના પેટની અગ્નિને ઠારી રહ્યાં છે. સુરત મ્યુનિ. કમિશ્નર બન્છાનિધિ પાનીએ કહ્યું, સુરત મ્યુનિ. તંત્ર ૧૮૫ સેવાભાવી સંસ્થાઓ રોજના ૧.૨૪ લાખ લોકોને ભોજન-ફુડ પેકેટ પુરૂ પાડી રહ્યાં છે. આ ઉપરાંત સુરત મ્યુનિ. તંત્ર રોજના ૩૭ હજાર લોકોને ભોજન કરાવે છે. સાથે સાથે મ્યુનિ.ની સ્કુલમાં રહેતાં સાડા પાંચ હજાર જેટલા શ્રમજીવીઓને પણ ભોજન પીરસી રહ્યાં છે.

મ્યુનિ. કમિશ્નરે કહ્યું કે હાલ કોરોનાથી સાવચેતી રાખવાની જરૂર છે પણ જે લોકોને ભોજનની જરૂર છે. તે લોકોને સન્માનથી ભોજન મળશે. કોઈ પણ ભુખ્યા ન રહે તે પ્રકારની કામગીરી સુરત મ્યુનિ. તંત્ર દ્વારા કરવામા આવી રહી છે. તેઓએ લોકોને અપીલ કરી હતી કે બિન જરૂરી ભાગવાની જરૂર નથી લોકો જયાં છે ત્યાં સલામત રહે અને તમામને જીવન જરૂરિયાતની વસ્તુ મળી જશે.

લોકડાઉનને પગલે પશ્ચિમ રેલ્વેને રૂ. ૧૮૦ કરોડનું જંગી નુકશાન થયું

સુરત

લોકડાઉનને કારણે પેસેન્જર ટ્રેન સહિત લાંબા અંતરની મેલ-એક્સપ્રેસ ટ્રેન રદ કરવાને કારણે પશ્ચિમ રેલવેને ૧૮૦ કરોડ રૂપિયાનું નુકસાન થયું હતું, એવું પશ્ચિમ રેલવેએ જણાવ્યું હતું. ૨૨ માર્ચ પહેલા ૭૮.૫૦ કરોડ રૂપિયાનું નુકસાન થયું હતુ, જયારે ૨૩થી ૨૯મી માર્ચ સુધીના સમયગાળા દરમિયાન ૧૦૦.૩ કરોડ રૂપિયાનું નુકસાન થયું છે. સબર્બન અને નોન-સબર્બન રેલવેની લોકલ તથા લાંબા અંતરની ટ્રેન રદ થવાને કારણે ૨૯મી માર્ચ સુધીમાં મુંબઈ ડિવિઝનમાં નવ લાખ જેટલી ટ્રેન રદ કરવામાં આવી હતી, જયારે ૨૯મી માર્ચ સુધીમાં ૬૨.૧૧ કરોડનું રિફંડ ચૂકવવામાં આવ્યું હતું.

ઉલ્લેખનીય છે કે ૨૩ માર્ચથી ભારતીય રેલવેએ તમામ મેલ-એક્સપ્રેસ સહિત પેસેન્જર ટ્રેનની સુવિધા બંધ કરી હતી.

ઓલપાડ મામલતદાર કચેરી દ્વારા ૧૯૬ પાસ ઈસ્યુ કરાયા


સુરત

ઓલપાડ તાલુકાના નાગરિકોને આવશ્યક ચીજવસ્તુઓનો પુરવઠો સમયસર ,મળી રહે તે માટે તા.૨૯ અને ૩૦ એમ બે બે દિવસ દરમિયાન ઓલપાડ મામલતદારશ્રી દ્વારા ૧૯૬ જેટલા પાસ ઈસ્યુ કરવામાં આવ્યા છે. જેમાં શાકભાજી, ફળફળાદિના દુકાનદારો, લારી ધારકો, ફેરિયાઓ માટે ૧૪, અનાજ, કરિયાણાના હોલસેલ વ્યાપારીઓ માટે ૩૬, ખેતીવાડી ઉતપન્ન બજાર સમિતિ અને અન્ય જરૂરી વસ્તુઓ માટે ૦૭, ખાદ્ય તેલ પ્રોડેક્શન (ઓઈલ મીલ) માટે ૦૨, પેટ્રોલ પંપ માટે ૬૧, એલ.પી.જી. ગેસ એજન્સી માટે ૧૯, પંડિત દિનદયાળ યોજના સંચાલકો માટે ૩૯, કચેરીના અન્ય કર્મચારીઓ માટે ૧૮ મળી કુલ ૧૯૬ જેટલા પાસ ઈસ્યુ કરવામાં આવ્યા છે. આ પાસ વ્યવસ્થાના કારણે આવશ્યક ચીજવસ્તુઓનું વેચાણ કરતાં ઉપરોક્ત વિક્રેતાઓને લોકડાઉનના સમયમાં સરળતાથી વેચાણ કરવાની સુવિધા પ્રાપ્ત થઈ છે.

કોરોના ઈફેક્ટ, તણાવ વધતા એન્ગઝાઈટીના માટે મનોચિકિત્સા હેલ્પલાઈન શરૂ

સુરત

કોરોનાવાયરસને કારણે સુરતમાં લોકડાઉન દરમિયાન ઘરમાં કેદ લોકોમાં તણાવ અને એન્ગઝાઈટીના રોગોનું પ્રમાણ વધી રહ્યું છે. જેના પગલે ઈન્ડીયન મેડીકલ એસોસિએશન સુરત દ્વારા સોય તથા સનસાઈન હોસ્પિટલ સાથે વિનામૂલ્યે મનોચિકિત્સા હેલ્પલાઈન શરૂ કરવામાં આવી છે. જેમાં સવારે ૮ થી સાંજે ૮ સુધી સુરતના જાણીતા મનોચિકિત્સક ડોક્ટરની ટીમ દ્વારા નિઃશુલ્ક સેવા આપવામાં આવશે. આ હેલ્પલાઈન ૩૧મી માર્ચથી ૧૪ એપ્રિલ સુધી કાર્યરત રહેશે.



સુરતમાં કોરોના વાઈરસ સામેની લડત માટે ૨૧ દિવસના લોક ડાઉનના દિવસો દરમિયાન ઘરમાં રહીને કંટાળેલા લોકોમાં માનસિક તણાવ તથા ચિંતામાં વધારો થયો છે જેને કારણે ધંધા, રોજગાર બંધ હોવાના કારણે ફરીથી આર્થિક મંદીના દોરમાંથી પસાર થવા સહિત અનેક કારણોને લીધે લોકોના માનસિક તણાવમાં વધારો થયો છે.

કોરોના વાઈરસના લીધે લોકોએ સોશિયલ ડિસટન્સ જાળવવાનો સંભવત આ સૌથી પહેલો પ્રસંગ છે. લોકો કોરોના વાઈરસની ભયાનકતાને લગતા સમાચારો તથા સોશિયલ મીડિયામાં ફેલાતી અફવાઓ તથા ફેક ન્યુઝથી દોરવાઈને ગંભીર માનસિક તણાવ અનુભવી રહ્યા છે. જેના પગલે કોરોના વાઈરસના કારણે લોકોની માનસિકતા સંબંધિત અનેક પ્રશ્નોના મુદ્દે વિનામૂલ્યે મનોચિકિત્સા હેલ્પલાઈન શરૂ કરવામાં આવી છે

ઉધનાના કોરોના વાઈરસ પોઝિટિવ દરદીની તપાસમાં તંત્રની બેદરકારી

કલેકટર અને મ્યુનિ. કમિશનરને ફરિયાદ

સુરત

ઉધના વિસ્તારમાંથી જે યુવક કોરોના પોઝિટિવ મળેલ તેની તા.૨૨/૦૩/૨૦૨૦ ના રોજ દુબઈ થી અમદાવાદ થી વડોદરા થી સુરતના પ્રવાસની મુસાફરી દરમિયાન પ્રશાસનની બેદરકારી બાબતે સુરત કલેકટરશ્રીને, પો.કમિશ્નરશ્રીને, નવી સિવિલ RMO, મ્યુ.કમિશ્નરશ્રીને આવેદનપત્ર પાઠવવામાં આવેલ છે.

સરકારની હેલ્પલાઈન નંબર-૧૦૪, પર જે પ્રમાણે કોલરને અપૂરતી માહીતી આપવામાં આવી રહી છે તેમજ આરોગ્ય વિભાગના ડોક્ટરને જાણ કરવા છતાં ૪ દિવસ સુધી કોઈ તપાસ કરવા આવતું ન હતું, છેલ્લે તા.૨૮/૦૩/૨૦૨૦ ના રોજ સામાજિક આગેવાનોની વિનંતી બાદ તે યુવક લોકડાઉનના ડર વચ્ચે પોતે જાતે સિવિલ ગયો ને કોરોના ટેસ્ટ કરાવવાની રજુઆત કરી પરંતુ પ્રાથમિક લક્ષણો નહી જણાતા ટેસ્ટ કરવા ના પાડવામાં આવી ત્યારબાદ પેલા યુવકે ખોટું કહી કે મને શરદી, ખાસી જેવી તકલીફો થાય છે ત્યારબાર સિવિલ ડોક્ટરોએ તા.૨૮-૦૩-૨૦૨૦ ના રોજ કોરોના ટેસ્ટ કરાવેલ અને તા.૨૯-૦૩-૨૦૨૦ ના રોજ તેનો રિપોર્ટ પોઝિટિવ આવેલ.

તે યુવક ૨૨ તારીખથી ૪ દિવસ વડોદરામાં તેના મિત્રના ત્યાં રહ્યો ત્યારબાદ ૨૫ તારીખે ભારત લોકડાઉન હોવા છતાં કેવી રીતે વડોદરા થી સુરત આવ્યો? સુરત ઉધના કૈલાશનગર ખાતે ખુલ્લેઆમ ફરતો રહ્યો તેમ છતાં કોઈ તકેદારી રાખવામાં આવેલ નહી હતી જેથી પ્રશાશનને જાગૃત કરવા સુરત કોંગ્રેસ ઉપ પ્રમુખ શ્રી હરિશકુમાર સુર્યવંશી અને આશિષ રાયની ઉપસ્થિતિમાં આવેદનપત્ર પાઠવવામાં આવેલ.

તરસાડી, કોસંબા, ઝંખવાવમાં ૯૨ હજાર રાહત કીટોનું વિતરણ

વનમંત્રી વસાવાની આગેવાની હેઠળ કીટનું વિતરણ થયું

સુરત

કોરોના વાઈરસ મહામારીનું સંક્રમણ ફેલાતું અટકે એ હેતુથી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશવાસીઓને બચાવવા લોકડાઉન અમલી કર્યું છે, ત્યારે વનમંત્રીશ્રી ગણપતસિંહ વસાવાના વડપણ હેઠળ જીવન જરૂરિયાત માટેની આવશ્યક ચીજવસ્તુઓની કીટ તૈયાર કરી અગ્રણી સર્વશ્રી દિલિપસિંહ રાઠોડ, શ્રી રાકેશ સોલંકી તથા તરસાડી નગરપાલિકા પ્રમુખશ્રી પ્રફુલ્લભાઈ પટેલ, તરસાડી સંગઠન પ્રમુખશ્રી દેવેન્દ્રસિંહ ચૌહાણની ટીમ દ્વારા તરસાડીમાં પાંચ હજાર કીટ, કોસંબામાં ત્રણ હજાર, ઝંખવાવમાં એક હજાર, ઉમરપાડામાં એક હજાર કીટો મળી કૂલ ૯૦૦૦ કીટોનું જરૂરિયાતમંદ શ્રમજીવી પરીવારોને વિતરણ કરાયું હતું. ઉપરાંત લોકડાઉન દરમિયાન સેવામાં તૈનાત પોલિસ, મેડિકલ સ્ટાફ, સફાઈ કામદાર તથા મિડીયાકર્મીઓને ફેસ માસ્કનું વિતરણ કરાયું હતું. તેઓના સેવાકીય કાર્યને બિરદાવી પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું.

નર્મદામાં ડ્રોન સર્વેલન્સ થી વધુ ત્રણ સ્થળો પર પોલીસે જાહેરમાં બેઠેલા લોકો સામે ગુના નોંધ્યા

- વાહન ડિટેનમાં આરટીઓ ના મેમો અપાતા વાહન છોડાવવામાં મુશ્કેલી પડતી હોવાની બુમ
- કોરોના વાયરસ સંદર્ભે નર્મદા જિલ્લાના નાગરિકોને જિલ્લા પોલીસ અધિક્ષક હિમકર સિંહ તરફથી જાહેર અપીલ

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

કોરોના ના કહેર વચ્ચે લોકડાઉન માં નર્મદા પોલીસ ખડે પગે કામ કરી રહી છે. ત્યારે રાજપીપળા સહિત જિલ્લાના મોટા સ્થળો પર લોકો બહાર નીકળી પડે છે.અથવા સોસાયટી માં ટોળે વળી ને બેસી રહે છે જોકે આપણે ૧ મીટર નું અંતર રાખવાનું છે.

એટલે પોલીસે હવે ડ્રોન સર્વેલન્સ થી સોસાયટીઓમાં બેઠેલા લોકોને ઝડપી રહી છે. આ સાથે નર્મદા જિલ્લાના તમામ નાગરિકોને બહાર ન નીકળવા જિલ્લા પોલીસ વડા હિમકર સિંહે પણ જનતા ને અપીલ કરી છે. કે દેશમાં લોકડાઉન કરવામાં આવેલ છે અને નર્મદા જિલ્લામાં સી.આર.પી.સી. કલમ ૧૪૪ નો અમલ ચાલુ છે. જે અન્વયે નર્મદા જિલ્લાના તમામ નાગરિકોએ પોતાના રહેણાંક સ્થળના બગીચામાં, સોસાયટીના પાર્ટી પ્લોટમાં કે અન્ય જાહેર સ્થળો ઉપર નાગરિકોએ ભેગા થવું નહી અને પોતાના ઘરમાં જ રહી સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલ જાહેરનામાનું ચૂસ્તપણે પાલન કરવું. તેમજ હાલ નર્મદા જિલ્લાના તમામ વિસ્તારમાં સી.સી.ટીવી. કેમેરા તેમજ ડ્રોનની મદદથી બાઝ નજર રાખવામાં આવી રહી છે. જેથી વિડીયો અને ફોટોગ્રાફની અંદર જાહેરનામાનો ભંગ થયાનું જણાઈ આવશે, તો તેવા નાગરિકો વિરૂધ્ધ સીઆરપીસી-૧૪૪ કલમ મુજબ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.અત્યાર સુધી ડ્રોન સર્વેલન્સ થી નર્મદા પોલીસે અત્યાર સુધી ત્રણ ગુના નોંધ્યા છે.



વાહન ડિટેન માં લોકોને આરટીઓ ના મેમો પકડાવતા મુશ્કેલીની બુમ

કોર્ટ બંધ છે માટે આરટીઓ ના મેમો અપાય છે:DSP

એક તરફ લોકડાઉન હોવા છતાં અમુક વ્યક્તિઓ બહાર ફરતા હોય ત્યારે પોલીસ કડક કાર્યવાહી કરે એ જરૂરી છે પરંતુ વાહન લઈ ફરતા વ્યક્તિઓના વાહન ડિટેન કરી કોર્ટના મેમો પકડાવતા હાલ વાહન છોડાવવું મુશ્કેલ બન્યું હોવાની બુમ ઉઠી હોય ત્યારે આ બાબતે જીલ્લા પોલીસ વડા હિમકર સિંહે જણાવ્યું કે કોર્ટ બંધ છે માટે આરટીઓ ના મેમાં અપાય છે માટે આ બાબતે આરટીઓ માં કેવી વ્યવસ્થા છે એ ત્યાંજ ખબર પડે.પરંતુ કાયદાની ભંગ જણાશે ત્યાં પોલીસ પગલાં લેશે.

લોકડાઉનઃ મજુરના એક આઈડીયાએ ડંડા ખાતા બચાવ્યો



સુરત

અત્યારે સૌથી વધુ કફોડી હાલત કારીગર મજૂરોની થઈ છે. પૈસા ન હોવાને કારણે જીવનનિર્વાહ માટે શું કરવું તેની ચિંતા છે. જોકે, ઘરની બહાર નીકળવાથી પોલીસના ડંડાનો માર સહન કરવો પડે એમ હોવાથી એક કારીગરે પોતાની મોટરસાયકલ ઉપર ઘરની બહાર નીકળવા માટેનું કારણ આપતું કાગળ ચોટાડવાનો નુસખો અજમાવ્યો હતો.

છેલ્લા દસ-બાર દિવસથી ઘરમાં પુરાયેલા એક કારીગરે પૈસા પુરા થઈ ગયા હોવાથી શેઠને ફોન કરીને પૈસા માંગ્યા હતા. જેમાં શેઠે ઘરે આવીને લઈ જવાનું કહેતાં આ કારીગરે પોતાને મોટરસાયકલ ઉપર શેઠ પાસે પૈસા લેવા માટે નીકળ્યો હોવાનું કારણ આપતું એક કાગળ ચોંટાડી દીધું હતું, કે જેથી રસ્તામાં પોલીસ પરેશાન નહીં કરે અને દંડો ઉગામતા પહેલાં જ રસ્તા પર નીકળવાના કારણ વિશે પોલીસ જાણી લે. મોટરસાયકલ પર પૈસા લેવા માટે ઘરેથી નીકળેલા આ કારીગરની તરકીબ સફળ થઈ હતી અને તેને શેઠના ઘરેથી પૈસા મળી ગયા હતા. એમ સૂત્રોએ જણાવ્યું હતું.

રાજપીપળામાં કોરોનાના કહેર વચ્ચે લોકડાઉનનું ચુસ્ત પાલન કરતું પરીખ પરીવાર : ડિજિટલ બેસણું રાખ્યું



(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

કોરોનાના કારણે હાલ દેશના લોકોમાં ભારે હાઉ જોવા મળી રહ્યા છે, દેશમાં લોકડાઉન પણ અમલી બનાવાયું છે.ત્યારે અમુક પ્રસંગો પણ હવે ડિજિટલ સ્વરૂપે થઈ રહ્યા હોવાનો એક પ્રસંગ હાલ લોકડાઉન વચ્ચે નર્મદાના રાજપીપળા માં જોવા મળ્યો જેમાં વણિક સમાજ દ્વારા લોકડાઉન અને ૧૪૪ નો અમલ થાય એ માટે ડિઝિટલ બેસણાનું આયોજન કરાયું હતું. જે કદાચ લોકડાઉન દરમિયાન ભારત દેશમાં પ્રથમ બનાવ હશે.

વિશ્વની સૌથી ઊંચી પ્રતિમાં સ્ટેચ્યુ ઓફ યુનિટી નજીકના રાજપીપળામાં વણિક સમાજના ગિરીશચંદ્ર મોતીલાલ પરીખનું ગત ૧૯ માર્ચ ના રોજ ૮૫ વર્ષની જૈફ વયે દુઃખદ અવસાન થયું હતું.હવે લોકડાઉન દરમિયાન ૩૧ માર્ચ ના રોજ એમનું બેસણું પણ આવતું હોય વણિક સમાજના પરિવારજનોએ લોકો સાથે વ્યવહાર પણ સાચવવો હતો અને કોરોના ના કારણે લોકડાઉન સોશિયલ ડિસ્ટન્સિંગનું પણ પાલન કરવાનું હતું. ત્યારે અમુક લોકો ફેસબુક લાઈવ ના માધ્યમથી ઘણા પ્રસંગો એકબીજા સાથે શેર કરતા હોય છે,ત્યારે એમણે પણ ફેસબુક અને વોટ્સએપને બેસણાના કાર્યક્રમ માટેનું માધ્યમ બનાવ્યું હતું.

૩૧મી માર્ચે બેસણાના દિવસે આ વણિક પરિવારે ફેસબુક લાઈવ અને વોટ્સ એપ વિડીયો કોલિંગ કરી ડીઝીટલ બેસણું યોજી કોરોનાના કેહેર વચ્ચે સરકારની ગાઈડ લાઈન મુજબ સોશિયલ ડિસ્ટન્સિંગ પણ જાળવી રાખ્યું અને ૧૪૪ ની કલમનો પણ ભંગ ન કર્યો. આ દરમિયાન ડિજિટલ બેસણામાં જોડાયેલા લોકોએ વણિક પરિવારને દુઃખની ઘડીમાં સાંત્વના આપી હતી.આ બેસણામાં વણિક પરિવારના અમુક લોકો જ હાજર રહ્યા હતા અને એ તમામ લોકોએ સેનેટાઈઝર દ્વારા પોતાના હાથ સેનેટાઈઝ કરીને અંદર પ્રવેશ કર્યો હતો.

રાજપીપળાના વણિક પરિવારના ડિજિટલ બેસણાની આ પહેલ હાલની ફાસ્ટ અને વ્યસ્ત જીવન શૈલીમાં વ્યવહાર સાચવવા માટે કારગર સાબિત જરૂર થશે.

આ અંગે વણિક પરિવારના સમાજના આગેવાનો ઉરેશ પરીખ અને અજિત પરીખે જણાવ્યું હતું કે,હાલ કોરોના ના કેહેરને લીધે દેશમાં લોકડાઉન જાહેર કરાયું છે. કોરોના ને મ્હાત આપવા કોઈએ ઘરની બહાર ન નીકળવું એવું પીએમ મોદીએ લોકોને આહવાન કર્યું છે. અમુક લોકો મરણમાં નથી આવી શક્યા એવા અમારા પરિવાર અને મિત્રો બેસણામાં આવી શકે એ માટે અમે ફેસબુક લાઈવ અને વ્હોટ્સએપ કોલિંગના માધ્યમથી આજે બેસણાનું આયોજન કર્યું હતું.

વિદેશથી સુરત પરત આવેલા નાગરિકો માટે અગત્યની સૂચના

પ્રવાસીઓએ સેલ્ફ ડેકલેરેશન ફોર્મ ભરી દેવું

સુરત

વૈશ્વિક મહામારી કોરોના વાયરસને કારણે સુરત શહેરમાં આ મહામારીને ફેલાતી અટકાવવા માટે વિદેશમાંથી સુરત પરત આવેલા તમામ પ્રવાસી નાગરિકોએ સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ www.suratmunicipal.gov.in પર મુકવામાં આવેલું સેલ્ફ ડેકલેરેશન ફોર્મ ઓનલાઈન ભરી સુરત મહાનગરપાલિકાને જાણ કરવી. તેમજ જે વ્યક્તિઓનો કોરોના વાયરસ રિપોર્ટ પોઝીટીવ આવ્યો હોય તેવા અસરગ્રસ્ત દર્દીના માતા પિતા, બાળકો, પત્ની અને કુટુંબીજનોને તેનાથી દુર રહી કોઈ પણ પ્રકારે કોરોનાનો ચેપ ન લાગે તેની ખાસ તકેદારી રાખવા જણાવાયુ છે. જો તેમ કરવામાં કસુર જણાશે તો ×એપેડેમીક ડિસીઝ એક્ટ-૧૮૯૭' ની સેક્શન ૨, ૧૪ નિયમ ૧૧ મુજબ તથા આઈ.પી.સી.ધારા-૧૮૮, ૨૬૯,૨૭૦,૨૭૧ની જોગવાઈ અનુસાર કાયદેસરની કાર્યવાહી કરી રૂ. ૨૨૫,૦૦૦/- સુધીનો દંડ વસૂલ કરવામાં આવશે એમ હાનગરપાલિકાની યાદીમાં જણાવાયું છે.

પ્રોજેકટ નિર્ભયા મંગલમ અંતર્ગત નર્મદા પોલીસ દ્વારા એકલવાયુ જીવન જીવતી મહિલાઓને જીવન જરૂરીયાતની વસ્તુઓ પહોંચાડવા પહેલ

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

સમગ્ર વિશ્વમાં હાહાકાર મચાવનાર કોરોના વાયરસના લીધે સમગ્ર દેશમાં ૨૧ દિવસનું લોકડાઉન હોય નર્મદા જિલ્લાના વરિષ્ઠ નાગરીકો તથા એકલવાયુ જીવન જીવતી મહિલાઓ માટે નર્મદા પોલીસ દ્વારા જીવન જરૂરીયાતની ચીજવસ્તુઓ તથા આકસ્મીક જરૂરીયાત પહોંચાડવા માટેની સેવાનું આયોજન કરવામાં આવ્યુ છે .


આ સેવાનો લાભ રાજપીપળા ટાઉન,ડેડીયાપાડા ટાઉન, તથા કેવડીયા અને ગરૂડેશ્વર ટાઉન વિસ્તારના સીનીયર સીટીઝન તથા એકલા રહેતી મહિલાઓને આપવામાં આવશે .આ સેવાનો લાભ લેવા માટે વરિષ્ઠ નાગરીકો તથા એકલી રહેતી મહિલાઓએ પોલીસના જીલ્લાના કંટ્રોલ રૂમ ના ફોન નંબર ૧૦૦ ઉપર ડાયલ કરી જરૂરીયાતોની નોંધ કરાવવાની રહેશે.અને આ કામગીરી નર્મદા જીલ્લાની હંમેશા સેવામાં કાર્યરત નિર્ભયા સ્કોર્ડ દ્વારા જરૂરિયાતમંદ લોકો સુધી પુરી પાડવમાં આવશે તેમ હિમકર સિંહ, જીલ્લા પોલીસ અધિક્ષક,નર્મદા એ જણાવ્યું છે.

પાનોલી જી આઈ ડી સી માં આવેલ પી.ઈ.ટી.એલ. હવા પ્રદુષણ કરતી હોવાની ફરિયાદ

લોક ડાઉન ના લીધે હવા ના પ્રદુષણ માં જે સુધારો થયો હતો તે ફરીથી બગડ્યું. અંકલેશ્વર માં રાત્રે તીવ્ર વાસ આવતી હોવાની જીપીસીબી માં ફરિયાદ કરાઈ

અંકલેશ્વર





POLLUTANT	MIN	AVG	MAX
PM2.5	28	74	119
PM10	46	76	101
NO2	2	9	16
NH3	7	8	10
SO2	4	16	41
CO	36	43	64
OZONE	11	118	144

ગત તારીખ ૩૦-૦૩-૨૦ ના રોજ પાનોલી ખાતે આવેલ પાનોલી ઉદ્યોગ મંડળ દ્વારા સંચાલિત પાનોલી એન્વાયરમેન્ટ ટેકનોલેજી લીમીટેડ ના ઈન્સીલેટર માંથી મોટા પ્રમાણ માં ધુમાડા નીકળી રહ્યા હતા જેનાથી વાતાવરણ પ્રદુષિત થઈ રહ્યું હતું. અને સ્થાનિક જાગૃત વ્યક્તિ દ્વારા આ બાબત ની ફરિયાદ પાનોલી ઉદ્યોગ મંડળ ના આગેવાન ને કરી હતી જોકે આગેવાન દ્વારા અન્ય આગેવાન નું નામ આપી તેમને ફરિયાદ કરવાનું જણાવ્યું હતું આમ કોઈ જવાબદારી સ્વીકારવા તય્યાર ના થતા જાગૃત વ્યક્તિ દ્વારા જીપીસીબી ગાંધીનગર ને જાણ કરાઈ હતી. તેમજ લોકડાઉન સમય માટે મોનીટરીગ માટે નિમણૂંક કરાયેલ અધિકારી શ્રી વાઘેલા સાહેબ(નાયબ નિયામક શ્રી ઓદ્યોગિક સ્વાસ્થ્ય અને સલામતી – ભરૂચ) ને પણ આ બાબત ની જાણકારી આપવામાં આવી હતી

હાલ લોકડાઉન ના સમયે ઉદ્યોગો બંધ કરવાની સૂચનાઓ આપવામાં આવી છે હાલ ફક્ત ફાર્મા ઉદ્યોગો જ ચાલી રહ્યા છે ત્યારે પી.ઈ.ટી.એલ. દ્વારા કરવામાં આવતા આ પ્રદુષણ થી થતા પ્રદુષણ થી આસપાસ ના ગ્રામજનો માં રોષ ની લાગણી ફેલાઈ છે.

અંકલેશ્વર માં પણ તાલુકા સેવા સદન પાસે આવેલ સુભમ રેસિડેન્સી માં રાત્રે તીવ્ર વાશ આવતી હતી જેની રાત્રે ફરિયાદ કરાઈ હતી.

ફરિયાદ કરનાર રસિકભાઈ શાહ ના જણાવ્યા મુજબ × ગત રાત્રે તીવ્ર વાસ આવતા અમોએ જીપીસીબી ના લેન્ડ લાઈન પર ફોન કર્યો હતો જ્યાંથી વોચમેન દ્વારા અમોને જણાવ્યું હતું કે અમો તમારી ફરિયાદ જવાબદાર અધિકારી સુધી પોહચાડી દઈશું. અમોએ હાલ હાજર અધિકારી ના ફોન નમ્બર ની માંગણી કરતા તેઓ એ આપ્યું ના હતું. સવારે અમોએ પ્રાદેશિક અધિકારી વ્યાસ સાહેબ ને રાત્રે બનેલ ઘટના બાબતે ફરિયાદ કરી છે.'

બે દિવસ પેહલા જ લોકડાઉન ના લીધે જે પ્રદુષણ માં સુધારો દેખાયો હતો તે એક વખત ફરી થી પ્રદુષિત થયો છે . તારીખ ૨૮-૦૩-૨૦ ના રોજ સવારે ૬.૪૫ કલાકે એર ક્વોલીટી ઈન્ડેક્સ (એ.કયું.આઈ.) માત્ર ૪૮ હતું આમ ૫૦ ના નીચે આવતા ઉત્તમ ક્વોલીટી નો આંક ગણાતું હતું જે બે દિવસ પછી એટલેકે તારીખ ૩૦-૦૩-૨૦ ના રોજ ૧૦૦ નો આંક વટાવી ૧૧૮ એ.કયું.આઈ. પર પોહચી ગયું હતું. અને પ્રદુષિત શ્રેણી માં આવ્યું હતું. તારીખ ૩૧-૦૩-૨૦ ના રોજ ૯.૪૫ કલાકે ૬૫ થયું હતુ. લોકડાઉન માં અપાયેલ છુટ-છાટ નો કેટલાક ઉદ્યોગો દ્વારા ગેરલાભ લેતા હોવાનો આક્ષેપો થઈ રહ્યા છે. જવાબદાર અધિકારીઓ મુક-પ્રેક્ષક બન્યા હોય એમ લાગી રહ્યું છે.

કોરોના સામેની લડાઈમાં વડાપ્રધાન ફંડમાં આફ્રિકા રહેતા ગુજરાતીએ ૧૧ લાખ આપ્યાં

સુરત

હાલ દેશમાં કોરોનાના કારણે લોક ડાઉન કરવામાં આવ્યું છે. દેશમાં મેડિકલ સુવિધાઓ અને લોકો પર આવેલી સમસ્યાથી દેશને ઉગારવા માટે દેશવાસીઓ ઉદાર હાથ દાન કરી રહ્યાં છે ત્યારે સાત સમંદર પાર આફ્રિકા ખંડમાં વસતા ગુજરાતીએ વડાપ્રધાન રાહત કોષમાં ૧૧ લાખ રૂપિયા આપીને દેશભાવના પ્રગટ કરી છે. સાથે જ દેશ પર આવેલી વૈશ્વિક મહામારીના સંકટમાંથી દેશને ઉગારવા માટેની ભાવના વ્યક્ત કરી હતી.

મૂળ અમરેલી જિલ્લાના ખાંભા તાલુકાના ત્રાકુડા ગામે જન્મ્યા, રમ્યા, ભમ્યા અને રાજકોટ-સુરત સ્વામિનારાયણ ગુરૂકુલમાં ભણ્યા બાદ હાલમાં આફ્રિકા ખંડના ઈક્વેટોરીયલ ગીની દેશના મલાબો ખાતે ધંધા અર્થે વસ્યા છે. માતૃભૂમિ ભારત પર આવેલ કોરોનાની આફતમાં રાકેશભાઈ હિંમતભાઈ દુધાતે PM CARES FUNDSમાં માતૃભૂમિની સેવા મા પ્રેરણા યોગ્ય સહયોગ આપ્યો છે. સુરત ગુરૂકુળના પ્રભુ સ્વામિએ જણાવ્યું હતું કે,સંકટમાં સખાવત કરવા સ્વામી દેવકૃષ્ણદાસજી સ્વામીની અનુજ્ઞા માગી હતી.આશીર્વાદ મળતા માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના રાહત ફંડમાં ૧૧ (અગીયાર લાખ)નું દાન મોકલ્યું છે. માતૃભૂમિનું ઋણ ચૂકવ્યાના નમ્ર પ્રયાસથી આત્મસંતોષ તેમને થયો છે. દરેક ભારતીયે આગળ આવીને ઉદાર હાથ દાન આપવું જોઈએ તેમ રાકેશભાઈએ જણાવ્યું હતું.

સરકાર ઓટો રિક્ષા ચાલકોને સહાય કરશે

સુરત, - કોરોના મહામારીના કારણે રાજ્ય સરકારે અસંગઠિત ક્ષેત્રના બાંધકામ, ઓટો રિક્ષાચાલક જેવા શ્રમજીવીઓને આર્થિક સહાય આપવામાં આવનાર છે. જે માટે સુરત આર.ટી.ઓ. કચેરી ખાતેથી શહેરના ઓટો રિક્ષાચાલકોએ ફોર્મ મેળવીને ભરી જમા કરવાના રહેશે. જેથી ઓટો રિક્ષા યુનિયનના પ્રમુખશ્રી, હોદ્દેદારોએ આર.ટી.ઓ. કચેરી ખાતેથી ફોર્મ મેળવીને સર્વે રિક્ષાચાલકોના ફોર્મ જમા કરવા સુરત પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી દ્વારા જણાવાયું છે.

MARKET 4U™
ISO 9001:2015 Certified company
REG. OFFICE:
13 PRITAM SOCIETY VIBHAG 1,
KASAK, BHARUCH.392002
Mo. No. : 7575006847
• Email : market4u19@gmail.com
• Website : www.market4u.in
• GST NO : 24ABDPZ8422D1ZN
તમામ શહેરોમાં એજન્સી મેળવવા સંપર્ક કરો.
આપના એક્ટિવાથી ટ્રક સુધીના તમામ વાહનોની સુરક્ષા
અને ક્યાં છે તે જાણવા GPS ટ્રેકિંગ સિસ્ટમ ફિટ કરાવો
માત્ર રૂપિયા ૬૦૦૦/-
સાથે મેળવો ત્રણ વર્ષ માટે આપની જાહેરાતની સુવિધા
તો રાહ કોની જુઓ છો ? કરો એક કોલ અને જાણો વિગત
GPS Market
RV-04
Geo Fence
Overspeed Alarm
Mileage Statistics
5M Accuracy (95%)
ACC Ignition Detection
OTA Firmware Upgrade
Over Voltage Protection
Built In Battery 160 mA/H
Tele-Cut Off (Petrol/ Electricity)
Data In Buffer (in GPS Blind Area)
GSM Module : QUECTEL M26
GPS Module : GTOP GT-1612-UB7X
For Demo -
Go to play store
Download -
GPSMARKET
User id : demo -
password : 123456
ADMIN OFFICE: 13/96, Bethi Colony, Khatodara, Udhna Darwaja, SURAT. MO. : 7575006850

પરમકૃપાળુ શ્રી જગદીશાનંદજી (રંગબાળ)ની પ્રેરણાથી www.connectindians.inના કંપની કોડ 99999999ની તમામ આવક શ્રી રંગ અવધૂત બાપજીના નામે ચેરીટેબલ સંસ્થા ખોલી લોક કલ્યાણની પ્રવૃત્તિઓમાં વપરાશે જેની સૌએ નોંધ લઈ આ કોડ સાથે જોડાવાની અરજ કરીએ છે : ધનંજય ઝવેરી

MARKET4U (OPC) PVT. LTD. ની તમામ જિલ્લા-શહેર અને એરિયા માટે એજન્સી મેળવવા સંપર્ક કરો : 9978406257

જોજો ચૂકી જતા આ મોકો

MARKET4U (OPC) PVT LTD

ને સમગ્ર ગુજરાતના તમામ શહેરોમાં

CONNECTINDIANS

પ્લાન માટે

માત્ર રૂપિયા ૬૫૦/- ભરી જાહેરાત કરી શકે તેવા અને પોતાની મહેનત મુજબ આવક મેળવવા માગતા

૫૦૦૦થી વધુ ભાઇ- બહેનોની તાત્કાલિક જરૂર છે

આજે જ જોડાઓ અને

મોબાઈલ એન્ટી રેડીએશન ચીપ મફત મેળવો

(કુરિયર ચાર્જ ૧૦૦ રૂ. અલગથી ચૂકવવાનો રહેશે)



નિયત સમયમાં યોજના મુજબ કામ કરો અને

જીતો

MARUTI ALTO







૨૫ ઓક્ટોબર વિજ્યાદશમી (દશેરો)

(શરતો લાગુ રહેશે)

9978406257

શુ આપ MARKET4U (OPC) PVT. LTD. રજીસ્ટર્ડ કંપનીમાં માત્ર ૬૫૦/- ભરી કોઈ પણ ચીજવસ્તુ વેચ્યા વગર અન્ય મિત્રોને, કુટુંબીઓને કે કોઈપણ વ્યક્તિને આપની જેમ જ ૬૫૦/- ભરાવી MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી વાપરવાનું સમજાવી તેને આપની સાથે જોડી શકો છો તો આપ અને જોડાયેલા તમામ અન્યોને MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી સાથે જોડી ઓછા સમયમાં લાખો કમાઈ શકો છો ઉપરાંત MARKET4U (OPC) PVT. LTD.ની જાહેરાતની કોઈ પણ એક કેટેગરી વાપરી શકશો. (T.& C.Apply)

આજે જ વોટ્સ એપ નંબર ૯૯૭૮૪૦૬૨૫૭ પર આપનું નામ અને એડ્રેસ લખી મોકલો

MARKET 4U (OPC) PVT. LTD. ફ્રેન્ચાઈઝી નીમવાના છે

CEO MARKET4U (OPC) PVT. LTD., Dhananjay zaveri,
Surat - Bharuch. 7575006850 www.connectindians.in

MARKET4U (OPC) PVT. LTD. રજીસ્ટર્ડ.કંપનીને વિસ્તરણ માટે જિલ્લા અને તાલુકા દીઠ સુપર ફ્રેન્ચાઈસી (રોકાણ માત્ર ૫૫૦૦૦/- કે તેના ગુણાકમાં નફો ૧૫% ટર્નઓવરના) ફ્રેન્ચાઈસી (રોકાણ ૫૫૦૦/-કે તેના ગુણાકમાં નફો ૮% ટર્નઓવરના)
એજન્ટ : તમામ સ્થળે અને તમામ રાજ્યોમાં રોકાણ માત્ર રૂ.૬૫૦/- (T. @ C.apply)

ઓફીસ એડ્રેસ

સુરત
MARKET4U (OPC) PVT. LTD.
૧૩/૯૬ બેઠી કોલોની, એપલ હોસ્પિટલ પાસે રિલાયન્સ મોલ સામેની ગલીમાં, ઉધના દરવાજા, સુરત. ૭૫૭૫૦૦૬૮૪૭

ભરૂચ
MARKET4U (OPC) PVT. LTD.
બંગલા નંબર ૧૩, પ્રીતમ સોસાયટી વિભાગ ૧, સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયાની ગલીમાં, કસક, ભરૂચ. ૯૯૭૮૪૦૬૨૫૭

થોડી મહેનતે આપ પણ બની શકો લાખોપતિ જો આપ આટલું કરો તો જ

આપ જેની રાહ જોઈ રહ્યા હતા એ MARKET4U (OPC) PVT. LTD.નું નવું સાહસ WWW.CONNECTINDIANS.IN

MARKET4U (OPC) PVT. LTD.ના connectindians પ્લાન સાથે માત્ર રૂપિયા ૫૫૦/-ભરી જોડાઈ જાવ અને MARKET4U (OPC) PVT. LTD. વેબસાઈટની કોઈપણ એક કેટેગરી વાપરી કમાવ અઢળક આવક

(અલગ અલગ કેટેગરી માટે અલગથી જોઈનીંગ કરવાનું રહેશે.)

પોતાના સપના સાકાર કરવા આજે જ સંપર્ક કરો 9978406257

જો આપ આ માધ્યમથી કમાવા ઈચ્છો તો પણ સરળ છે માત્ર રૂપિયા ૬૫૦/- ભરી જોડાઈ જાવ અને આપના કુટુંબી કે પરિચિત મિત્રોને આપની આઈડીથી MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી વાપરવા જોડો, આપની આવક શરૂ. જેમાંથી MARKET4U (OPC) PVT. LTD. કંપની આપની આવકમાંથી TDS બાદ કરી વધેલી રકમ આપના બેંકખાતામાં NEFTથી જમા કરશે. તો રાહ શેની માત્ર ૬૫૦/- ભરો અને અન્યોને MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી સમજાવી જોડતા જાવ અને બનો ટૂંકા સમયમાં માત્ર ૬૫૦/-માં લાખોના માલીક

વેબ સાઇટ જુઓ • www.connectindians.in

ગેરેન્ટેડ ગિફ્ટ મોબાઈલ એન્ટી રેડિયેશન ચિપ

CONNECT INDIANS : MLM Plan Rs.650
INCOME ILLUSTRATION OF 1 X 10 DOWNLINES

DOWNLINE LEVEL	No. OF DOWNLINE	INCOME IN RS.	TOTAL AMOUNT IN RS.	5% TDS DEDUCTION	TOTAL AMOUNT AFTER TDS
1	10	100	1000	50	950
2	100	75	7500	375	7125
3	1000	50	50000	2500	47500
4	10000	25	250000	12500	237500
5	100000	20	2000000	100000	1900000
6	1000000	15	15000000	750000	14250000
7	10000000	10	100000000	5000000	95000000
8	100000000	5	500000000	25000000	475000000
TOTAL EARNING :					586443075

Note : This illustration is based on assumption that every Member makes 10 Downlines

લેવલ ઈન્કમ મેળવવા પહેલા લેવલમાં નીચે મુજબ જોઈનિંગ હોવું જોઈએ

૨ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૪
૩ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૮
૪ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૦
૫ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૫
૬ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૦
૭ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૫
૮ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૩૦

નોંધ :- ★ તમામ ઇનસેન્ટિવ એક વખત જ મળશે અને સેલ્સ ટારગેટ એક વર્ષના રહેશે.
★ કોઈ પણ રકમમાં ૫% ટીડીએસ કપાશે જ.

આ પ્લેટફોર્મ પર નીચે મુજબના એવોર્ડ મળશે

★ **ડાયરેક્ટરઃ** જોડાયાના એક મહિનામાં ૩૦ જોઇનિંગ લાવે તો ૧ વર્ષ માટે બને પ્રેસ પ્રતિનિધિ

★ **સિલ્વર ડાયરેક્ટરઃ** જોડાયાના ત્રણ મહિનામાં ડાયરેક્ટ ૧૦૦ જોઇનિંગ અને લેવલ ગ્રુપ ટોટલ ૧૦૦૦૦ થાય તો એક્ટીવા (શો રૂમ કિંમત) માસિક ૫૦૦/- પેટ્રોલ એલાઉન્સ, જોડાયાના એક વર્ષ સુધી

★ **ગોલ્ડ ડાયરેક્ટરઃ** જોડાયાના છ મહિનામાં ડાયરેક્ટ ૨૦૦ જોઇનીંગ અને ૧૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો અલ્ટો (શો રૂમ કિંમત) ત્યાર પછીના બાકીના મહિનામાં દર મહિને ૫૦૦૦/- પેટ્રોલ એલાઉન્સ.

★ **પ્લેટિનમ ડાયરેક્ટરઃ** જોડાયાના એક વર્ષમાં ૪૦૦ ડાયરેક્ટ જોઇનીંગ અને ૨૫૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો ૨૫૦૦૦૦૦ હાઉસ ફંડ વન ટાઈમ તથા ૫૦૦૦૦૦૦ પેંશન વન ટાઈમ

"યાદ રહે આ કોઈ ઇન્વેસ્ટમેન્ટ પ્લાન નથી, અન્યોને જોડશો તો જ કમાશો."

જોડાવા માટે અમારા ફોન પે, પેટીએમ, ગુગલ પે નંબર ૯૮૨૫૩૧૮૨૨૫ માં રૂપિયા ૬૫૦/-અને જોઈનિંગ ગિફ્ટ મોબાઈલ એન્ટીરેડીએશન ચિપના કુરિયર ચાર્જ સાથે ટ્રાન્સફર કરો. ટ્રાન્ઝેક્શનનો ફોટો ૭૫૭૪૮૮૮૮૬૧ પર મોકલો તુરંત વધુમાં વધુ ત્રણ કલાકમાં આપના વોટ્સએપમાં જોઈનિંગ પીન આવી જશે. ત્યારબાદ **www.connectindians.in** વેબસાઈટ ખોલી મેનુમાં જઈ રજીસ્ટ્રેશન ખોલી સ્પોન્સર આઈડી **99999999 Dhananjay** આવશે તેની નીચે તમામ વિગતો ભરી સબમિટ કરો અને આપ જોડાઈ ગયાનો મેસેજ આવશે જેમાં આપનો આઈ ડી પાસવર્ડ આવશે જે સાચવી રાખવો.

"અન્ય ને પણ આજ રીતે MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી વાપરવા જોડો. ફક્ત જેતે સમયે બાય ડિફોલ્ટ આવેલા મારા આઈડી ૯૯૯૯૯૯૯૯૯ ને ડીલીટ કરી આપનો આઈડી લખો ને ડિટેલ ભરી સબમિટ કરાવો

મિત્રો આટલી આવક સરળતાથી ક્યાંય નહિ મળે www.connectindians.in

જે વ્યક્તિનું ફોર્મ ભર્યું હશે એ આપની નીચે ડાઉન લાઈન બની ગયો, બસ આટલું કરી અન્યોને એજ શીખવો અને આપ મેળવશો લેવલ પ્રમાણે અઢળક કમાણી.

આજે જ ૯૮૨૫૩૧૮૨૨૫ ના પેટીએમ ફોનપે કે ગૂગલ પે માં માત્ર ૬૫૦/-ભરો જેમાં ગિફ્ટ નો કુરિયર ચાર્જ આવી ગયો તો આજે જ આપની આવકનો શુભારંભ કરો

વધુ વિગત માટે કોલ કરો :

CEO MARKET4U, DHANANJAY ZAVERI, 9978406257

(સમય સવારે ૧૦ થી ૬ વાગ્યા સુધી જ)